

# ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન

લેખક: પ્રતાપ જેઠાલાલ કોન્ટ્રાક્ટર

SBG12

# ઇસુ ખ્રિસ્તનું પુનરાગમન

કિંમત : ચાર રૂપિયા ]  [ ઈ. સ. ૧૯૮૬

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખક

પ્રતાપ જેઠાલાલ કોન્ટ્રાક્ટર

'ગુલછડી,' ક્રિશ્ચિયન હિલ,
મણીનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮

હલવાનના લગ્નનો દિવસ આવ્યો છે, અને તેથી કન્યાએ પોતાને તૈયાર કરી છે. તેને તેજસ્વી, સ્વચ્છ તથા બારીક શણનું વસ્ત્ર પહેરવા દીધું છે. તે બારીક શણનું વસ્ત્ર તે સંતોના ન્યાયી કૃત્યો રૂપ છે...... (પ્રકટી. ૧૯:૭-૮)

આત્મા તથા કન્યા બન્ને કહે છે કે આવ. જે સાંભળે છે તે એમ કહે છે કે આવ; અને જે તરસ્યો હોય તે આવે, જે ચાહે તે જીવનનું પાણી મફત લે...... (પ્રકટી. ૨૨:૧૭)

હું થોડીવારમાં આવું છું. આમેન...... હે પ્રભુ ઈસુ આવ... (પ્રકટી. ૨૨:૨૦)

ઓ મારા પ્રીતમ, ઉતાવળ કર... (ગી. ગી. ૮:૧૪)

દેખો દેખો કોઈ આ રહા હૈ,
કૈસા જલવા, મસીહ આ રહા હૈ;
આંખે અપની ઉઠાકર તો દેખો,
કૈસી શાનસે મસીહ આ રહા હૈ.

# પહેલાં આટલું વાંચો

સારાં અને ઉત્તમ કોટીનાં પુસ્તકો મનુષ્ય જીવનના સુધારા અને ઉત્તેજન માટે હોય છે. સર્વ પુસ્તકો અને ધર્મગ્રંથોમાં બાઇબલ સર્વ શ્રેષ્ઠ અને અજોડ છે. કેમ કે એ પુસ્તકનો પ્રણેતા દેવ પોતે છે. બાઇબલ, અતથી ઇતિ સુધી દેવ અને માણસ વચ્ચેના સંબંધ અને વ્યવહાર દર્શાવતો એક અનેરો ઇતિહાસ છે. દેવનો પ્રેમ માણસજાત માટે કેવો અગાધ અને કાર્ય સાધક છે તે પ્રદર્શિત કરે છે. દેવના પ્રબંધો અને યોજનાની તવારીખો અને સિદ્ધ હકીકતો તેમાં સ્પષ્ટ કંડારેલી છે.

એ મુજબ જ દેવની અદ્‌ભુત યોજના પ્રમાણે દેવપુત્ર ઈસુ ખ્રિસ્તનું જગતમાં આવવું એ અજોડ અને અદ્વિતીય છે: અજાયબ ભરી રીતે તેનો જન્મ થયો. તેના ઉછેર અને જુવાનીમાં આજ્ઞાધીનપણામાં રહેવું તથા અન્ય બાબતે મૌન દર્શાવ્યું છે તે પણ પ્રેરણા દાયક છે. તેની આધ્યાત્મિક અને સુવાર્તિક પ્રવૃત્તિ બહુ હેરત પમાડે તેવી છે. તેની સેવાઓ અદ્વિતીય છે. તેના મનનીય અને જીવનની વ્યવહારિકતામાં ઉપયોગી બને તેવા ઉપદેશો–તેણે કહેલાં ૩૩ જેટલાં દૃષ્ટાંતો, કેવાં સાદાં પણ સચોટ છે. તેણે આપેલી અંગત મુલાકાતો અને સંપર્કો એવી ૧૯ વ્યક્તિઓ સાથેના વચનોના વ્યવહારમાં તે સફળ અને કામયાબ રહેલો. જનસમૂહની સેવાઓમાં રહીને કરેલા ૩૫ ચમત્કારો, તેમના સાજાપણા અને કલ્યાણના કેવા શ્રેષ્ઠ નમૂના બની રહ્યા છે. વળી આ તો માત્ર શાસ્ત્રમાં નોંધાયાની જ વિગત છે. તે ઉપરાંત તેના જીવનની પળેપળ ઉત્તમ આદર્શ અને અચૂક હતી.

# IV

તેનું સ્વાર્પણ–બલિદાન અને વધસ્તંભ પરના મરણની આસપાસની ઘટનાઓ કેવી ભાવનામય અને ચોક્કસ હતી. એ સર્વ માનવીના જીવનને સોંસરી સ્પર્શે તેવી છે. તેનું મરણમાંથી પાછા ઊઠવું, તેણે આપેલાં દર્શન અને પ્રત્યક્ષતા – તેનું સ્વર્ગારોહણ એ સર્વ બાબતો અતિશય પ્રેરણાદાયક અને બહુ જરૂરની છે. એ સર્વ હકીકતો ઇતિહાસના પાને કોતરાઈ ગયેલી સત્ય ઘટનાઓ બની રહી છે. એ બધી બાબતે કોઈ બે મત કે વિરોધ નથી જ. તે તો ઘરેણામાં હીરા–મોતી જેમ ચારે દિશ ચમકારા મારે છે. લોકોને આકર્ષે છે; પોતા તરફ ખેંચે છે. એ અવિરત પ્રવાહ ચાલુ જ રહ્યો છે; અને ચાલુ જ રહેશે.

પરંતુ હવે એ ખ્રિસ્તની મંડળી–કન્યા, તેને અપાયેલી ધન્ય ઘડીની આશા, જે પ્રભુ ઈસુના પુનરાગમનની છે. જેની હવે કન્યા –મંડળી આતુરતાથી વાટ જોઈ રહી છે. પોતાના પ્રીતમને મળવાની તાલાવેલીમાં, જગતનાં વાનાંઓ પ્રત્યે બેચેન બની રહી છે. એ ધન્ય ઘડીની આશા કયારે, કેવી રીતે, કયાં ફળીભૂત થશે; એ સર્વ વિગતો આ છેલ્લા અને અંતના દિવસોમાં વિશેષ અગત્યની અને અનિવાર્ય છે.

"હું તમને એક રહસ્ય કહું છું... છેલ્લું રણશિંગડું વાગતાં જ... આપણું રૂપાંતર થશે... માટે પ્રભુના કામમા સદા મચ્યા રહો. કેમ કે તમારું કામ પ્રભુમાં નિરર્થક નથી; એ તમે જાણો છો." (૧ કરંથી. ૧૫ : ૫૨–૫૮)

"આપણે એકબીજાને ઉત્તેજન આપીએ; અને જેમ જેમ તમે તે દહાડો પાસે આવતો જુઓ, તેમ તેમ વિશેષ પ્રયત્ન કરો." (હેબ્રી. ૧૦ : ૨૫)

"ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળામાં તણાઈ જઈશું; અને એમ સદા પ્રભુની સાથે રહીશું. તો એ વચનોથી એકબીજાને ઉત્તેજન આપો." (૧ થેસા. ૪ : ૧૭–૧૮)

ઉપરોક્ત વચનો દ્વારા સંત પાઉલ એની કેવી આતુરતાથી આપણને ચેતવણી આપે છે. આ બાબત કેટલી વિશેષ અગત્યની અને મહત્ત્વની છે તે બાબતે આપણને જાગૃત કરે છે.

છતાં આ વિષે આજે પણ ઘણાક ખ્રિસ્તી સમાજમાં ગાફેલ-પણું અને આ વિષયો પ્રત્યે શુષ્કતા દેખાય છે. હવે પછી બનનારાં અદ્દભુત સત્યો અને પડદા પાછળનાં જે રહસ્યો જે ખુલ્લાં થનારાં છે તે વિષે પ્રત્યેક વ્યક્તિ જાણકાર અને વાકેફ થવી જ જોઈએ. કેમ કે ત્યારે જ માનવીને એ આવનાર બાબતો પ્રત્યે સાવધ બનીને તૈયાર થવાનું ઉત્તેજન મળે.

પણ કહ્યા વગર કોણ સાંભળશે? બતાવ્યા વગર કોણ જોઈ શકે? અને સર્વ વાતો પ્રગટ કરાયા વગર કોણ જાણશે?

માટે મેં પ્રભુના સેવકોના મુખે જે સાંભળ્યું, દેવના વચનો-માંથી અને બીજાં પુસ્તકોમાં જે કંઈ વાંચ્યું; મેં જે જાણવા અને સમજવા પ્રયત્ન કર્યા અને મારા પ્રભુએ તેની કૃપા દ્વારા જે બતાવ્યું અને શિખવ્યું; તે બીજાઓ આગળ પ્રગટ કરવાનું યોગ્ય માન્યું.

વળી ગુજરાતી ભાષામાં ખ્રિસ્તી ધાર્મિક સાહિત્ય બહુ ઓછું છે. તેમાંય પ્રભુ ઈસુના પુનરાગમન અને અંતના સમયોમાં બનનારી બાબતો વિષેના સાહિત્યની બહુ જ ખોટ છે.

વળી બાઇબલ તો અનેક રત્નોનો અદ્દભુત ભંડાર છે. તેમાંથી આ હીરા–મોતી વીણી ભેગાં કરવાં ઘણાંને મન અઘરાં લાગે. માટે

આ નાનું પુસ્તક લખવાનો મેં પ્રયત્ન કર્યો છે. મારી ઊંડે અંતરની ઇચ્છા એ જ છે કે આ પુસ્તક દ્વારા વાચકોનાં મન અને હૃદય તેમાંની વાતો તરફ ઢળે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ગૌરવી બને– પવિત્રશાસ્ત્રમાંની આ વાતો શોધીને તેઓ ઈસુ રાજાના રાજ્યના ભાગીદાર બને. અને એમ થવામાં મારો પ્રભુ ઈસુ વાચકોના ઉપર પ્રેરણા અને આશીર્વાદના ઢગલા કરી દે; એવી મારી અંતરની પ્રાર્થના સાથે સાદર કરું છું.

આ ભવિષ્ય વચનો જે વાંચે છે, જેઓ સાંભળે છે, અને પાળે છે, તેઓને ધન્ય છે. (પ્રકટી. ૧ : ૩)

જૂન ૧૯૮૫, ન્યુયોર્ક

પ્ર. જે. કોન્ટ્રાકટર

# અ ર્પ ણ

જે આલ્ફા તથા ઓમેગા – આદિ તથા અંત – પ્રથમ તથા છેલ્લો; જે હતો, જે છે, અને જે આવનાર છે; એવા અનાદિ અનંત રાજાઓના રાજા – પ્રભુઓના પ્રભુ અને દેવોના દેવ; પ્રભુ ઈસુ ખ્રિસ્તને કોટીવાર વંદન કરતાં, તેના ચરણોમાં આ પૂજાનું પુષ્પ ભેટ ધરું છું.........

અને પ્રિય વાચકો, મિત્રો, મહિમાવાન રાજાને ગૌરવ આપતાં નાચે કૂદે એ માટે આ પુસ્તક તેમના હાથોમાં મૂકું છું.

તમારો,
પ્રતાપ કોન્ટ્રાકટર

# વિષયક્રમ


પહેલાં આટલું વાંચો

અર્પણ

| | | |
|---|---|---|
| ૧. | યુગો અને યોજના | ૧ |
| ૨. | ઈસુ ખ્રિસ્તનું સ્વર્ગારોહણ શા માટે હતું ? | ૫ |
| ૩. | પચાસમો દિવસ | ૯ |
| ૪. | મળવાને તૈયાર થાવ | ૧૩ |
| ૫. | ધન્ય આશા | ૧૮ |
| ૬. | અંતકાળની નિશાનીઓ | ૨૩ |
| ૭. | ઈસુ ખ્રિસ્તના આગમન વિષે | ૩૪ |
| ૮. | મહા મોટો દિવસ | ૩૮ |
| ૯. | પુનરૂત્થાન | ૬૨ |
| ૧૦. | ખ્રિસ્તનું પૃથ્વી પર આગમન | ૬૬ |
| ૧૧. | અજાયબ બનાવો | ૮૪ |
| ૧૨. | હજાર વર્ષ પૂરાં થયાં | ૯૬ |

પ્રકરણ ૧

# યુગો અને યોજના

આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં અને પૃથ્વી અસ્તવ્યસ્ત તથા ખાલી હતી. (ઉત્પ. ૧ : ૧-૨) અહીં બે શક્તિના દર્શન થાય છે. : એક સર્જક શક્તિ અને બીજી વિનાશક શક્તિ. આદિથી જ આ બંને શક્તિના સંઘર્ષ દેખાય છે.

દેવની સર્જક શક્તિ છે. તેની સત્તાના પાયા સર્જન, સત્ય, પવિત્રતા અને પ્રેમ ઉપર રચાયેલા છે. તેની સત્તા મહાન - ગૌરવી અને અનાદિ અનંત છે. દેવ, આકાશ - સ્વર્ગ અને પૃથ્વીનો પ્રભુ અને રાજા છે.

દાનવ - શેતાન વિનાશક છે. તેની સત્તા, નાશ - પાપ - વેદના અને મરણના ખાડામાં બંધાયેલી છે. તે માત્ર આ જગતનો જ અધિપતિ છે. દેવની હરીફાઈમાં ઊતરેલો દાનવ પોતાને દેવ સમાન બનાવવા મથી રહ્યો છે. ત્યારે તેનું લક્ષ માનવજાત પર જ છે; કારણ કે માનવજાત એ જ દેવની સર્વશ્રેષ્ઠ કૃતિ છે. માનવમાં જ દેવનાં સ્વરૂપ અને પ્રતિમા અંકિત છે. માનવી દ્વારા જ દેવ મહિમાવાન થવા ઇચ્છે છે. એટલે જ દેવ અને માણસ વચ્ચે શેતાન તેની કુયુક્તિઓ દ્વારા અંતર પાડે છે. માણસને પોતાની પાસે રાખવા તેનાથી બનતું બધું જ તે કરે છે. એમ દેવે બનાવેલું માણસ પાપમાં પડયું.

દેવ માણસના નાશમાં કદી રાજી નહોતો અને નથી. તેના મનોરથ અને ઇરાદા માણસને બચાવવાના જ હતા અને છે. એટલે જ,

આદમ અને હવાની નગ્નતા ઢાંકવા દેવે હલવાનોનાં બલિદાન કરીને તેનાં ચામડાનાં વસ્ત્ર બનાવ્યાં અને પહેરાવ્યાં......

જગતનો નાશ જળપ્રલયથી થયો ત્યારે દેવની મરજી અને ઇચ્છા એ જ હતી કે પાપી પેઢીનો નાશ થાય અને એક જ ન્યાયી, સીધો અને દેવને અનુરૂપ એવા માણસ નુહના કુટુંબ દ્વારા નવી ઉત્પત્તિ થાય એ દેવનો ઇરાદો હતો ..

બાબેલનો બુરજ બાંધતા વેરવિખેર થયેલી પ્રજા દેવને ભૂલી ગયેલ; ત્યારે ખાલદીઓના ઉર દેશમાંથી એક માણસ ઈબ્રામને પસંદ કરવામાં દેવનો શો હેતુ હતો ? અને તે વળી ઇબ્રામ ૭૫ વર્ષનો અને સારાય ૬૬ વર્ષની અને પાછાં તે વાંઝીયા હતાં. દેવના ઇરાદા અગમ્ય હોય છે. ઈબ્રામને તેના વતન – ઘર – કુટુંબમાંથી ઉપાડીને વચનના નવા દેશમાં વસાવી, નવી જ પસંદ કરાયેલી – આશીર્વાદિત પ્રજા ઉત્પન્ન કરવા ઇચ્છતો હતો. જેથી આ પ્રજા તેની બને. આ માટે જ દેવે, સારાહને ઘડપણમાં ૯૦ વર્ષે દીકરો આપ્યો. તેનું નામ ઇસ્હાક હતું... દેવે ઈશ્માએલના જન્મને અનુમતિ આપી નહિ; કારણ કે તે મનુષ્યના ઇરાદા અને મસલત મુજબનો દીકરો હતો... ઈબ્રાહીમની પસંદગી એ દેવની મહાન યોજના હતી.

યુસફના ભાઈઓએ તેને વેચી દીધો યુસફ એકલો – અટુલો, પરદેશમાં ચાકર થયો. ઊગતી જુવાનીમાં કોની રોકટોક તેમ જ કયા હેતુ માટે ? પાપમાં પડીને યુસફને કશાં જ વાનાંની કમી રહેત નહિ. પણ પોતાનું લૂગડુંય નાખી દઈને તે પાપથી દૂર નાસી ગયો. કેદખાનામાં ગયો. શા માટે ? કેમ કે દેવ, યુસફ સાથે હતો. એટલે જ

સમય જતાં યુસફ મિસર દેશનો મુખ્ય અધિપતિ બન્યો. એ કેમ બન્યું? એ દેવની યોજના હતી કે કનાન દેશના દુકાળમાંથી બચાવવા, યાકુબ તથા આખા કુટુંબનો યુસફ આધાર બને. (ઉત્પ. ૪૫ : ૮)

મુસાના જન્મ અને નદીમાંથી તેના બચાવની વાર્તા એ શું કોઈ પરીકથા હતી? હેબ્રો દાયણોનાં મન કૂણાં કરનાર કોણ હતું? ઈસ્રાએલી પ્રજાના કટ્ટર વિરોધી રાજાની જ કુંવરીને મુસાના ઉછેર માટે પસંદ કરી એ શું અજાયબ નથી? એ તો સર્વ દેવના મનોરથ હતા; કે ગુલામીમાં ફસાયેલી પ્રજાનો ઉગારનાર – છોડાવનાર આગેવાન મુસા બને.

રૂથ મોઆબણને કયું બંધન હતું? પતિ મરી ગયો. સાસુએ જવાની છૂટ આપી, છતાં રૂથને કોણ ખેંચી લાવ્યું? કઈ આશા તેણે જોઈ? દેવનો ઇરાદો રૂથ માટે એ હતો કે જે કુળમાં ઈસુ જન્મવાનો હતો, તેની એ એક જનેતા બને. ઈસ્રાએલમાં આવીને તે બોઆઝની સ્ત્રી બની.

એસ્તેર એક તદ્દન સામાન્ય અને ગુલામ થઈને આવેલી છોકરી તેને વળી રાણીપદ પ્રાપ્ત થાય એ કેવું આશ્ચર્ય કહેવાય! કોણ માની શકે? પણ એ સત્ય ઐતિહાસિક ઘટના હતી. ઈસ્રાએલી પ્રજાને મૃત્યુના મ્હોમાંથી ઉગારવાનું મહાન સુખ અને આનંદ એસ્તેરના ફાળે દેવે રાખી મૂક્યાં હતાં. (એસ્તેર ૪ : ૧૩–૧૪) તેથી તો ૧૨૭ પ્રાંતો પર રાજ કરનાર અહાશ્વેરોશ રાજાની ઊંઘ હરામ થઈ. (એસ્તેર ૬ : ૧)

"યિશાઈના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે...... તેની એક ડાળીને ફળ આવશે." (યશા. ૧૧ : ૧.) યિશાઈના આઠ દીકરાઓમાંથી સૌથી નાના દાઉદને જ રાજા થવા પસંદગી કેવી રીતે મળી? એ પસંદગી તો ઉપરથી દેવની હતી, એટલા માટે કે "આજ દાઉદના શહેરમાં

દાઉદના કુળમાં તમારે સારૂ એક તારનાર એટલે ખ્રિસ્ત ઈસુ જન્મ્યો છે." તારનાર ઈસુ ખ્રિસ્તના આવવાની એ યોજતા હતી. "તે તારૂં (શેતાનનું) માથું છૂંદશે અને તું તેની એડી છૂંદશે." (ઉત્પત્તિ ૩ : ૧૫)

આ કારણથી જ ઈસુ ખ્રિસ્ત આ પૃથ્વી પર ન આવી શકે માટે શેતાને અનેક પેંતરા અને જે પ્રજામાં અને કુળમાં તે જન્મવાનો હતો તેની નાબૂદી માટે શેતાન મથતો જ રહ્યો. પુરાતન કાળોથી અનેકવિધ રીતે આવા હુમલાઓમાં ઈસ્રાએલી પ્રજા, કાળના કોળિયા બનતી જ રહી. તેમ છતાં દેવના ઇરાદા પ્રમાણે તેનો બચાવ પણ અદ્ભુત રીતે થતો ગયો.

ઈસુ ખ્રિસ્તના જન્મથી જ શેતાને તેને ખતમ કરવાને ધાર્યું. કારણ કે તે જાણતો હતો કે ઈસુ પણ પરાક્રમી હોવાથી અને તેની સત્યતા અને પવિત્રાઈ વડે તે તેનું માથું છૂંદશે. પણ શેતાનની મુરાદોને દેવે મચક આપી નથી. તેની સ્તુતિ થાઓ......

પવિત્રશાસ્ત્ર – બાઇબલ, પ્રભુ પરમેશ્વરની યોજનાનું જ પુસ્તક છે. દેવની એક જ ઇચ્છા છે કે "યહોવાહની નજર આખી પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે, જેથી જેઓનું અંતઃકરણ તેની તરફ સંપૂર્ણ છે, તેઓને સહાય કરીને પોતે બળવાન છે એમ દેખાડી આપે." (૨ કાળ. ૧૬ : ૯.)

એ મુજબ જ "દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનીત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ અનંતજીવન પામે." (યોહાન ૩ : ૧૬)

મરીયમ કુંવારીથી તે જન્મ્યો; કેમ કે તે નિર્દોષ – નિષ્કલંક અને નિરંજન હતો. તે વિચાર – વાણી – વર્તનથી મનુષ્ય માત્રનું

ભલું અને કલ્યાણ જ કરતો રહ્યો. પણ જગતે તેનો અંગીકાર કર્યો નહિ...

જગતે તેને વધસ્થંભે જડયો. તે અપરાધીઓમાં ગણાયો. મરણ પામતા સુધી તે ખાલી થયો. કેમ કે માનવ જાતનાં પાપ તેણે પોતાના માથે લીધાં અને અપરાધીઓને સારૂ મધ્યસ્થ બન્યો.

તે મરાયો, દટાયો; પણ જીવનના અધિકારીને કબર ઢાંકી શકી નહીં. તે ત્રીજે દિવસ પાછો ઊઠયો. ચાળીસ દિવસ સુધી તેણે પોતાના શિષ્યો, સબંધીઓ તથા અન્ય સંખ્યાબંધ માણસોને પોતાના પુનરૂત્થાનની ખાતરીની સાક્ષી અને દર્શન આપતો રહ્યો. પ્રભુ ઈસુ ઊઠયો છે. તે જીવિત છે. તે પ્રભુ છે.

✖

## પ્રકરણ ૨

# ઈસુ ખ્રિસ્તનું સ્વર્ગારોહણ શા માટે હતું ?

ઈસુ ખ્રિસ્ત વધસ્થંભ પર મારી નંખાયો; અને તે પણ ક્રૂર રીતે, ગુનેગારના મોતે. તેથી શિષ્યો ખરે જ નાહિંમત અને નંખાઈ ગયા હતા. બીક અને ગભરાટે ઘેરી લીધા હતાઃ તેમનામાં હોશ રહ્યા નહોતા.

પરંતુ ત્રીજે દિવસે ઈસુના ઉત્થાન અને જીવિત થયાનાં દર્શન પછી શિષ્યોમાં થોડીક હૈયાધારણ આવી. અવારનવાર ઘણાંઓને દર્શન અને ખાતરી થઈ તેથી હિંમત પાછી આવી.

પણ હવે ૪૦ મા દિવસે જૈતુન પહાડ ઉપરથી શિષ્યગણની વચ્ચમાંથી વાતો કરતાં કરતાં ઈસુનું સ્વર્ગારોહણ થયું. શિષ્યો એકીટસે ઈસુને આકાશમાં ચઢતો જોઈ રહ્યા. ત્યારે વળી પાછા શિષ્યો હેબતાઈ ગયા. આ આખી પરિસ્થિતિ અને પ્રસંગ બહુ નાજુક હતો......કેમ કે,

- ઈસુ ખ્રિસ્તની હયાતીમાં જ શિષ્યો નિર્બળ હતા જ-(લુક ૯ : ૪૫, ૪૬, ૪૯, ૫૪ ; ૨૨ : ૪૫)
- યહૂદીઓ ખ્રિસ્તને માનતા નહોતા. તેના પુનરૂત્થાનને તેઓ જૂઠું ઠરાવતા હતા. (માર્ક ૬:૩; લુક ૨૩:૧૪; માત્થી ૨૭:૬૪; ૨૮:૧૩) આ મોટો સંઘર્ષ હતો.
- શિષ્યો પોતે પણ ઈસુના ઉત્થાન બાબતે સંદેહમાં હતા. (માત્થી ૨૮:૧૭; માર્ક ૧૬:૧૪)
- જે ધર્મ ખ્રિસ્તે શિખવ્યો, તે સુવાર્તાનું શિષ્યોને સ્પષ્ટ માર્ગ-દર્શન પણ નહોતું. (યોહાન ૧૪:૫, ૮; પ્રે. કૃ. ૧:૬) વળી કોઈ દોરનાર હતું નહિ.

આવી સ્થિતિમાં ખ્રિસ્તનું ત્યાં જગત પર રહેવું કેટલું વિશેષ જરૂરનું હતું ! ખ્રિસ્તે આરંભેલા સઘળા કાર્યની જવાબદારી તેના જ શિર હતી. પણ તે પોતે શિષ્યોથી અને જગત પરથી જવાનું પસંદ કરે છે; ત્યારે તે કાંઈ પોતાના બલિદાન અને કાર્યનો નાશ થાય તેમ ઇચ્છતો નહોતો જ, એમ હોત તો તેનું કાર્ય અને બલિદાન જગત માટે નિરર્થક ગણાત, પણ જ્યારે તે પોતે જવાનું પસંદ કરે છે, ત્યારે તે લાભકારક હતું જ. તેથી તો તેણે અગાઉથી કહ્યું હતું, "જો તમે મારા પર પ્રેમ રાખતા હોત તો હું બાપની પાસે જાઉં છું, એથી તમને આનંદ થાત" (યોહાન ૧૪:૨૮) એ મુજબ ઈસુનું સ્વર્ગારોહણ લાભકારક હતું જ......કેમ કે,

૧. માનવજાત માટેનું પ્રાયશ્ચિત દેવ બાપ આગળ રજૂ કરવા ઈસુનું જવું જરૂરી હતું. પ્રમુખ્ય યાજક પ્રાયશ્ચિતનુ' રક્ત લઈને પરમ પવિત્ર સ્થાનમાં જતો હતો. ધૂપ બાળતો, રક્ત છાંટતો, તેના આ સર્વ કાર્યની ખબર લોકોને તેના ઝભ્ભાની ઘૂઘરીઓના રણકારથી પડતી હતી (લેવીય ૧૬)

ખ્રિસ્ત પણ બાપની પાસે પરમ પવિત્ર સ્થાનમાં ગયો. (હેબ્રી. ૯:૧૨) જો આપણાં હૃદયો અને કાન પરમ પવિત્ર સ્થાન ભણી ખુલ્લાં હોય તો ખ્રિસ્તનાં કાર્ય અને મહિમાનો રણકાર સાંભળી શકીએ. (૧ યોહાન ૨:૨; પ્રકટી. ૧:૧૩–૧૬; ૫:૯)

૨. પવિત્ર આત્મા મોકલવા માટે–(યોહાન ૧૬:૭) ઈબ્રાહીમે પોતાના દીકરા ઈસ્હાક માટે વહુ–કન્યા પસંદ કરવા અને તેડી લાવવા તેના ચાકરને મોકલ્યો હતો. (ઉત્પત્તિ ૨૪) પવિત્ર આત્માને મોકલવાની એ જ માટે જરૂર હતી. સંબોધક–સત્યનો આત્મા, ખ્રિસ્તી વ્યક્તિને–સમાજને દેવનાં સત્યોમાં દોરે અને સઘળાં મર્મો શિખવે. ખ્રિસ્તી જીવનને બળવાન અને પરાક્રમી બનાવે. એમ ખ્રિસ્તી મંડળી–કન્યાને તૈયાર કરીને, વરરાજા ઇસુ ખ્રિસ્ત આવે ત્યારે, તેને મહિમાવંતી સોંપણી કરે. આ કાર્ય કેટલું અગત્યનું હતું.

૩. આપણા માટે મધ્યસ્થી કરવા–(રૂમી. ૮:૩૪; હેબ્રી. ૭:૨૫; ૧ યોહાન ૨:૧) તે દેવબાપ આગળ આપણા માટે વિનંતીઓ કરે છે. (યોહાન ૧૭:૯) તે આપણા ઉપર અસહ્ય એવું પરીક્ષણ આવવા દેતો નથી, ને આપણે માટે ચિંતા રાખી, તકેદારી રાખે છે. (૧ કરંથી. ૧૦:૧૩; અયુબ ૧:૧૨)

ઠોકર ખાતાં બચાવવા અને પોતાના ગૌરવ સમક્ષ આપણને પરમ આનંદ સહિત, નિર્દોષ રજૂ કરવાને સમર્થ એવો તે આપણો વકીલ મધ્યસ્થ છે. (યહુદા ૨૪)

૪. આપણા માટે ઘર તૈયાર કરવા તેણે જવું જોઈએ. (યોહાન ૧૪:૨) તે આપણા માટે તેની કન્યા ખ્રિસ્તી મંડળી માટે ઘર તૈયાર કરવા સ્વર્ગમાં ગયો. આ સ્વર્ગીય ઘર યોહાને સંદર્શનમાં જોયું. (પ્રકટી. ૨૧:૧૦) અને આપણને તે જણાવ્યું છે. આવું ભવ્ય રહેઠાણ-મકાન, ઈસુ ખ્રિસ્ત આપણને આપે તે પહેલાં આપણું ઘર–જીવન–શરીર, તેને સ્વાર્પણ કરવું એ અતિ જરૂરતું છે. (રૂમી. ૧૨:૧; યોહાન ૧૪:૨૩)

૫. આપણી શાંતિ માટે સ્વર્ગારોહણ આવશ્યક હતું. (યોહાન ૧૪:૨૭) જગતમાં જે શાંતિ ક્યાંય ન મળે, તેવી પરમશાંતિ જે સર્વ સમજણ શક્તિ બહારની છે તે આપીને જ ઈસુ જવાનો હતો. આ શાંતિ આપણાં હૃદય અને વિચારોને દેવની ગમ વાળે છે. (ફીલીપી. ૪:૭)

૬. સ્વર્ગારોહણ એ પુનરાગમન માટે જ હતું. જો ઉત્થાન પામેલો ખ્રિસ્ત ઈસુ, સ્વર્ગમાં બાપ પાસે ચઢી ન જાય તો ઉપરોક્ત આપણા માટે તેણે કરવાનાં કામો અધૂરાં જ રહે. માટે તેણે જવું અનિવાર્ય હતું. વળી જો તે જાય તો જ પાછો આવે. તેથી જ એ ધન્ય ઘડીની આશામાં જીવન મલકાતું અને વાટ જોતાં જોતાં તેને મળવાની બધી જ તૈયારી કરવામાં મશગૂલ રહે.

ઈસુ ખ્રિસ્તનું સ્વર્ગારોહણ એ કેવો અદ્દભુત બનાવ છે. આકાશમાં ખેંચાઈ–તણાઈ–ચઢી જવું એ કેવી હેરત પમાડનાર કલ્પના છે! ત્યારે આ તો કલ્પના નહિ પણ પ્રત્યક્ષતા છે. આવા ગૌરવી અને બહુ લાભદાયી બનાવને ખ્રિસ્તી સમાજે કેમ વિસારી મૂક્યો હશે?

કષ્ટમય સપ્તાહ અને ઈસ્ટરનો રવિવાર ઉજવીને પતાવીએ છીએ. પરંતુ સ્વર્ગારોહણને યાદ કરતા નથી. બલ્કે એ દિવસ ક્યારે અને ક્યા દિવસે આવે છે તે પણ મોટા ભાગના ખ્રિસ્તીઓ જાણતાં નથી. ખ્રિસ્તી મંડળીના ઘણા પાળકો–ઉપદેશકો ઈસુના ઉત્થાન સુધી આવીને અટકી જાય છે. પરંતુ જે વિશેષ અગત્યના મર્મો અને

આવનારાં–બનનારાં સત્યો વિષે ભાગ્યે જ ઉપદેશો કરે છે. તેથી મંડળી પણ આવનાર મહાન સત્યો અને બનાવો વિષે અજાણ હોય છે. દૂધથી જ પોષણ અપાય છે. ભારે ખોરાક પૌષ્ટિક જીવનની રોટલી–માન્ના, અપાતાં નથી. (હેબ્રી. ૫:૧૨)

શું સંત પાઉલની ટકોર વ્યાજબી નથી? કે "એ માટે, ખ્રિસ્ત વિષેનાં મૂળતત્ત્વોનો ઉપદેશ પડતો મૂકીને આપણે સંપૂર્ણતા સુધી આગળ વધીએ." (હેબ્રી. ૬:૧)

આજનો ખ્રિસ્તી સમાજ સામાન્ય રીતે પવિત્રશાસ્ત્ર–બાઇબલના જ્ઞાનમાં, એમ્માઉસ જતા બે શિષ્યોના જેવો જ છે. ઈસુએ તેમને કહ્યું "ઓ અણસમજુઓ તથા પ્રબોધકોએ જે કહ્યું છે, તે સર્વ પર વિશ્વાસ કરવામાં મંદ બુદ્ધિનાઓ!" (લુક ૨૪:૨૫) એ જ ઈસુ પ્રકટીકરણ દ્વારા યોહાનને જણાવે છે કે, "આ ભવિષ્યવચનો જે વાંચે છે, ને જેઓ સાંભળે તે, અને એમાં જે લખેલું છે તે પાળે છે, તેઓને ધન્ય છે" (પ્રકટી. ૧:૩) કેમ કે સમય પાસે છે.

## પ્રકરણ ૩

# પચાસમો દિવસ

સર્વશક્તિમાન પરમેશ્વર પિતાએ આકાશ તથા પૃથ્વી અને સર્વસ્વ ઉત્પન્ન કર્યાં. તેના ઉપભોગ અને વહીવટ, પોતાના જ હાથે ઘડેલા માનવીના હાથમાં સોંપ્યા. પણ માણસ પતિત થયું. કોઈપણ ઉપાયથી તે પોતે પાપથી પાછું ફરી શકે તેમ હતું જ નહિ; ત્યારે

સમયોની સંપૂર્ણતા પ્રમાણે દેવપુત્રને જગત પર આવવું પડ્યું. તેનું નામ ઈસુ અપાયું. કારણ કે માણસને પાપથી તારનાર–છોડાવનાર એ જ હતો. તેણે જગત પરના ટૂંકા જીવનમાં વધસ્થંભ પરના પોતાના બલિદાન દ્વારા માણસના તારણનું કાર્ય સંપૂર્ણ કર્યું. તે દટાયો. ત્રીજે દિવસે જીવિત થયો. શિષ્યોને તેમ જ અન્યને જીવિતપણાની ખાતરી કરાવી, અને ચાળીસમા દિવસે સ્વર્ગારોહણ થયો.

હવે આ સિદ્ધ કરેલા તારણના કાર્યને માણસોમાં કામયાબ બનાવવા, ત્રીજી શક્તિની જરૂર હતી. દેવના ત્રીએકપણાની આ ત્રીજી શક્તિ–વ્યક્તિ તે 'પવિત્ર આત્મા' હતી. તેથી ઈસુએ કહેલું કે હું જઈને બાપને વિનંતી કરીશ અને તે બીજો સંબોધક–સત્યનો આત્મા તમારી સાથે સદા રહેવાને આપશે. (યોહાન ૧૪ : ૧૬) એ વચન મુજબ "તમે વાટ જોતા રહેજો" (લુક ૨૪ : ૪૯; પ્રે.કૃ. ૧ : ૪).

માણસ સમય જાણવા માગે છે; પણ દેવના અખત્યારની યોજનાઓના સમયો માણસોને જણાવાયા નથી. એટલા માટે કે તે ગાફેલ ન બને. એ મુજબ જ શિષ્યો અને અન્ય વિશ્વાસીઓ નિત્ય દેવની સ્તુતિ કરતાં હતાં. (લુક ૨૪ : ૫૪; પ્રે.કૃ. ૧ : ૧૪) આ સઘળાં મળીને ૧૨૦ સ્ત્રી પુરૂષો હતાં.

આ શિષ્યગણ નિર્ગત થઈ નાસીપાસ ન થાય માટે જ ઈસુના સ્વર્ગારોહણ પછી દશમા દિવસે જ પવિત્ર આત્માની પધરામણી થઈ... "પચાસમાનો દિવસ આવ્યો તે વખતે તેઓ સર્વ એક સ્થળે એકઠા થયા હતા. ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘૂઘવાટ જેવો અવાજ આવ્યો. તેઓ જ્યાં બેઠા હતા તે ઘર ગાજી રહ્યું. અગ્નિના જેવી છૂટી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી; અને તેઓમાંના દરેક ઉપર એક એક બેઠી. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા; અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા." (પ્રે.કૃ. ૨ : ૧–૪)

આ તો દિવસ ઉગ્યાનો પહેલો જ પહોર હતો, અઠવાડિયાના પહેલા દિવસે એ ધન્યતા હતી.

આજ સમયે યરૂશાલેમમાં પર્વ હતું. પર્વની ઉજવણી માટે ઘણી જગાએથી યહૂદીઓ એકઠા થયા હતા. ત્યારે આ ભયંકર અવાજ સાંભળીને લોકો તે જોવા દોડી આવ્યા. જે દ્રશ્ય લોકોએ જોયું–સાંભળ્યું તે અજાયબ હતું. શિષ્યો જે અન્ય ભાષામાં દેવનાં મહાન કામો વિષે બોલતાં હતાં. તે સાંભળી સમજનારા અહીં ૧૯ ભાષાના લોકો ભેગા થયા હતા. તેઓ બહુ વિસ્મય પામ્યા, કેમ કે શિષ્યો આ ભાષાઓ કદી ભણ્યા નહોતા, પણ બહુ સ્પષ્ટ રીતે બોલતા હતા...દેવનાં કામ અને યોજના અતિ મહાન છે. વળી આ કોઈ ખાનગી બાબત નહોતી, પણ જગજાહેર બનેલી હતી. એટલા માટે કે પવિત્ર આત્મા બાબતે કોઈ અજુગતું કે અયોગ્ય બોલી શકે નહિ. અને બોલે તો તેને માફ કરાશે નહિ.

શિષ્યોનાં જીવનો અગ્નિથી પરખાઇને રૂપાંતર પામ્યાં. બીકણ શિષ્યો સામર્થ્ય પામ્યા. દૈવી જ્ઞાન અને સુવાર્તાના ભંડાર બન્યા, હવે જ તેઓ સુવાર્તાના સેવા કાર્ય માટે લાયક બન્યા. પવિત્ર આત્મા એ જ સેવા કાર્યનો પરવાનો છે. પ્રત્યેક સેવકે એ પરવાનો મેળવવો જ જોઇએ. થીઓલોજી શિક્ષણનાં સર્ટીફીકેટ કે ઉપાધીઓ કરતાં પવિત્ર આત્માની પ્રાપ્તિ વિશેષ અગત્યની છે. કેમ કે પવિત્ર આત્મા પોતે જ થીઓલોજીનો શિક્ષક છે. (યોહાન ૧૪ : ૨૬)

છતાંય અજ્ઞાની મન કહે છે કે પવિત્ર આત્માની શી જરૂર છે? જગતમાં પણ જ્ઞાન પથરાયેલું પડયું છે......તેઓ માટે આ રહ્યા જવાબ.

૦ પવિત્ર આત્માનો અભિષેક મનુષ્યના જીવનનું પવિત્રીકરણ કરે છે. જૂનું માણસપણું કાઢી નવા માણસપણામાં રૂપાંતર કરે છે. (૨ થેસ્સા. ૨ : ૧૬)

◦ આધ્યાત્મિક બદલાણ અને પરાક્રમ બક્ષે છે. (લુક ૨૪ : ૪૯)

◦ મનુષ્ય નિર્બળતાઓમાં સહાય આપનાર બને છે. (રૂમી. ૮ : ૨૬)

◦ દૈહિક જીવનમાં પણ આત્મિક શક્તિનો સંચાર કરે છે. (રૂમી. ૮ : ૨૫; ગલા. ૫ : ૧૬)

◦ આદર્શ અને સાચું ખ્રિસ્તી જીવન પ્રેરનાર છે. (ગલા. ૫ : ૨૨–૨૩)

◦ દેવ બાપની સમક્ષતામાં રાખનાર એ જ પવિત્ર આત્મા છે. (એફેસી. ૨ : ૧૮)

◦ આપણી મારફતે ખ્રિસ્ત ઈસુને પ્રગટ કરનાર એ જ છે. (યોહાન ૧૬ : ૧૪)

◦ જીવનના પ્રસંગોમાં હૂંફ અને દિલાસો આપનાર સાથી છે. (પ્રે.કૃ. ૯ : ૨૧)

◦ પ્રાર્થના માટે પ્રેરનાર અને શિખવનાર તે છે. (રૂમી. ૮ : ૨૬; એફેસી. ૬ : ૧૮)

◦ સત્યનું સઘળુ જ્ઞાન અને મર્મો તે શિખવે છે. (૧ યોહાન ૨ : ૨૦; યોહાન ૧૪ : ૨૬)

◦ તમે દેવના દીકરા–દીકરીઓ છો તેની એ સાબિતી છે. (ગલા. ૪ : ૬; રૂમી. ૮ : ૧૬)

◦ મનુષ્યની અધમાવસ્થામાંથી મહિમાવાન રૂપાંતર કરે છે. (૨ કરંથી. ૩ : ૧૮)

◦ આપણને દેવના મહિમાના વારસદાર બનાવે છે. (રૂમી. ૮ : ૧૬)

◦ દેવનું અને આત્માનું આપણામાં નિવાસસ્થાન બનાવે છે. (૧ કરંથી. ૩ : ૧૬)

દેવબાપ અને દેવપુત્ર ઈસુ ખ્રિસ્તની આ અણમોલ ભેટ માટે લાખ લાખ વાર ધન્યવાદ અને આભાર સ્તુતિ હોજો...

શું પવિત્ર આત્મા તમારો સાથી બન્યો છે? આ અદ્ભુત સાથી વિષે તમે બેદરકાર બની શકો નહિ. તે સર્વ માટે છે. જીવન સફળ કરવું હોય તો તમે પવિત્ર આત્માની અવગણના કરી શકો નહિ. પવિત્ર આત્મા વગર તમે પાંગળાં રહેશો એ યાદ રાખશો. પવિત્ર આત્મા જ તમારામાં રહીને પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમન સુધી તમને સાચવી સંભાળી રાખશે.

## પ્રકરણ ૪

# મળવાને તૈયાર થાવ

"તારા દેવને મળવા તૈયાર થા." (આમોસ ૪ : ૧૨) આ જગતના સૌથી અગત્યના અને બહુ મહત્વના એવા ચાર બનાવ છે. જગતની ઉત્પતિ–ઈસુ ખ્રિસ્તનો વધસ્થંભ–ઈસુનું પુનર્જીવિત થવું–અને ઈસુનું પુનરાગમન. આ બનાવોમાં કાળ અને અનંતકાળનો સમાવેશ છે. પ્રથમના ત્રણ બનાવો બની ચૂકેલા અને ઐતિહાસિક પુરાવાના સિમા સ્થંભો છે. હવે પાછલાં બે હજાર વર્ષથી જગત પ્રભુ ઈસુના ફરી આગમન માટે રાહ જોઈ રહ્યું છે. ઈસુ ખ્રિસ્તનાં વચન "જુઓ હું થોડીવારમાં આવું છું" મુજબ એની રાહ જોતાં આખું જગત અગત્યની ત્રીભેટા પર આવીને ઊભું છે.

પ્રભુ ઈસુનું બીજીવારનું આગમન તદન સાચું છે. તેમાં કોઈ શંકા છે જ નહિ. ત્યારે એ આગમન ક્યારે–ક્યાં–કેવી રીતે થશે ?

એ સર્વ વિગતો પણ બાઈબલ દ્વારા અપાયેલી છે જ. પણ અજ્ઞાની મન એ વાતોથી અજાણ રહીને ભ્રમણામાં પડે છે. વળી ઈસુના આગમનનો વિલંબ, એ તેના ના આવવા માટે અગર તેના આવવામાં વિઘ્નો કે રોકાણ છે એમ પણ નથી. પરંતુ આપણને તૈયાર થવાની પૂરેપૂરી તક મળે માટે છે; કે જેથી કોઈપણ ના એકપણ જન બહાનું કાઢી શકે. પ્રત્યેક માનવીને પૂરો સમય, જોઈતું જ્ઞાન, તક, તેમ જ એ સર્વનો અમલ કરવા માટેની બધી જ જોગવાઈઓ પૂરી પડાય છે.

ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની આગાહીઓ–એંધાણીઓ એ બધી જ ક્રમવાર થતી જ આવી છે. અને જગતનાં ઇતિહાસમાં સ્પષ્ટ કંડારાતી ગઈ છે. જગતની રાજકીય–પ્રજાકીય જીવનની બધી દિશાઓ–દૈહિક–સામાજિક–આર્થિક–ધાર્મિક અને નૈતિક બધી જ પરિસ્થિતિઓનાં અપાયેલાં કથનો–વચનો–દર્શનો એ બધાં જ ચોકકસ બનતાં જ ગયાં છે; અને ઈસુના આગમનનાં સિમા ચિહ્નો બનીને ઊભાં છે. વળી આ સઘળી બીનાઓ જોરશોરથી કહી રહી છે કે, "યહોવાહને શોધવાનો આ વખત છે" (હોશીઆ ૧૦ : ૧૨) "યહોવાહનો દિવસ નજીક આવી ગયો છે." (યોએલ ૨ : ૧) આમોસ ગોવાળીયો લાંબા અને મોટા અવાજથી પોકારીને કહે છે કે "તારા દેવને મળવાને તૈયાર થા" (૪ : ૧૨) હાગ્ગાય પોકારીને ચેતાવે છે કે "તમારા માર્ગો વિષે વિચાર કરો." (૧ : ૫)

સંત પાઉલ પોતાના માટે આગ્રહ રાખતો હતો કે "કોઈપણ રીતે હું મૂએલાંઓના પુનરૂત્થાનને પહોંચું" (ફીલીપી. ૩ : ૧૧) વળી તે આપણ સર્વને એ જ સલાહ આપે છે કે આપણે ઊંઘીએ નહિ પણ

જાગીએ અને સાવધ રહીએ; કેમ કે પ્રભુનો દિવસ આવે છે. (૧ થેસ્સા. ૫ : ૨–૬) સમય ખંડી લો કાંજે દહાડા ભૂંડા છે. (એફેસી. ૫ : ૧૫)

આ સર્વ બાબતો આપણા માટે ચેતવણી – શિખામણ – સલાહ અને દોરવણીરૂપ ઉત્તેજન આપનાર નથી ? પ્રભુ ઈસુના આગમનની ધન્ય આશાની ઘડી માટે વાટ જોવી એ કેટલી મીઠી અને ઉત્તેજનાત્મક છે ? પણ પૂરાં તૈયાર થઈને વાટ જોવી એ વધારે હિતાવહ છે. નહિ તો પાંચ મૂર્ખ કુમારિકાઓ જેવું થાય. વરરાજાના આવવાનો પોકાર પડે ત્યારે તૈયાર થવા નાસભાગ કરીએ તો રહી જવાય અને રડવું તથા દાંત પીસવું થાય. આ વખત અને પરિણામ ન આવે માટે,

દાઉદ ભક્તનું પહેલું જ ગીત વધારે પ્રેરણાત્મક અને પ્રભુ ઈસુના પુનરાગમનની ચેતવણીરૂપ બનશે, તૈયાર થવા માટે શું કરવું તે, તે શીખવે છે...... "જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી; જે પાપીઓના માર્ગોમાં ઊભો રહેતો નથી; અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી; તેને ધન્ય છે." જે નાહેલો છે અગર નાહીને શુદ્ધ કરે છે; તે મેલી અને ગંદી જગાઓમાં ન હોય એ જ તેના માટે હિતાવહ છે. આવા ઉકરડાઓથી દૂર રહેવું એમાં જ ધન્યતા છે. વળી તેણે શું કરવું અને કયાં હોવું તે પણ અહીં બતાવ્યું છે કે, "પણ યહોવાહના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે; અને રાતદિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે." દેવનાં વચનોમાં આનંદ માનવો, તેનું વાંચન – અધ્યયન અને તેનું રટણ એ જીવન શુદ્ધિ કરનાર છે. જુઓ, "જે વચનો મેં તમને કહ્યાં છે, તે વડે તમે શુદ્ધ થઈ ગયા છો." (યોહાન ૧૫ : ૩) આવી શુદ્ધતા પછી રૂપ કેવું નિખરતું અને તેજસ્વી રૂપાળું બને છે, તેનું આ ચિત્ર છે. "તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે, જે પોતાનાં ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે; અને પાદડાં કદી પણ ચીમળાતાં

નથી. વળી જે કંઈ તે કરે છે, તે સફળ થાય છે." કેવું સરસ અને રળિયામણું દૃશ્ય !

આ સાથે દાઉદ ભક્ત બીજું વિકૃત ચિત્ર પણ રજૂ કરે છે કે, "દુષ્ટો એવા નથી, પણ તેઓ પવનથી ઊડતા ફોતરાં જેવા છે. ન્યાયાસન આગળ દુષ્ટો ટકશે નહિ અને ન્યાયીઓની સભામાં પાપીઓ ઊભા રહી શકશે નહિ." પ્રભુ ઈસુના પુનરાગમન પછી જે ન્યાયાસન ગોઠવાશે અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત ન્યાય ચૂકવશે, ત્યારે દુષ્ટો ટકશે નહિ. તેઓ માટે કોઈ ઉપાય રહેશે નહિ. "કેમ કે યહોવાહ ન્યાયીઓનો માર્ગ જાણે છે; પણ દુષ્ટોના માર્ગનો નાશ થશે."

પ્રભુ ઈસુના પુનરાગમનનો અણસાર – જાહેરાત અને તેને માટે તૈયાર થવાની ચેતવણી અને માર્ગદર્શનનું આ ગીત કેવું સરસ છે. આ ગીત કંઠસ્થ કરી તેનું રટણ કરવું લાભદાયી નીવડશે, કેમ કે ઈસુ ખ્રિસ્તના પુનરાગમનનું આ ગીત છે...... ત્યારે,

શું તમે તૈયાર છો ? જુઓ, પ્રીતમનો સાદ સંભળાય છે, તે નજીક છે. તે તમારા ઘરની ભીંત પાછળ ઊભેલો છે; તે બારીમાંથી અંદર ડોકીયાં કરે છે, તે જાળીમાંથી દેખાય છે. સાંભળો તે શું કહે છે .. "મારી પ્રિયતમા, મારી સુંદરી, ઊઠ અને નીકળી આવ, કેમ કે શિયાળો ઊતર્યો છે. વર્ષાઋતુ સમાપ્ત થઈ છે. ફૂલો જમીન પર ખીલવા લાગ્યાં છે. પક્ષીઓના કલરવનો વખત આવ્યો છે; અને આપણા દેશમાં કપોતના સ્વર સંભળાય છે. અંજીરીનાં લીલાં અંજીર પાકે છે. દ્રાક્ષવેલા ઉપર ફૂલો ખીલ્યાં છે. તેઓ પોતાની ખુશબો ફેલાવે છે... મારી પ્રિયતમા, મારી સુંદરી, ઊઠીને નીકળી આવ." (ગીતોનું ગીત ૨ : ૯–૧૩)

તમારો પ્રીતમ પોતે તમને જગાડી રહ્યો છે. રળિયામણો – આનંદમય શુભ સમય આવી ગયો છે......હવે શું રહ્યું બાકી ?

વરરાજાનાં નગારા અને રણશિંગડાના સૂર દૂર દૂરથી સંભળાતા જ; તૈયાર થઈને વાટ જોતી બેઠેલી કન્યા કેવી મલકાય ! કેવી મીઠી વેદના અને તાલાવેલી ! ત્યારે મનડું ગૂંજ્યા કરે, "હે મારા પ્રીતમ ઉતાવળ કર." (ગી. ગી. ૮ : ૧૪) "હે પ્રભુ ઈસુ આવ." (પ્રકટી. ૨૨ : ૨૦)

સામેથી જુઓ, ઈસુ તમને બોલાવે છે......

ધીરો મીઠો પ્રેમી અવાજ,
પ્રભુ ઈસુનો કોઈ સાંભળો આજ;
સૂણો કરતો મધુર રણકાર,
ઠોકી રહ્યો છે કોઈનું હૃદય દ્વાર......ટેક.

છે કોઈ હૈયું બેચેન બનેલું,
જગ ચિંતાના ભારે ભરેલું,
ખૂલશે શું પ્રભુ ઈસુને માટ,
સ્વર્ગની ત્યાં થશે શરૂઆત. ... ૧

છે કોઈ આંખો આંસુ ભરેલી,
વ્હાલાંથી તરછોડાયેલી,
પ્રભુ ઈસુના વિંધાયેલ હાથ
એકેક આંસુને લૂછશે આજ. ... ૨

છે કોઈ હૈયું ગમગીન બનેલું,
દુશ્મન ઘાથી વિંધાયેલું,
ઘા રૂઝવવા હૃદયના તમામ,
પ્રભુ ઈસુ આપે સ્વર્ગીય બામ. ... ૨

કોણ તરછોડે આ પ્રેમી અવાજ ?
કોણ તરછોડે વિંધાયેલ હાથ ?
ના, ના, એમ નહિ કરો કોઈ,
છેલ્લો ટકોરો કદાચ આ હોય ... ૪

—ભજન સંગ્રહ (ગીત નં. ૨૭૬)

પ્રકરણ ૫

# ધન્ય આશા

"ધન્ય આશા પ્રાપ્તિની ઘડીની અને મહાન દેવ તથા આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તના મહિમાના પ્રગટ થવાની વાટ જોવી" (તીતસ ૨ : ૧૩).

જગત ઉત્પન્ન થયું ત્યારથી માંડીને ઈસુના આ જગતમાં મનુષ્ય તરીકે આવવા સુધી અને તે પછી ઈસુના જીવનના પ્રસંગો, તેના ઉપદેશો અને શિક્ષણ – તેના ચમત્કારો અને ભલાઈનાં કામો, તેનું વધસ્થંભ પરનું મરણ અને ત્રીજે દિવસે પાછા જીવતા થવું – તેનું આકાશગમન અને પચાસમા દિવસે પવિત્ર આત્માનું આવવું, આ સર્વ પવિત્રશાસ્ત્ર – બાઈબલમાં બહુ સ્પષ્ટ છે. આ બધી જ બાબતો જગતમાં અને લોકો આગળ બનેલી પુરવાર થયેલી, ઐતિહાસિક સત્ય ઘટનાઓ છે. એને નકારી શકાય એમ નથી જ.

પચાસમા દિવસે પવિત્ર આત્માના આગમનથી, એકસોવીસ માણસોની મંડળીની સ્થાપના થઈ. આ ખ્રિસ્તી મંડળીનો જન્મ હતો અને જનેતા – પોષક – ઉછેરનાર પવિત્ર આત્મા હતો. મંડળી ખિલતી, ફાલતી – ફૂલતી, વધતી ગઈ. વળી પ્રભુ રોજ રોજ તારણ પામનારાઓને ઉમેરતો ગયો.

ઈસુ ખ્રિસ્તે પોતાના પંડનું નિર્દોષ – નિરંજન એવું બલિદાન આપીને માનવીનું તારણ સિદ્ધ અને સંપૂર્ણ કર્યું. એ તારણનો

સ્તો તેણે જ બતાવ્યો. તેનાં સત્યો પ્રગટ કર્યાં; અને શાશ્વત જીવન પ્રાપ્તિની પ્રત્યક્ષતા દેખાડી આપી. હવે આ તારણ અને જીવન પ્રાપ્તિ માટે માત્ર એ જીવનના અગ્રેસર – પ્રણેતા ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ જ કરવાનો હતો. વિશ્વાસ એ તો સિદ્ધ વસ્તુની આપણી ખાતરી છે. આવી સિદ્ધિ પ્રાપ્ત થયા પછી પૂર્ણ વિરામ આવે.

ત્યારે ખ્રિસ્તી મંડળી જોરશોરથી ખિલતી – વધતી ગઈ તેનું કારણ શું ? આશા એ વિકાસનું પ્રેરણા સ્થાન છે. જીવનમાં આશા ન હોય તો એ જીવન કુંઠિત બને છે. આશાના તાંતણે જ મનુષ્ય જીવન લટકી રહ્યું છે. આશા એ જ જીવનને કાર્યરત અને વેગીલું બનાવે છે. શું એવી જ કોઈ આશાએ મનુષ્ય જીવનોને જોમવંતાં અને મહાન બનાવ્યાં નથી ?

ઈબ્રાહીમે, સગાં – વહાલાં, વતન – જાગીર, સર્વનો ત્યાગ કઈ આશા પર કર્યો ? પોતાના એકના એક વહાલસોયા દીકરાના બલિદાન માટે કઈ હિંમતે તેનો હાથ ઉપાડયો ?

સહેલાઈથી પ્રાપ્ત થનારાં જુવાનીના પ્રલોભનોને ઠોકર મારવાનું, યુસફ પાસે કયું કારણ હતું ? રાજકુંવરીના દીકરા બનવાની પ્રાપ્ત થયેલી તક જતી કરવાને મુસાની આગળ બીજું કયું પ્રલોભન હતું ?

સાદ્રાખ – મેશાખ – અબેદનગો, બળતી ભઠ્ઠીમાં નંખાવા કઈ પ્રેરણાથી ખેંચાયા હતા ? ફાડી ખાનારા સિંહોના બીલમાં જવા દાનિએલનાં પગલાં કયા સત્યથી દઢ અને મક્કમ બન્યાં ?

આખા દેશ અને પ્રજા તેમ જ બઆલના અને અશેરાહ દેવીના મળી કુલ આઠસો પચાસ પ્રબોધકો સામે એકલા હાથે બાથ ભીડનાર એલીયાહની હિંમત કયાંથી આવી ?

એલીશા, યિર્મેયાહ, હઝકીએલ, હોશીઆ, આમોસ, યોએલ, ઝખાર્યાહ, માલાખી અને બીજા અસંખ્ય નામી – અનામી, દેવના

સેવકો – સંતો – પ્રબોધકો – શાહેદો અને શહીદો, એ સર્વનાં જીવનો કઈ આશા અને પ્રાપ્તિ માટે હતાં ?

અને વળી ખ્રિસ્તી મંડળી સંગઠિત થઈ ત્યારે પણ...... સ્તેફન, વિરોધીઓના હાથના પથ્થરાના મારથી માર્યો ગયો. યાકૂબના તલવારની ધારથી ટુકડા કરાયા. પિત્તર, પાઉલ, સિલાસે માર, ફટકા અને કેદખાનાં ભોગવ્યાં. યોહાન પાત્મસ બેટમાં એકલો અટુલો કેદ કરાયો. અનેક સ્ત્રીઓએ પોતાનાં જીવનો ખ્રિસ્ત ઈસુની સેવા પાછળ ન્યોછાવર કરી દીધાં, પારાવાર દુઃખો અને યાતનાઓ ભોગવી. પાછલાં વીસ સૈકાંઓથી ઈસુ ખ્રિસ્તના સેવકો અને સુવાર્તિકો, દેશ અને પરદેશમાં અનેકવિધ દુઃખો વેઠીને પોતાનાં જીવનો ધન્ય માન્યાં એ સર્વ કઈ આશામાં ? ખ્રિસ્તી મંડળીના વિરોધમાં પણ ધસતા વેગનું કારણ કયું હતું ?

સંત પાઉલ એ રહસ્ય સ્પષ્ટ કરતાં કહે છે કે "હું કોઈપણ રીતે મૂએલાંઓના પુનરૂત્થાનને પહોંચું...... ખ્રિસ્ત ઈસુમાં દેવના સ્વર્ગીય આમંત્રણના ઈનામને વાસ્તે, નિશાનની ભણી આગળ ધસું છું." (ફીલી. ૩ : ૧૧, ૧૪) વળી તીતસને પત્ર લખતાં તે વિશેષ ખુલાસો કરે છે કે, "અને ધન્ય આશા પ્રાપ્તિની ઘડી અને દેવ તથા આપણા તારનાર ઈસુ ખ્રિસ્તના મહિમાના પ્રગટ થવાની વાટ જોવી એ સર્વ સારાં કામ કરવાને આતુર એવા લોક – પ્રજા તૈયાર કરે." (૨ : ૧૩–૧૪.)

પ્રભુ ઈસુના બીજા આગમનની વાટ જોવી એ ધન્ય આશા, ખ્રિસ્તી જીવન અને મંડળીનો આધારસ્થંભ છે. આ ધન્ય આશાની વાટ જોવી બહુ વસમી પણ રૂચીમે ભાવે તેવી મધુરી છે......

જેમ કોઈ તરૂણી જુવાનીની મસ્તીના આંગણામાં રમતી હોય; અને મન મનાવે તેવા યુવાન સાથે વિવાહ થાય, ત્યારે એ તરૂણીના

મન – વિચાર – વાણી – વર્તન બધાં જ એક આશામાં કેન્દ્રિત થાય છે, કે તેનો પ્રીતમ – વરરાજા, વહેલો આવે અને તેને તેડી જાય. આશાના એ જ બળથી, એક અબળા, અગાઉ અજાણ્યા એવા એકને પોતાનો કરી લઈને તેની આધીનતા સ્વીકારે છે. માબાપ, ઘર સગાં, સંબંધી સર્વનો ત્યાગ કરીને પોતાનું સ્વાર્પણ કરે છે. પોતાને અનુકૂળ કરે છે.

ખ્રિસ્તી મંડળીની–વ્યક્તિગત જીવનની એ જ એક ધન્ય આશા છે કે વરરાજા–ઈસુ ખ્રિસ્ત તેના આપેલા વચન મુજબ પોતાની કન્યા ખ્રિસ્તી મંડળીને સ્વર્ગમાં લઈ જવા માટે વહેલો આવે.

આ ધન્ય આશા એટલે પ્રભુ ઈસુના પુનરાગમન વિષે નવા કરારના ૨૭ પુસ્તકોમાંથી ૨૨ પુસ્તકોમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. ગલાતી, એફેસી, ફીલેમોન તથા યોહાનના બીજા અને ત્રીજા પત્રમાં જ આ વિષે ઉલ્લેખ નથી. નવા કરારનાં ૨૨ પુસ્તકોમાં આ ઉલ્લેખ ૩૧૮ વાર કરવામાં આવ્યો છે. આ ઉપરથી જાણી શકાય કે આ બાબત એ ઘણી મહત્વની અને અગ્રસ્થાને છે.

આ સંબંધી ઈસુ ખ્રિસ્તે પોતે પણ ઘણાં દૃષ્ટાંતો દ્વારા ઘણી-વાર આ ધન્ય આશાની ઘડી–સમય વિષે સમજાવ્યું છે. દશ કુમારિકાનું દૃષ્ટાંત શેઠ–ચાકર અને તાલંતની વાત–મહિમાના રાજ્યાસન પરથી ઈસુનો ચુકાદો (માત્થી ૨૫); માલિક અને દાસનું દૃષ્ટાંત ( લુક ૧૨:૩૫–૪૮ ) ઈસુ ખ્રિસ્તના પોતાના મુખના શબ્દો સાંભળો, " તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો. ... ...કેમ કે હું તમારે સારુ જગા તૈયાર કરવાને જાઉં છું ... ... હું પાછો આવીશ અને તમને મારી પાસે લઈ જઈશ. ( યોહાન ૧૪:૧–૩ )

વળી પુનરૂત્થાન પછીના ૪૦ દિવસ સુધી તેણે દેવના રાજ્ય વિષેની ઘણી વાતો કહી હતી. ( પ્રે. કૃ. ૧:૩ )

આકાશના દૂતોએ પણ વધામણીની સાક્ષી આપી છે કે એ જ ઈસુ જેને તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યો છે, તે જેમ તમે તેને આકાશમાં જતાં જોયો તેમ જ પાછો આવશે. ( પ્રે. કૃ. ૧:૧૧)

આપણી નાગરિકતા આકાશમાં છે; પણ આપણે તારનારની એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની રાહ જોઈએ છીએ. ( ફીલી. ૩:૨૫ )

"કેમ કે તમારામાં અમારો પ્રવેશ કઈ રીતે થયો......આવનાર કોપથી આપણને બચાવનાર ઈસુ,......તેના આકાશથી આવવાની વાટ જોવા તમે શી રીતે મૂર્તિઓ તરફથી વળીને દેવની ભણી ફર્યા."

( ૧ થેસા. ૧:૯–૧૦; ૨:૧૯; ૩:૧૩; ૪:૧૫–૧૮ અને ૨ થેસા. ૧:૭; ૨:૧–૨; ૩:૫; યાકુબ ૫:૭–૮; ૧ પીતર ૧:૭, ૧૩; પ્રકટી. ૩:૧૧; ૨૨:૭, ૧૨,૨૦ ).

ખ્રિસ્તી આશા કવી અમૂલ્ય છે. તે અવિનાશી–અનંત છે. મરણ કે નાશ તેને સ્પર્શી શકતાં નથી. તે નિર્મળ છે. જેમાં પાપ કે કાંઈ અઘટિતપણાની સહેજ પણ ડાઘની રેખા નથી, પારદર્શક છે, તે કદી કરમાઈ જનારી નથી. જગતની બધી આશાઓ લોપ થાય; પણ પુનરૂત્થાન અને પ્રભુ ઈસુના આગમનમાં તેને મોઢે મોઢ મળવાની–ભેટવાની આશા અમર છે.

"આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના દેવ તથા બાપને ધન્યવાદ હો; તેણે પોતે ઘણી દયા રાખીને મૂએલાંમાંથી ઈસુ ખ્રિસ્તનું પુનરૂત્થાન કરીને સજીવન આશાને સારુ, અવિનાશી, નિર્મળ તથા કરમાઈ ન જનારા વતનને માટે આપણને પુર્નજન્મ આપ્યો છે. તે વતન તમારે સારુ આકાશમાં રાખી મૂકેલું છે. ( ૧ પીતર ૧:૩–૪ )

આ જગતમાં આપણે પરદેશી તથા મુસાફર છીએ. થોડા સમય માટે, આયુષ્યનાં વર્ષો સુધી જ અહીં રહેવાનાં છીએ. પછી

જતાં રહેવાનાં છીએ. ત્યારે આપણે મોટી ભૂલ કરી બેઠાં છીએ કે આ જગતને જ આપણું વતન માની બેઠાં છીએ. ખરા અને સાચા વતન–આકાશ તરફ દુર્લક્ષ કરીએ છીએ. સાચા વતનની કશી માહિતી રાખી નથી. વારંવાર ઈસુ ખ્રિસ્તના પોતાના શબ્દોને યાદ કરીએ છીએ, કે તમે ઉપરની વાતો પર લક્ષ રાખો......પરંતુ તે માત્ર ભૂલી જવા અને આ જગતનાં વાનામાં જ રચ્યાં પચ્યાં રહીએ છીએ, ત્યારે, આ પુસ્તક, એક નવી તક પૂરી પાડે છે. યાદ કરાવે છે, કે આપણે સ્વર્ગીય વાતો તરફ આપણાં જીવનોને અનુરૂપ કરીએ. પ્રભુ આપણી સહાય કરો.

પ્રકરણ ૬

# અંતકાળની નિશાનીઓ

મંદિરમાંથી ભજન ભક્તિ પૂરાં કરી ઈસુ અને શિષ્યો બહાર આવ્યા હતા ત્યારે તેઓએ મંદિરની બાંધણી–તેના તોતિંગ પથ્થર અને ભવ્યતા બાબત હેરત પામતા અને વિચારતા હતા.

માનવીનું મન બહુ ચંચળ છે. મનના ચકરાવામાં માનવી ક્યાંથી ક્યાંય પહોંચી જાય છે. શિષ્યોનાં મન મંદિરની બાંધણી અને તેના શણગારથી પ્રભાવિત થયાં હતાં, ત્યારે આ બધું ઈસુને પણ દેખાડવા લાગ્યા. ઈસુના મન મંદિરના મહત્વ કરતાં વ્યક્તિની ભાવના વિશેષ ચઢિયાતાં હતાં. કેમ કે મંદિર નાશવંત છે, પણ ભક્તિ ચિરંજીવ છે. આ રહસ્ય શિષ્યોને સમજાવવા ઈસુએ તેમને જણાવ્યું કે આ ભવ્ય બાંધણીનો પાડી નહિ નંખાય એવો એક પથ્થર બીજા પથ્થર

પર રહેવા દેવાશે નહિ. શિષ્યો આ જાણીને દંગ થઈ ગયા.

હવે જૈતુન પહાડ ઉપર વિસામો લેવા તેઓ બેઠા હતા ત્યારે શિષ્યોના મનની ગડભાંજ બહાર આવી. શિષ્યોએ ઈસુને પૂછ્યું કે એ બધું ક્યારે થશે? તારા આવવાની તથા જગતના અંતની શી નિશાની થશે? એ અમને કહે. (માથ્થી ૨૪:૩)

આ અતિ મહત્વના સવાલના જવાબ ઈસુ ખ્રિસ્તે આપ્યા તે માત્થી ૨૪મા અને લૂક ૨૧મા અધ્યાયોમાં આપેલા છે. તે વગર નવા કરારનાં બીજા પુસ્તકોમાં પણ આ બીના છુટી છવાઇ અપાયેલી છે. જગતના અંતકાળની લગભગ આવી બાસઠ નિશાનીનાં અવતરણો બાઇબલમાં મળી આવે છે, કેમ કે આ પ્રશ્ન બહુ મોટો છે. તેમ જ આ પ્રશ્ન પ્રત્યેક વ્યક્તિગત માનવીનો છે. કેમ કે તે તેના જીવનને સીધો સ્પર્શ કરતો અને ગંભીર છે. વળી આ પ્રશ્નના ઉકેલ અને સમજમાં જ માનવીના જીવનનું માર્ગદર્શન અને નિર્ણય સમાયેલાં છે......આ માટે બને તેટલાં અવતરણો અને નિશાનીઓ આવરી લેવા અહીં પ્રયત્ન કરીશું. સુગમતા ખાતર મોટા ભાગની નિશાનીઓ અમુક વિષય વિભાગોમાં વહેંચી લઈશું.

આ અંતકાળના–છેલ્લા દિવસો–સમયો કેવા હશે તે વિગતો જુદી જુદી કક્ષામાં કેવા અને કયા પ્રકારની પરિસ્થિતિઓ હશે તે જોઇએ.

## લોકજીવન અને સામાજિક પરિસ્થિતિ:

આ છેલ્લા દિવસો જગત માટે મુશ્કેલ અને યાતનાના સમયો ગણાય છે. આ દહાડાઓને ભૂંડા ગણવામાં આવ્યા છે. તેમ છતાં લોકોની મનોદશા અને વ્યવહાર તેમ જ રહેણી કરણીમાં કશો ઝાઝો ફેરફાર દેખાતો નથી. જે પરિસ્થિતિ પુરાતન કાળમાં હતી; એટલે કે માણસની ભૂંડાઈ–કલ્પના અને કામો તેવાં જ આ સમયોમાં પણ

જોવા મળે છે. કેમ કે આ બાબતે ઈસુ ખ્રિસ્તના જ શબ્દો વધારે યોગ્ય છે કે "જેમ નુહના દિવસોમાં થયું તેમ જ માણસના દીકરાના દિવસોમાં પણ થશે. નુહ વહાણમાં પેઠો અને જળપ્રલયે આવીને બધાંનો નાશ કર્યો તે દિવસ લગી, તેઓ ખાતાપીતા, પરણતા, પરણાવતા હતા. તેમ જ લોટના દિવસોમાં પણ થયું. તેઓ ખાતાં, પીતાં, વેચાતું લેતાં અને આપતાં; રોપતાં, બાંધતાં હતાં." (લુક ૧૭:૨૬–૨૮)

આ દિવસોમાં પણ એમ જ હશે. લોક મનોદશાની પરિસ્થિતિ લખતાં સંત પાઉલ જણાવે છે કે "છેલ્લા સમયમાં સંકટના વખતો આવશે, એ વાત ધ્યાનમાં રાખ. કેમ કે માણસો સ્વાર્થી, દ્રવ્યલોભી, આપવડાઈ કરનારા, ગર્વિષ્ટ, નિંદક, માબાપનું સન્માન નહિ કરનારા, કૃતઘ્નો, અધર્મી, પ્રેમ રહિત, ક્રૂર, બટ્ટો મૂકનાર, સંયમ ન કરનારા, નિર્દય, શુભદ્વેષી, વિશ્વાસઘાતી, ઉદ્ધત, મદાંધ, દેવ પર નહિ પણ વિલાસ પર પ્રીતિ રાખનારાં, ભક્તિભાવનું ડોળ દેખાડીને તેના સામર્થ્યનો સ્વીકાર નહિ કરનારા થશે." (૨ તીમોથી ૩:૧–૫). આ સાથે સંત પાઉલ એ પણ જણાવે છે કે "તેઓ ખ્રિસ્તના વધસ્થંભના શત્રુઓ છે, વિનાશ તેઓનો અંત, ઉદર તેઓનો દેવ, અને શરમમાં તેઓનું અભિમાન છે. તેઓ સાંસારિક વાતો પર ચિત્ત લગાડે છે" (ફીલી. ૩:૧૮–૧૯) માટે તેઓ અહંકારી–એશારામી અને બીજાની દરકાર નહિ કરનારાં એવાં થયાં છે. (હઝ. ૧૬:૪૯).

**લોક કારોબાર અને વ્યવહાર :**

માબાપ અને વડીલોનું સન્માન નહિ કરનારાં, અણ ઉપકારી, બીજા પર બટ્ટો મૂકનારાં અને વિલાસી તેમ જ પોતાના મદમાં આંધળાં એવાં. (૨ તીમોથી ૩:૨) હરેક જગ્યામાં, દેશમાં, જુઓ ત્યાં લોકના વિલાસી અને એશારામી જીવનને લીધે લોકોમાંથી કામ

મહેનત કરવાની વૃત્તિ જ ઓસરી ગઈ છે. એનું પરિણામ, બેકારી અને તંગાશ વધતાં જ રહ્યાં છે. ( ઝખા. ૮:૧૦ ) " કેમ કે તમારામાંના કેટલાએક સ્વચ્છંદીપણે ચાલે છે. તેઓ કંઈ ઉદ્યોગ કરતા નથી, પણ ઘાલમેલ કરે છે." ( ૨ થેસા. ૩:૧૧ ) " તેઓ બડબડ કરનારા, અસંતોષી અને પોતાની દુર્વાસના પ્રમાણે ચાલનારા છે. તેઓ મોઢે ગર્વિષ્ટ વાતો બોલે છે, તેઓ પોતાના સ્વાર્થને સારુ ખુશામત કરનારા છે" ( યહુદા ૧૬ ) અધર્મ–પાપ, અને દેવધર્મ માટે અયોગ્ય, કઠણ વચનો બોલનારાં થયા છે. તેઓને અપરાધી ઠરાવવાને પ્રભુનું આગમન છે. ( યહુદા ૧૫ )

દેવની અવગણના કરનારા તથા નિંદા કરનારા અને અધર્મીપણું એ લોકોને મન ભાવતું છે. (૨ તીમોથી ૩ : ૩,૫)

સારા માણસોનો દ્વેષ કરીને વિપત્તીમાં નાખી, મારી નાખવા સુધીનો દ્વેષ કરનારા થશે. (માથ્થી ૨૪ : ૯) બીજાંઓ પ્રત્યે દયાભાવ વગરનાં બલ્કે વિઘ્નસંતોષી તેમ જ શુભદ્વેષી બનતાં જ રહ્યાં છે. (૨ તીમોથી ૩ : ૩) પાપ અને ગુનાની અધિકતા ઘણી થશે. "દુષ્ટ માણસ તથા ધુતારાઓ ઠગીને તથા ઠગાઈને વિશેષ દુરાચાર કરતા જશે." (૨ તીમોથી ૩ : ૧૩) આવા કપરા દિવસોથી માણસો નિર્ગત થઈ જશે. (લુક ૨૧ : ૨૬) બળિયાના બે ભાગ (૨ તીમોથી ૩ : ૪) આવાં વેરઝેર અને અન્યાય વધી જવાથી પ્રેમ ઠંડો થઈ જશે. (માથ્થી૨૪ : ૯–૧૦, ૧૨।

લોકજીવન અને વ્યવહાર ખૂબ જ ભૂંડા અને ભ્રષ્ટ, પાપની પરાકાષ્ટાએ પહોંચ્યા છે. (રૂમી. ૧ : ૨૪–૨૭) આવાં સ્પષ્ટ ચિહ્નો અને પ્રત્યક્ષ પરિસ્થિતિ હોવા છતાં લોકો આ સર્વ જાણી–સમજીને અધર્મી બનતાં ઈસુ ખ્રિસ્તના આગમનને નહિ ગણકારનારા તેમ જ તે બાબતે બેદરકાર બનશે (૨ પીતર ૩ : ૩–૪).

## ધર્મ પરિસ્થિતિ :

લોક જીવનની આવી કથળેલી હાલતમાં ગણ્યાં ગાંઠયા સિવાય સમૂહ જીવનોમાં ધાર્મિકતાની અપેક્ષા ક્યાંથી રખાય! તેમાં વળી ધાર્મિકતાના ઓઠા નીચે અવનવી બાબતો દેખાતી અને ઊભી થતી હોય ત્યારે, .....“હું તો ખ્રિસ્ત છું એમ કહેતા ઘણા મારા નામે આવશે, ને તેઓ ઘણાને ભુલાવશે” (માથ્થી ૨૪ : ૫) “જૂઠા પ્રબોધકો પણ ઊઠશે, ને ઘણાંને ભુલાવશે” (માથ્થી ૨૪ : ૧૧) “કેમ કે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે, ને એવા મોટા ચમત્કારો તથા અદ્‌ભુત કૃત્યો કરી દેખાડશે, કે જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે” (માથ્થી ૨૪ : ૨૪).

“છેલ્લા કાળમાં, નિંદાખોરો ઊભા થશે, તેઓ પોતાની અધર્મી વાસનાઓ પ્રમાણે ચાલશે તેઓ પક્ષ ઊભા કરનારા અને વિષયી છે. તેઓમાં પવિત્ર આત્મા નથી.” (યહુદા ૧૮) ભક્તિભાવનું ડોળ દેખાડીને તેના સામર્થ્યનો સ્વીકાર નહિ કરનારા થશે.” (૨ તીમોથી ૩ : ૫)

“કોઈપણ માણસ કોઈપણ પ્રકારે તમને ભમાવે નહિ: કેમ કે એમ થતાં પહેલાં ધર્મત્યાગ થશે; તથા પાપનો માણસ એટલે વિનાશનો પુત્ર પ્રગટ થશે.” (૨ થેસા. ૨ : ૩) આ પ્રકારની પરિસ્થિતિમાં લોકોને સ્પષ્ટ અને સાચી ધાર્મિકતાના કરતાં માત્ર ઉપર છેલ્લાં ક્રિયા–કર્મકાંડ વધારે પસંદ પડે છે. તેને હોંશથી અપનાવે છે. (કલોસી. ૨ : ૧૬, ૨૦)

“તું હુંફાળો છે, એટલે ઊનો નથી, તેમ ટાઢો નથી” (પ્રકટી. ૩ : ૧૫) આવી ધર્મ હાલત બહુ જ ભયંકર અને છેતરામણી છે. તેથી દેવ એવાંને પોતાના મોંમાંથી થૂંકી નાખશે.

"પાછલા સમયમાં, કેટલાએક માણસો ભુલાવનાર આત્માઓ પર તથા ભૂતોના ઉપદેશ પર ધ્યાન આપીને, જૂઠું બોલનારા તથા જેઓનાં અંતઃકરણ ડમાએલાં છે, એવાં માણસોના દંભથી વિશ્વાસનો ત્યાગ થશે." (૧ તીમોથી ૪ : ૧–૨)

આ હાલતમાં જેઓ સત્યને વળગી રહેનારાં તથા દેવ પરના સાચા વિશ્વાસુ છે, તેઓને અન્ય લોકો વિપત્તીમાં નાખશે અને મારી નાખશે અને ખ્રિસ્ત ઈસુના નામને ખાતર સર્વ પ્રજાઓ તેમનો દ્વેષ કરશે. (માત્થી ૨૪ : ૯) ......ત્યારે પ્રભુની સ્તુતિ થાઓ કે તે પોતાના લોકોને સંભાળવાને અને સ્થિર રાખવા પવિત્ર આત્મા મોકલી આપશે. (યોએલ ૨ : ૨૮–૨૯)

## રાજકીય પરિસ્થતિ :

પાછલા સમયોમાં, જગતનાં રાજ્યોની અશાંત પરિસ્થિતિ અને રાજ્યોમાં એકબીજા વચ્ચે અવિશ્વાસ તેમ જ ફાટફૂટ વિશેષ પ્રમાણમાં વધતાં જોવાશે. તેથી જ પ્રજા પ્રજાની વિરૂદ્ધ તથા રાજ્ય રાજ્યની વિરૂદ્ધ ઊઠશે (માત્થી ૨૪ : ૭; લુક ૨૧ : ૧૦).

દરેક રાજ્યોમાં યુદ્ધની તડામાર તૈયારી થશે. "યુદ્ધની તૈયારી કરો. યોદ્ધાઓને ઊશ્કેરો, સર્વ લડવૈયા પાસે આવીને કૂચ કરે. તમારા હાથની કોશો ટીપીને તરવારો બનાવો, અને તમારાં દાતરડાં ભાલા બનાવો, દુર્બળ માણસ પણ કહે કે હું બળવાન છું" (યોએલ ૩ : ૯–૧૦)

જગતની અશાંત અને લડાયક પરિસ્થિતિમાં જગતભરની શાંતિ પરિષદો પોતાના પ્રયત્નો કર્યા જ કરશે પણ રાજ્યો વચ્ચેની તંગદિલી દૂર કરાશે જ નહિ. કેમ કે "જ્યારે તેઓ કહેશે કે શાંતિ તથા સલામતી છે, ત્યારે પ્રસૂતાની પીડા પેઠે તેઓનો અકસ્માત નાશ થશે (૧ થેસા. ૫ : ૧–૩)

છેલ્લા સમયોમાં રાજ્યોની ઊથલપાથલ થતાં ફરી રાજ્યની ફરી સ્થાપના અને ઉપસ્થિતિ થશે. (દાનીએલ ૨ અને ૯) અધ્યાય વાંચો અને લડાઇઓની પરંપરા જાગશે.

**આર્થિક પરિસ્થિતિ:**

જગતના લોકોમાં જેઓ પાસે મિલકત છે તેઓ પાસે અધિક ઢગલાબંધ છે. "તમારું સોનું તથા રૂપું કટાઈ ગયું છે; અને તેનો કાટ તમારી વિરૂદ્ધ સાક્ષી આપશે. તમે છેલ્લા સમયને સારુ દોલત સંઘરી રાખી છે." (યાકુબ ૫ : ૧–૩) "જે મજૂરોએ તમારાં ખેતર કાપ્યાં છે, તેઓની મજૂરી તમે દગો કરીને અટકાવી રાખી છે." (યાકુબ ૫ : ૪)

"તેઓ પોતાનું રૂપું રસ્તાઓમાં ફેંકી દેશે અને તેમનું સોનું અશુદ્ધ વસ્તુના જેવું થઈ જશે; યહોવાહના કોપને દિવસે તેઓનું સોનુંરૂપું તેમને...દુરાચરણ કરાવનાર ઠોકરરૂપ થયું છે. તેઓનાં સુશોભિત આભૂષણો તેઓના ગર્વનું કારણભૂત થયાં છે." (હઝ. ૭:૧૯–૨૦) આ કથન આજે કેટલાં સાચા નીવડયાં છે. આ જમાનામાં લોકોને પૈસાની કોઈ જ કિંમત નથી. જેમ તેમ અને બદફેલીમાં લખલૂંટ નાણું ફેંકાતું જાય છે. ફેશન અને શોભાના નામે અઢળક દ્રવ્ય વેડફાતું જાય છે. માદક વસ્તુઓ પાછળ દ્રવ્યની નદીઓ વહી જાય છે. દુરાચાર અને વિષય વાસના પાછળ ધનના ઉકરડા થાય છે.

"દ્રવ્યનો લોભ સઘળા પ્રકારનાં પાપનુ મૂળ છે. એનો લોભ રાખીને કેટલાએક વિશ્વાસથી ભટકી ગયા છે, અને ઘણાં દુ:ખોથી તેઓએ પોતાને વિંધ્યા છે" (૧ તીમોથી ૬:૧૦)

**કહેવાતી સંસ્કૃતિ અને પ્રગતિ:**

પાંચ દશકા પહેલાં લોકો માટે મુસાફરીનાં સાધન ઓછાં હતાં. પરંતુ લોકોની રૂચી જ પોતાનું ઘર સાચવીને સંતોષથી જીવવું એવું હતું. ભાગ્યે જ વર્ષમાં એકાદ બે વાર મુસાફરી કરવી પડે તે

પણ નાછુટકે થતી. આજે તો મુસાફરીનાં સાધન અધિક છે; અને મુસાફરી એક મોજશોખનું જાણે સાધન હોય તેમ સ્ત્રીપુરુષ જ્યારે અને ત્યારે છેક પૃથ્વીના છેવાડા સુધી મુસાફરી માટે ધસતાં જ જાય છે. "ઘણાઓ અહીં તહીં દોડશે અને જ્ઞાનની વૃદ્ધિ થશે." (દાની. ૧૨:૪) જ્ઞાન પણ પુષ્કળ વધશે. આજે તો છેક બે વર્ષના બાળકને નિશાળમાં ધકેલી દેવાય છે; અને અનેકવિધ પ્રકારના જ્ઞાનનો બેસુમાર વિકાસ થયો છે. આવા વિવિધ જ્ઞાન સાથે જ માનવી શોભા શણગારમાં જાતભાતની ફેશનમાં પણ ખૂબ આગળ વધ્યું છે. જેનો આછો નિર્દેશ યશાયાહ કરે છે "સિયોનની દીકરીઓ ગર્વિષ્ટ છે. તેઓ માથું ઊંચું રાખીને કટાક્ષ મારતી, પગથી છમકારા કરતી, અને ઠમકતી, ઠમકતી ચાલે છે; તેથી પ્રભુ સિયોનની દીકરીઓના માથાને ઊંદરીવાળુ કરી નાખશે, અને યહોવાહ તેમને ઉઘાડાં કરશે. તે જ દિવસે પ્રભુ કલ્લાંની શોભા લઈ લેશે. માથાં બાંધણા, ચંદનહાર ઝુમખાં, બંગડીઓ, ઘુમટા; મુગટો, સાંકળા, પટકા, અત્તરદાની, માદળીયાં, વિંટી, નથ, ઉત્તમ વસ્ત્રો, ઝબ્ભાઓ, શાલો, વાટવા, આરસીઓ, બદનો, પાઘડીઓ તથા બુરખાઓ, એ બધું લઈ લેવાશે." (યશા. ૩:૧૬-૨૩)

પતિ-પત્નીત્વની ભાવના સમુળ ભુલાઈ ગઈ છે અને બાળકો તો જાણે ગમતાં જ ના હોય તેમ ઉત્પતિને જ રૂંધી નંખાઈ છે. માદકતા અને વાસનાનાં પાપો એ તો આજના જમાનાની સંસ્કૃતિ ગણાવા માંડી છે. ઊંચ કોટીના મનાતા સમાજમાં આ બાબતો હોવી જ ઘટે તેમ તેઓ માને છે.

**વિજ્ઞાન અને વિકાસ :**

આ જમાનાને યંત્રવાદનો સમય કહ્યો છે. જાતભાતનાં યંત્રો વિવિધ નાનીમોટી સ્વયં સંચાલિત સામગ્રીનાં યંત્રો આજકાલ ઢગલા-

બંધ જોવા મળે છે. માણસ પોતે જ આખું યંત્રવાદમાં ખૂંપી ગયું છે. ખુદ યંત્રવત્ બની ગયું છે. આજના આવા યંત્રવાદના ઉલ્લેખ પવિત્રશાસ્ત્ર-બાઇબલમાં જોવા મળે છે. વળી આજનો યંત્રવાદ અને શોધખોળ તેના આધારે જ થઈ હશે......

## વિમાન-હવાઈજહાજ-એરોપ્લેન :

"ઉડનારાં પક્ષીની પેઠે સૈન્યોનો દેવ યહોવાહ, યરૂશાલેમ પર આચ્છાદાન કરશે. તે આચ્છાદાન કરીને તેને છોડાવશે. તેને છોડાવીને રક્ષણ કરશે." (યશા. ૩૧:૫) આ શું વિમાનનો જ ઉલ્લેખ નથી?

## યાંત્રિક રથ-ગાડીઓ-મોટરકાર :

"રથો શેરીઓમાં ધુમાધુમ કરે છે. ચોકોમાં તેઓ એકબીજાની સાથે અથડાય છે; તેમનો દેખાવ મશાલોના જેવો છે, તેઓ વીજળીઓની પેઠે દોડે છે." (નાહુમ ૨:૪)

## અણુશક્તિ-એટમ બોમ્બ :

"પણ જેમ ચોર આવે છે તેમ પ્રભુનો દિવસ આવશે, તે વેળાએ આકાશો મોટી ગર્જના સહિત જતાં રહેશે; ને તત્વો અગ્નિથી પીગળી જશે, તેના આવવાની આતુરતાથી તમારે અપેક્ષા રાખવી." (૨પીત ૩:૧૨) અણુશક્તિ-એટમબોમ્બ સિવાય આ બીજી કઈ શક્તિ હોઈ શકે?

## ટેલિફોન-રેડીયો-રડાર :

યહોવાહ દેવ, અયુબ સાથે વાત કરતાં જણાવે છે કે "શું તું વીજળીઓને એવી રીતે ચમકાવી શકે કે તેઓ જઈને તને કહે કે અમે અહીં છીએ" (અયુબ ૩૮:૩૫). શું આ કથનમાં આ સાધનોના સંકેત નથી? દૂરદર્શન-T V—"જુઓ, તે વાદળાં સહિત આવે છે. દરેક આંખ, અને જેઓએ તેને વીંધ્યો તેઓ પણ

તેને જોશે. અને પૃથ્વી પરની સર્વ જાતિઓ તેને લીધે વિલાપ કરશે" (પ્રકટી. ૧:૭) "અને લોકો તથા કુળો તથા ભાષાઓ તથા દેશોમાંથી આવેલા માણસો સાડાત્રણ દિવસ સુધી તેઓનાં મુડદાં જુએ છે; અને તેઓનાં મુડદાં કબરમાં દાટવા દેતાં નથી" (પ્રકટી. ૧૧:૯) આ બન્ને દૃષ્યો અમુક જગાએ બનશે અને છતાં પૃથ્વીના સર્વ તે જોઈ શકશે. આની પાછળ T. V. જેવી કોઈ કરામતનો ઉલ્લેખ હશે એમ શું માની ના શકાય ?

**સંકટના સમયો અને સ્થિતિ :**

"અને લડાઈઓ તથા લડાઈઓની અફવાઓ તમારા સાંભળવામાં આવશે. પણ જો જો ગભરાતા ના, કેમ કે એ બધું થવાની અગત્ય છે. પણ તેટલેથી અંત નહિ આવે. કેમ કે પ્રજા પ્રજાની વિરૂદ્ધ તથા રાજ્ય રાજ્યની વિરૂદ્ધ ઊઠશે. દુકાળો તથા મરકીઓ તથા ઠેકાણે ઠેકાણે ધરતીકંપ થશે." (માથ્થી ૨૪:૬–૭).

"વળી હું આકાશો તથા પૃથ્વી પર અદ્ભુત કામો દેખાડીશ, એટલે લોહી, અગ્નિ તથા ધુમાડાના સ્તંભો. યહોવાહનો મોટો તથા ભયંકર દિવસ આવે તે પહેલાં સૂર્ય અંધકારરૂપ તથા ચંદ્ર લોહીરૂપ થઈ જશે" (યોએલ ૨:૩૦–૩૧) "મોટા મોટા ધરતીકંપો થશે; તથા ઠામેઠામ દુકાળો પડશે, તથા મરકીઓ ચાલશે; અને આકાશમાંથી ભયંકર ઉત્પાત તથા મોટાં મોટાં ચિન્હો થશે." (લુક ૨૧:૧૧)

આપણી ચેતવણી માટે આ કેટલું બધુ સ્પષ્ટ અને અગાઉથી કહેવામાં આવ્યું છે. જેથી આપણે ગાફેલ ન રહીએ.

**ઈસ્રાએલી પ્રજાનું સ્વદેશાગમન :**

આ છેલ્લા દિવસોમાં દેવ પોતાની પસંદ કરેલી દેશજાતી—ઇસ્રાએલી કોમ જે જગતના પટ પર વેરવિખેર થયેલી તેને પાછી વતનમાં એકઠી કરશે. "પણ ઇસ્રાએલના લોકને ઉત્તર દેશોમાંથી તથા જે જે દેશોમાં મેં તેમને હાંકી કાઢ્યા હતા, તે સર્વ દેશોમાંથી

બહાર કાઢી લાવનાર યહોવાહ જીવતો છે એવું કહેવાશે; અને તેઓ પોતાના વતનમાં રહેશે." (યિર્મે. ૨૩:૮) "હું તેમને પોતાના દેશમાં, ઇસ્રાએલના પર્વતો પર એક પ્રજા કરીશ; તે સર્વનો એક રાજા થશે; અને ત્યાર પછી તેઓ કદી બે પ્રજાઓ થશે નહિ. ફરીથી તેઓમાં કદી ફુટ પડીને બે રાજ્યો બનશે નહિ." (હઝ. ૩૭:૨૨)

દેવ પોતાનાં વચનોમાં અતિ ચોકકસ છે. દેવનું વચન સર્વકાળ સુધી કાયમ રહે છે. (યશા. ૪૦:૮) તે મુજબ જ લગભગ તેર સદીઓના વહાણાં વહી ગયાં; પણ આખરે દેવે પોતાની પ્રજાને એકઠી કરી અને ઈ. સ. ૧૯૪૭માં ઇસ્રાએલનું રાજ્ય ફરી પાછું સ્થાપન થયું. દેવની યોજના અગમ્ય છે.

હવે આ અને બીજા ઘણાં ચિન્હો અને ચેતવણી બાઇબલમાં આપેલાં છે. જ્ઞાની મન એનો વિચાર કરે. આ સાથે જ એ અગત્યની બાબત છે કે પૃથ્વીના છેડાઓ સુધી તારણની સુવાર્તા પ્રગટ કરાય. આ સુવાર્તાપ્રચારનાં અતિરેકમાં ડોળઘાલુ, જૂઠા ખ્રિસ્ત અને જૂઠા પ્રબોધકોનાં ભયસ્થાનો પણ છે, તે ધ્યાન રહે.

મિત્ર, શું આ તમારી ચેતવણી માટે નથી? જો તમે, તારણના પ્રણેતા પ્રભુ ઈસુમાં વિશ્વાસ કર્યો છે અને તેને જ તમારા તારણહાર તરીકે સ્વીકાર્યો છે; તો શું આ વાતો તમારા ઉતેજન માટે નથી?

જ્યારે, આ સઘળાં ભવિષ્ય કથનો અને ચિન્હો સ્પષ્ટ રીતે આપણી આગળ બનતાં અને પુરવાર થતાં જાય છે, ત્યારે સમય-વખત પાકી ચૂકયો છે. પ્રભુ ઈસુના આગમનના ભણકારા અને નોબતો દૂરથી સંભળાય છે, ત્યાર તમે જગતની અન્ય બાબતોમાં ગૂંથાઈ રહી શકો નહિ. ઊઠો, બહાર આવો. જુઓ, વરરાજા આવી રહ્યો છે. તેને વધાવી લેવા તૈયાર રહો. વરરાજા સૌ પ્રથમ તમને જોવા માગે છે. તમારી સંગતમાં, તમને ભેટવામાં, તમારી સાથે વાત કરવામાં તેને વધારે રસ છે. તેની નજર તમને શોધે છે. શું તમે આતુર અને તૈયાર છો?

## પ્રકરણ ૭

# ઈસુ ખ્રિસ્તના આગમન વિષે

લગભગ ૮૦૦ વર્ષ પહેલાં યશાયાહ પ્રબોધકે ભવિષ્ય કથન કહેલું કે "જુઓ, કુમારી ગર્ભવતી થઈને પુત્ર જણશે અને તેનું નામ તે 'ઈમાનુએલ' પાડશે." (યશા. ૭ : ૧૪) એ મુજબ જ સમયની સંપૂર્ણતાએ ઈસુ ખ્રિસ્તનો જન્મ મરીયમ કુંવારીના પેટે બેથલેહેમ ગામમાં થયો. દેવ પોતે મનુષ્ય પુત્ર બનીને આકાશમાંથી પૃથ્વી પર આવ્યો. આ ઈસુ ખ્રિસ્તનું પ્રથમ આગમન હતું. આ વખતે તે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસના રૂપમાં આવીને તેણે પોતાને ખાલી કર્યો. તે સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવા માટે આવ્યો. ખોવાયેલું શોધવા તથા તારવા સારુ તે અભિષેક મસીહ તરીકે આવ્યો.

વળી યશાયાહના પુસ્તકના ૫૩મા અધ્યાય મુજબ જ તેણે માનવજાતના પાપની ખંડણી ચૂકવવા, શાપિત એવું વધસ્તંભ પર મરણ વેઠયું. એ મરણ તેના પોતાના માટે નહોતું પણ એ તો સમગ્ર માનવજાત માટે હતું. માટે જ ત્રીજે દિવસે તે પુનરૂત્થાન થયો. ચાળીસ દિવસ સુધી શિષ્યોને તેમ જ બીજા ઘણાંને તેના જીવિતપણાની ખાતરી કરાવી; પાછો સ્વર્ગમાં–આકાશમાં ચઢી ગયો.

હવે ફરી તે પોતાના આપેલા વચન મુજબ પાછો આવે છે. જે હેતુ સારુ તેણે પ્રથમ આગમન વખતે પારાવાર દુઃખ સહન કરીને, મરણ હા, વધસ્તંભના મરણને આધીન થયો હતો. તે તારણના ભાગીદારોને પોતાની ખ્રિસ્તી મંડળીને લેવા આવે છે; આ તેનું બીજું આગમન હશે. આ વેળાએ તે જગતના રાજા

તરીકે અને ખ્રિસ્તી મંડળીના વરરાજા તરીકે આવે છે. વળી તે ઇસ્રાએલી પ્રજાના ઉદ્ધાર માટે તેમ જ જગતની સત્તાઓને તથા અધર્મને નાબૂદ કરવા આવે છે.

ઈસુ ખ્રિસ્તનું આ બીજું આગમન બે વિભાગમાં અને બે તબક્કે થનાર છે. પ્રથમ તબક્કે ઈસુ ખ્રિસ્ત સ્વર્ગમાંથી ઊતરીને અંતરીક્ષ એટલે કે પૃથ્વી ઉપર પણ આકાશથી નીચે, આકાશ તથા પૃથ્વીની અધવચ્ચમાં પ્રગટ થશે. ત્યારે જેઓ સર્વ તારણ પામેલાં જેઓ જીવનના પુસ્તકમાં નોંધાએલાં છે; તેઓ મૂએલાં અને જીવતાં બધાં જ ગગનમાં ઈસુને મળવા ખેંચાઇ-તણાઈ જશે.

તે પછી પૃથ્વી પર બાકી રહેલાંઓ પર સતાવણીના સમયો શરૂ થશે. આ બધો સમય સાત વર્ષના ગાળાનો થશે. આ સાત વર્ષ પૂરાં થયા પછી પ્રભુ ઈસુ પોતાની મહિમાવંતી મંડળીને લઈને અહીં આજ પૃથ્વી પર આવશે......

આ થશે બીજો વિભાગ અને તબક્કો. આ વખતે તે પૃથ્વી પર પોતાનું રાજ્ય સ્થાપશે. તે પોતે રાજા થશે. આ રાજ્યનો સમય એક હજાર વર્ષનો થશે. આ સમય દરમ્યાન ઘણી બાબતો અને બનાવો થશે.

હવે આ સત્ય હકીકતો અને ખસૂસ થનાર તેમ જ બનનાર બનાવો હોવા છતાં; લોકો તે પ્રત્યે બેદરકાર અને અજાણ્યાં રહે છે, એ એક આશ્ચર્ય પમાડનારી બાબત છે. શેતાનની આ એક મોટી માયાજાળ છે કે લોકો પ્રભુ ઈસુના પુનરાગમન વિષે ગાફેલ રહે; અને તો જ એ આગમન લંબાતું રહે.

જગતના લોકો આ બનાવ બાબતે અંધારામાં રહે છે, કેમ કે તેઓ તેનું મહત્ત્વ અને ઉપયોગીતા જાણતાં નથી. પરંતુ ખ્રિસ્તી

મંડળીઓ પણ આ બાબતે મંદ અને ઊંઘતી દેખાય છે; ત્યારે તે બહુ વિસ્મય પમાડે છે. કેમ કે પ્રભુ ઈસુનું પુનરાગમન એ તો નવો જન્મ પામેલ દરેક વ્યક્તિ અને સમગ્ર મંડળી માટે મોટામાં મોટી ધન્ય આશા અને ઘડી છે. સૌથી મોટામાં મોટો આનંદ અને અવસર છે.

મિત્રો, આ બનાવ પ્રત્યેની બેદરકારી અને હાલત, હમણાં સહેલી અને સારી પણ લાગે; પણ તે તમારા નુકસાન માટે જ થશે. (પ્રકટી. ૩ : ૧૬)

ડૉ. રસેલ અને સ્વીડનબાર્ગના અનુયાયીઓ તો વળી એમ માને છે, અને દાવો કરે છે કે ઈ. સ. ૧૮૪૪માં ઈસુ ખ્રિસ્તનું આ પૃથ્વી પર બીજું આગમન થઈ ગયું છે.

બીજા કેટલાક વિદ્વાન, માણસના મરણ સમયને જ આવું આગમન માને છે.

બાકી ઘણા ખ્રિસ્તીઓ એવો મત ધરાવે છે કે માણસના જીવનનું બદલાણ થાય અને પવિત્ર આત્માનું દાન મળે, એ જ ઈસુનું પુનરાગમન છે.

ત્યારે વળી કેટલાક તો આ પુનરાગમનમાં માનતા જ નથી. તેઓ કહે છે કે ઈસુ ખ્રિસ્તે પોતાને કરવાનું કાર્ય પ્રથમ આગમન વખતે જ સંપૂર્ણ કર્યું છે. હવે તેને પાછા આવવાની શી જરૂર છે? વળી માણસ પોતે પોતાના પ્રશ્નો પતાવી શકે તેમ છે માટે પણ ઈસુના પુનરાગમનની કશી જરૂર નથી.

વળી વિશેષ તો પ્રભુ ઈસુના પુનરાગમન માટે જીવનની તૈયારી જોઈએ અને આવી તૈયારી ભોગ અને ત્યાગ માગે છે, જે લોકોને ગમતાં નથી. માટે તેઓ પ્રભુ ઈસુના પુનરાગમન બાબતે દુર્લક્ષ રાખે છે.

પરંતુ માણસો ફાવે તે માનતા હોય; અગર વચનોના ગમે તેવા અર્થઘટન કરતા હોય; પણ તે સઘળી બાબતો અને સમજણ શેતાન પ્રેરિત છે.

ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન બહુ જ ચોક્કસ અને નિર્વિવાદ છે. એ માટે બે મત છે જ નહિ. પ્રભુ ઈસુ ફરી બીજીવાર આવશે અને આવશે જ. કેમ કે જુઓ, તેણે પોતે જ આવવાનું વચન આપ્યું છે. "હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું... હું પાછો આવીશ. અને તમને મારી પાસે લઈ જઈશ." (યોહાન ૧૪ : ૨–૩, ૨૮; ૧૬ : ૨૨; માત્થી ૧૬ : ૨૭)

આકાશના દૂતોએ ખાતરી આપી છે કે "એ જ ઈસુ, જેને તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યો છે તે, જેમ તમે તેને આકાશમાં જતાં જોયો છે તેમ જ પાછો આવશે. (પ્રે. કૃ. ૧ : ૧૦–૧૧)

ખ્રિસ્તી મંડળીના મહારથીઓએ, પ્રેરિતોએ આ બનાવ માટે બહુ સ્પષ્ટતાથી જણાવ્યું છે. (ફીલી. ૩ : ૨૦; હેબ્રી ૯ : ૨૮; ૨ પીત ૧ : ૧૬; યાકૂબ ૫ : ૭–૮; યહુદા ૧૪–૧૫; પ્રકટી. ૧ : ૭).

આ બનાવની ખાતરી બદ્ધતા અને અગત્યતા પ્રેરિતો જાણતા હતા, માટે જ તેઓએ આ બાબતને મોટું મહત્ત્વ આપ્યું છે. ( ૨ પીત ૩ : ૯; હેબ્રી ૧૦ : ૨૩–૨૫, ૩૭; પ્રકટી. ૨૨ : ૨૦)

એટલે ખ્રિસ્ત ઈસુનું બીજી વારનું આગમન એ નિર્વિવાદ અને નક્કર સત્ય છે. એમાં શંકાને સ્થાન જ નથી. હા, તેના આવવામાં વાર થઈ છે. પણ તે તમારે સારુ થઇ છે. પ્રભુ પ્રત્યેક માનવીને પૂરો અવકાશ અને તક આપવા માટે જ ધીરજ રાખે છે; કેમ કે આપણે તૈયાર થઈ જઈએ. વળી તે વિશ્વાસનીય દેવ છે; તેથી તે પોતાના વિષેના ભવિષ્યકથનો પૂરાં થાય એમાં જ રાજી છે. જુઓ, યશાયાહ ૧૧મો અધ્યાય વાંચો.

ઈસુએ પોતે કહેલી વાતો પૂરી કરવા તે અચૂક આવશે. (માથ્થી ૨૪ : ૨૭; ૨૫ : ૩૧)

શેતાનનું સામ્રાજ્ય બહુ વધી ગયું છે; તેને ડામવા-નાશ કરવા તેણે આવવાની મોટી જરૂર છે. કેમ કે શેતાનને હરાવી શકે તેવો એ જ એકલો બળીયો છે. (૨ થેસા. ૨ : ૭-૮)

ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ જેઓ વિશ્વાસથી તેના આવવાની વાટ જોઈ રહ્યા છે; તેમની ખાતર પણ તેણે આવવું જોઈએ. (હેબ્રી. ૧૧ : ૪૦)

અને છેલ્લે ઈસુ ખ્રિસ્ત વરરાજા, પોતાની કન્યાને લેવા આવશે જ, કેમ કે કન્યા વાટ જોઈને ઊભી છે. (પ્રકટી. ૨૨ : ૧૭)

આથી વિશેષ સ્પષ્ટતા અને ખાતરી બીજી કઈ હોઈ શકે?

## પ્રકરણ ૮

# મહા મોટો દિવસ

"વિલાપ કરો; કેમ કે યહોવાહનો દિવસ પાસે છે. તે સર્વસમર્થ પાસેથી સંહાર રૂપે આવશે." ..."જુઓ યહોવાહનો દિવસ આવે છે; ને દુઃખદાયક, કોપ તથા ઉગ્ર ક્રોધ સહિત દેશને ઉજ્જડ કરવા ને તેમાંથી પાપીઓનો વિનાશ કરવા સારુ આવે છે." (યશા. ૧૩ : ૬, ૯)

"સિયોનમાં રણશિંગડું વગાડો, ને મારા પવિત્ર પર્વતમાં ભયસૂચક નગારું વગાડો; દેશના સર્વ રહેવાસીઓ, તમે કાંપો; કેમ કે

યહોવાહનો દિવસ આવે છે. અંધકાર તથા ગમગીનીનો દિવસ, વાદળ તથા ઘાડા અંધકારનો દિવસ…" (યોએલ ૨ : ૧–૨ જુઓ ૧ : ૧૫)

"કેમ કે તે વેળા એવી મોટી વિપત્તી આવી પડશે કે તેના જેવી જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ" (માથ્થી ૨૪ : ૨૧ વાંચો સફાન્યાહ ૧ : ૧૪–૧૮; આમોસ ૫ : ૧૮–૨૦)

જગત આખું પ્રસૂતાની પીડાથી કષ્ટાતું છે. કેમ કે રાજ્ય રાજ્યની વિરૂદ્ધ, પ્રજા પ્રજાની વિરૂદ્ધ, લડાઈઓ, લડાઈની અફવાઓ, યુદ્ધની તૈયારી, ધાક અને ધમકીઓ, મરકી, રોગચાળા, દુકાળ, ઠેરઠેર ધરતીકંપ, મોંઘવારી, અછત, ચારે તરફના ઉલ્કાપાતમાં માનવી ચગદાઈ રહ્યું છે. શાંતિ વેરણ બની છે…… ત્યારે વળી, માણસો પોતે પણ માઝા–મર્યાદા મૂકી દઈને બેફામ રીતે શેતાનના રવાડે ચઢયાં છે. (૨ તીમોથી ૩ : ૧–૫) માનવી મરકટ બન્યું છે.

માણસ ભૂખ વેઠી શકે છે. ઊંઘ ઉજાગરા સહી શકે–હાડ ગાળી નાંખે તેવી ટાઢ અને બળબળતી ઝાળ–તાપ પણ વેઠાય… પણ માણસની કૃતઘ્નતા–અસહિષ્ણુતા–દગાબાજી–વિશ્વાસઘાતી ચુંબનો–વેઠવાં બહુ વસમા પડે છે. પણ હવે આભ ફાટયું ત્યાં થીગડું કયાં દેવાય !

હવે તો જેમ પ્રસૂતાને ધીરજ અપાય કે થોડી જ વારમાં પ્રસવ અને શાંતિ થશે; તેમ, "હું થોડી વારમાં આવું છું" અને હાશ ! કહેતાં "હે પ્રભુ ઈસુ, આવ" (પ્રકટી. ૨૨ : ૨૦) એ જ એકલો ઉપાય છે. એ જ એક બચવાનો આરો છે…… જેમ પ્રસૂતા એક બાજુ કષ્ટ અને બીજી તરફ બાળકની આશા એમ સુખ દુઃખનો અનુભવ કરે છે; તેમ જ યહોવાહનો આ દિવસ પણ દુઃખ અને

સુખનો અનુભવ કરાવનાર દિવસ છે. પ્રભુ ઇસુનું પુનરાગમન તેના પર વિશ્વાસ કરનારાઓ માટે અતિ આનંદ અને મહિમા આપનાર થશે. જ્યારે ખ્રિસ્તને કબૂલ નહિ કરનાર માટે આ દિવસ અસહ્ય સતાવણીનો અને દુ:ખનો દિવસ બનશે.

**૧. અવર્ણનીય આનંદ અને આશ્ચર્ય :**

કષ્ટ અને દુ:ખની રાત પૂરી થવા આવી છે. મળસકે પ્રભાતનો પ્રકાશિત તારો નવી આશા–નવો પ્રકાશ–નવો આનંદ જન્માવે છે. તેમ પ્રભાતના પોકાર પડયા. પહાડ પર્વતોમાં પડઘા પડયા. ઝાડપાન પવનમાં ડોલી–ઝૂકી ગયાં. ફૂલઝાડોની ફોરમ દિશાઓના ખૂણે ખૂણે ફેલાઈ ગઈ–પક્ષીઓના કલરવ ગાન ગૂંજી ઊઠયાં. પશુઓ ઠેકડા મારતાં નાચી રહ્યાં. ચોતરફ ફાગ ફગાયા અને ફટાકડા ફૂટયા......

આકાશી ગર્જના થઈ. સ્વર્ગે ઝગારા માર્યા. રણશિંગડાના સાદ સંભળાયા. દૂતની મોટી વાણી થઈ કે, વરરાજા આવ્યો છે. "રૂદન રાત પર્યંત રહે છે, પણ સવારમાં હર્ષાનંદ થાય છે. (ગીત. ૩૦ : ૫) વરરાજા આવ્યો. ચારે તરફ આનંદ–ઉમળકા–હર્ષ છલકાયાં. પૃથ્વી આનંદના અચંબામાં થથરી ગઈ. ઠેર ઠેર ભૂમિમાં ગાબડાં–તિરાડો પડી; કબરો ઊઘડી ગઈ, પણ બધી નહિ. જેઓ વિશ્વાસના સંતો–શહીદો–સાથી હતા તેઓની જ. વળી ઈસુ ખ્રિસ્તમાં જેઓ નવો જન્મ પામેલાં અને જીવનના પુસ્તકમાં નોંધાયેલાં તેઓ જ કબરમાંથી ઊઠયાં. ઊઠતાંની સાથે જ તેમનાં મર્ત્ય શરીરો રૂપાંતર પામીને અવિનાશી અને ઉત્થાન પામેલા ઈસુ ખ્રિસ્તના જેવાં થઈ ગયાં. આ પ્રથમ પુનરૂત્થાન હતું. જેઓ પ્રથમ પુનરૂત્થાનના ભાગીદાર બન્યા તેઓને ધન્ય છે.

તેઓ સર્વ ગગનમાં તણાઈ ગયાં. કેમ કે પ્રભુ ઈસુનું આ આગમન તે વાદળાંઓમાં પહેલા આસમાનમાં હતું. કેવું આશ્ચર્ય ! કેવું અદ્દભુત !

હવે આજ વેળાએ જેઓ જીવતાં રહેનારાં–પ્રભુ ઈસુના સંતો, સેવકો, મંડળીના સભ્યો, તેઓ જીવતાં ને જીવતાં જ રૂપાંતર પામીને પક્ષીઓની જેમ આકાશમાં ઊડવા માંડશે. આ બધું આંખના એક પલકારામાં બની જશે......જગતના લોકો માટે ભારે મૂંઝવણ–ગૂંચવણ અને વિમાસણરૂપ આ આખોય પ્રસંગ બનશે. ઠેર ઠેર, ચકલે-ચૌટે, દેશ–વિદેશ, પૃથ્વીના છેડાઓ સુધી, ઘરે ઘરનો આ પ્રશ્ન હશે. (માથ્થી ૨૪ : ૩૧ જુઓ, લુક ૧૭ : ૩૪–૩૬) તે રાત્રે ખાટલામાં બે જણ સૂતા હશે; બે સ્ત્રીઓ સાથે દળતી હશે; ખેતરમાં બે જણ સાથે કામ કરતા હશે. આ ત્રણે પ્રસંગો પરોઢિયાના બતાવ્યા છે. તેમાંની વ્યક્તિઓ વચ્ચે બહુ નિકટતા દર્શાવી છે. મતલબ કે તેઓ ભાઈઓ, બહેનો અથવા અંગત સગાં હશે. વળી આમાંથી એક જીવતું જ આકાશમાં તણાઈ–ખેંચાઈ જાય અને બીજું ફાટી આંખે જોઈ રહે. આવું રહસ્ય આખા જગત પર બને ત્યારે શું એ મૂંઝવણ અને વિમાસણ, તેમ જ નીચે રહી જનારની હાય હાય અને રડારોડ, ચકલે–ચૌટે, ઘરે અને બહાર, ગામે ગામ, થઈ રહેશે ......કેવો હોહાકાર ! કેવું અગમ્ય !

તરતાં વાદળાંની જગાએ આખું આકાશ, દેવના પસંદ કરાએલાં-ઓથી, જેઓ પૃથ્વી પરથી તણાઈ ગયાં અને ઉપરથી જ ઈસુ સાથે આવેલા, તેઓ સર્વનો એક મહામોટો મંડપ અંતરીક્ષમાં જ રચાશે. સગાંવહાલાં, પ્રભુના સેવકો, સંતો, અને વચ્ચે વરરાજા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે; સૌનું ભેટવું–મળવું, એ કેવા આનંદના રેળ રેલાશે! કેવા હર્ષના પોકારો-ગીતો અને મહાલા મહાલ–અવર્ણનીય આનંદ અને અકથ્ય એવો આ અદ્દભુત મેળાપ થશે. (૧ થેસા. ૪ : ૧૬–૧૮; ૧ કરંથી. ૧૫ : ૫૧–૫૮)

જ્યારે પૃથ્વી પર રહી જનારાની રડાપીટ અને હાયહાય બહુ વસમી બનશે. પોતાનાં વહાલાં ઉંચકાઈ ગયાં અને તેઓ રહી ગયાં તેની શરમીંદગી; તે ઉપરાંત હવે જગત પર જે વિપત્તી અને દુઃખ પડનારાં છે, તેને લીધે તેઓ હતાશ-નિર્ગત અને લાચાર થઈ જશે. (લુક ૨૧ : ૨૬)

પ્રભુ ઈસુની કન્યા-મંડળી-તેનાં પસંદ કરાયેલાં તેના લોકોને, પૃથ્વી પર પડનારાં દુઃખો અને સતાવણી વેઠવાં કે દેખવાં ન પડે માટે ઉપર ખેંચી લેવાયાં. દેવ પોતાની કન્યા-મંડળીને-પોતાનાં પસંદ કરેલાં કે જેઓએ આ જીવનમાં પોતાનાં વસ્ત્રોને હલવાનના-ઈસુ ખ્રિસ્તના રક્તમાં ધોઇને ઉજળાં કર્યાં, તેઓ માટે દેવની આ યોજના છે-દેવ પોતાનાંને જગતનાં સંકટોથી બચાવવા કેટલો આતુર અને યોજના બદ્ધ છે. તે અતિ ચોકકસ અને યોજના પૂર્ણ છે.

શું આ સમય માટે તમારી તૈયારી છે? ગગનમાં આવતા તમારા સ્વામી-તમારા પ્રિયતમને ભેટવા જવા શું તમે આતુર છો? તમારી નિકટતામાંથી તમારું વહાલું આકાશમાં ઊડી જશે, અને તમે ફાટે ડોળે જોઈ રહેશો, એ શું તમારાથી સહેવાશે?

જુઓ, પ્રભુ લેવા આવી રહ્યો છે. તેના પડઘો પડે છે; ત્યારે પણ તમારા માટે છેલ્લી તક, આ છેલ્લો ટકોરો છે. માત્ર પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, એટલે તું તારણ પામશે. બાપ કે મા, ભાઈ કે બહેન, પતિ કે પત્ની અથવા દીકરા-દીકરીનાં વિશ્વાસે તમે બચી શકશો જ નહિ. દેવ તમારો પોતાનો અંગત વિશ્વાસ માગે છે. તે માત્ર તમારા હૃદયની ઇચ્છા-આતુરતા-વિશ્વાસ જોવા અને જાણવા માગે છે. તે તમારું નામ દઈને બોલાવે છે. (યોહાન ૧૧ : ૨૮) તે તમારા પર પ્રેમ કરે છે. તમારો શો જવાબ છે? જિંદગીનાં થોડાંક વર્ષો તો શોક-સંકટ-સંતાપમાં વિતાવી શકયાં; પણ અનાદિ અનંતકાળ દુઃખ અને પીડા નહિ વેઠાય (લુક ૧૬ : ૨૫) માટે તમારાં હૃદય કઠણ ન કરો. વિલંબ ન કરો. જુઓ, આવો......

"બારણું છે ઉઘાડું, આવો રે,
પણ બંધ થશે જ્યારે, રે, શું કરશો ત્યારે ?
અફસોસ થશે તમને, આવો રે"......

## ૨. સતાવણી અને સંકટનો સમય :

હવે પૃથ્વી પર સતાવણી શરૂ થઈ. પૃથ્વી પર આ દુઃખ સતાવણી એટલી બધી કારમી અને અસહ્ય થશે કે તેના જેવી વિપત્તી પૃથ્વી ઉત્પન્ન થઈ ત્યારથી અત્યાર સુધી થઈ નથી. લોકો આ વિપત્તીમાંથી બચવા મોત માગશે અને મોતની સામા જશે પણ મોત થશે નહિ.

"જગતના રાજાઓ, મોટા માણસો, સેનાપતિઓ, શ્રીમંતો, પરાક્રમીઓ તથા દરેક દાસ અને સ્વતંત્ર એ તમામ ગુફાઓમાં તથા પહાડોના–ખડકોના ઓથે સંતાઈ ગયાં–તેઓ પહાડોને તથા ખડકોને કહે છે કે અમારા પર પડો; અને રાજ્યાસન પર બેઠેલાની નજર આગળથી તથા હલવાનના કોપથી અમને સંતાડો. કેમ કે તેઓના કોપનો મોટો દહાડો આવ્યો છે; અને કોનાથી ઊભું રહેવાય ! (પ્રકટી. ૬ : ૧૫–૧૭)

આ બધો સમય સાત વર્ષનો થશે. દાનીએલના પુસ્તકમાં આ સ્પષ્ટ છે. (દાની. ૯ : ૨૪–૨૭) વળી (પ્રકટી. ૧૧ : ૩) મુજબ ૧૨૬૦ દિવસનો અર્ધો સમય એટલે ૩½ વર્ષ અને બાકીનો સમય ૧૩ : ૫ મુજબ ૩½ વર્ષ બતાવાયો છે. કુલ સાત વર્ષનો આ સમય અતિ ભયંકર અને કષ્ટદાયક બનશે. આ બધા સમયને પવિત્રશાસ્ત્રમાં જુદાં જુદાં નામથી બતાવાયો છે. જેમ કે 'યાકુબના સંકટનો સમય' (યિર્મે. ૩૦ : ૭) આ ઈસ્રાએલ પ્રજાને સંબોધીને કહેવામાં આવ્યો છે. વળી (૧ થેસા. ૫ : ૨)માં તેને 'પ્રભુનો દિવસ' જણાવાયો છે. પ્રભુ આ જગતની

આડી પેઢી પર બદલો લેવા આવનાર છે. તેમ જ 'એ દિવસ,' 'મહાન દિવસ,' 'ભયંકર દિવસ' એમ આ સમયનો પવિત્રશાસ્ત્રમાં એકસો વાર ઉપરાંત ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ મહત્વ પૂર્ણ છે.

પૃથ્વી પર આ સમય માટે પડતાં મુકાયેલાંઓને અગાઉ પૂરી તક–સમય–ચેતવણી અપાયાં હતાં. પરંતુ ત્યારે તેમણે પ્રભુ ઈસુ ખ્રિસ્તને, હલવાનને ગણકાર્યો નહોતો. તેનાં વચનોની પરવા કરી નહોતી. પવિત્ર આત્માને તુચ્છકાર્યો હતો. ખ્રિસ્તની કન્યા–મંડળીની હાંસી ઉડાવી હતી. એ સર્વનો બદલો તેમની પાસેથી માગવાનો આ સમય આવ્યો હતો. તો પણ વિશેષ તો આ વિપત્તીનો સમય તેમને એક નવી તક પૂરી પાડવા માટે હતો.

હવે આવી ભયંકર સતાવણી અને તારાજી પાછળ પ્રભુ પરમેશ્વરનો શો હેતુ અને આશય હશે? દેવ તો દયાળુ, કોપ કરવામાં ધીમો પણ કૃપા કરવામાં ઉતાવળો એવો છે; ત્યારે એ જ આવો સંહાર કરે એ શા માટે?

ઘણીવાર ચોકકસ હેતુઓ હાંસલ કરવા કઠણ અને કોપાયમાન બનવું પડે છે. હાડમાં પેઠેલા તાવને કાઢવા કડવાં ઓસડ પાવાં પડે છે. અસાધ્ય તકલીફોમાં શસ્ત્રક્રિયા–છરી ફેરવવી જ પડે છે. એમ જ, દેવે ઈબ્રાહીમને પસંદ કરીને તેની સાથે જે કરાર કર્યો, તે કરારોમાં દેવ પોતે વિશ્વાસુ હતો. માટે આ સતાવણી દ્વારા તે ઈસ્રાએલ પ્રજાને તેના દુરાચારથી ફેરવીને તેમને પોતા તરફ વાળવા માગતો હતો. (રૂમી. ૧૧ : ૨૫–૨૬)

વળી જેઓ વિદેશી–અન્યધર્મી તેઓ સર્વને માટે પણ એક મોટી અને છેલ્લી તક પૂરી પાડવાનું મન દેવનું હતું. કદાપી દુઃખ પડવાથી તેઓ ખરા દેવ અને પ્રભુ તરફ વળે અને બચી જાય (યોએલ ૨ : ૩૨) જોકે કઠણ અને દુઃખી સમયમાં આ હશે પણ

આ છેલ્લી તક થશે. પણ ત્યારે એમ બનશે કે "જે અન્યાયી છે તે હજુ અન્યાય કર્યા કરે, અને જે મલીન છે તે વધારે મલીન થતો જાય" (પ્રકટી. ૨૨ : ૧૧).

વળી બીજો હેતુ પ્રભુ પરમેશ્વરનો એ હતો કે તે આ સતાવણી મારફતે જગતને તેની દુષ્ટતાથી ચોકખું કરે. પ્રભુ ઈસુ આ સતાવણી પૂરી થયા પછી આ જગત ઉપર જ પોતાનું રાજ્ય સ્થાપે તે અગાઉ ભુમિકા તૈયાર કરવા અધર્મનો નાશ કરવાની જરૂર છે. અને તો જ આનંદ, પ્રેમ અને શાંતિનું પવિત્ર રાજ્ય સ્થાપી શકાય.

ત્યારે આ સતાવણી કેવા પ્રકારની હશે ? ત્યારે શું શું બનશે ? પવિત્રશાસ્ત્રમાં આ બાબતે ઘણી બધી નાની અને મોટી વિગતો દર્શાવેલી છે. એ સર્વ અહીં લખવી મુશ્કેલ છે. પણ અમુક અગત્યની બાબતો વિષે થોડુંક જણવા પ્રયત્ન કરીશું.

૧. ઇસ્રાએલી પ્રજા–ઈબ્રાહીમથી ઉત્પન કરાયેલી ઈસ્રાએલી પ્રજા, તે દેવની પસંદ કરાયેલી પ્રજા તેમ જ દેવના ખાસ લોક હતા. પરંતુ તેમના હ્રદયની કઠણતાએ તેમને દેવથી વેગળા કર્યા. તેમનાં પાપના શાપથી તેઓ ગુલામ, રખડતી–રઝળતી, દુનિયાભરના દેશોમાં વેરવિખેર થઈ ગયેલી હતી. તેમનું વતન વિદેશીઓથી ખૂંદાઈ ગયેલું હતું. ઈસુ ખ્રિસ્ત પછી પહેલી જ સદીના પાછલા ભાગથી યરૂશાલેમ અને ઈસ્રાએલી પ્રજા લૂંટાઈ ગયાં હતાં. તેમનું મંદિર પાડી નંખાયું હતું. તેમના યજ્ઞ–અર્પણ–વિધિઓ કરવાની કોઈ જગા તેમની પાસે રહી નહિ. એવાં આજ સુધી ૧૯૦૦ વર્ષથી ઈસ્રાએલી પ્રજા પોતાની ધર્મક્રિયાઓ કર્યા વગરની અને વતન વગરની પૃથ્વીના પટ પર વેરાઈ ગયેલી રહી છે. એનું મુખ્ય કારણ એ હતું કે પ્રભુ ઈસુ ખ્રિસ્તને વધસ્થંભ પર મારી નાખતી વખતે તેમણે પોતે જ પોતાના માથે શ્રાપ વહોરી લીધો હતો. "એનું લોહી અમારે માથે તથા અમારાં સંતાનને માથે" (માથ્થી ૨૭ : ૨૪–૨૬)

પરંતુ દેવ વિશ્વાસનીય છે. 'છોરૂં કછોરૂં થાય પણ માવતર કમાવતર ન થાય.' એ કહેવત મુજબ; દેવ પોતાના કરારના બંધન મુજબ આ પ્રજાને તેમના વતનમાં પાછી એકઠી કરવા માગે છે. "ઓ યરૂશાલેમ, યરૂશાલેમ, પ્રબોધકોને મારી નાંખનાર, ને તારી પાસે મોકલેલાઓને પથ્થરે મારનાર! જેમ મરઘી પોતાનાં બચ્ચાંને પાંખો તળે એકઠાં કરે છે. તેમ તારાં છોકરાંને એકઠાં કરવાનું કેટલીવાર ચાહ્યું, પણ તમે ચાહ્યું નહિ. જુઓ, તમારે સારું તમારું ઘર ઉજ્જડ મુકાયું છે. કેમ કે હું તમને કહું છું કે જ્યાં સુધી તમે એમ નહિ કહો કે પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે, ત્યાં સુધી હવે તમે મને નહિ જ દેખશો." (માથ્થી ૨૩ : ૩૭-૩૯)

એ પ્રમાણે દેવ પોતાની મુરાદ અને કરાર પૂરા કરવા, અજાયબ જેવી રીતે પોતાની યોજનાઓ દ્વારા અને સમય પ્રમાણે તેણે આ ઈસ્રાએલીઓને તેમનું પોતાનું વતન અને રાજ્ય અપાવ્યું. ઈ. સ. ૧૯૪૭ માં ઈસ્રાએલીઓએ પોતાના વતનનો થોડોક ભાગ કબજે કર્યો. તેમનું રાજ સૈકાંઓ બાદ ફરી શરૂ થયું. ઈ. સ. ૧૯૬૭ માં તેમણે યરૂશાલેમનો કબજો લીધો, ત્યારથી જ તેઓ યરૂશાલેમમાંનું તેમનું મંદિર બાંધવાની તજવીજ અને પેરવીમાં છે; પણ મુશ્કેલી એ છે કે સૈકાંઓથી આરબોએ આ જગાઓ પર કબજો કરેલો અને હકૂમત ચલાવેલી; એટલે હાલ પણ યરૂશાલેમમાં સુલેમાન રાજાએ બાંધેલા મંદિરની જગાએ આરબોએ મસ્જિદ બાંધી છે. આ મસ્જિદ 'ડોમ ઓફ ધ રોક' કહેવાય છે; જેની ઉપર સોનાના ઢોળનો ઘુમટ છે. આ કારણથી આ જગાનો કબજો મળે તો જ મંદિર બંધાય. વળી બીજી જગાએ મંદિર બાંધી શકાય નહિ. કારણ કે પુરાતન કાળોથી દેવે આજ જગા પસંદ કરેલી અને દાઉદ રાજાને તે બતાવેલી. (૨ શમુ. ૨૪ : ૧૮-૨૫ વળી જુઓ, ઉત્પ. ૧૨ : ૭,૮; ૨૨ : ૯; ૨૮ : ૧૭-૨૨; ૨ કાળ. ૩ : ૧)

આ પ્રમાણે ઈસ્રાએલી પ્રજાને દેવે તેના પોતાના વતનમાં એકઠી કરવા માંડી છે. આજે યરૂશાલેમ અને ઈસ્રાએલી પ્રજા આખો કનાન દેશ કબજે કરશે અને ફરીથી આખી દુનિયાનું તે ધર્મ અને સંસ્કૃતિનું આકર્ષક સ્થાન બનશે. પ્રભુ દેવની ઇચ્છા અને યોજના મુજબ એમ બનશે. પ્રભુનું નામ આખી પૃથ્વીમાં મોટું અને સ્તુત્ય મનાશે. (યોએલ ૩ : ૧૬–૧૭; આમોસ ૯ : ૧૫; સફાન્યાહ ૩ : ૨૦; ઝખા. ૮ : ૨૩; ૧૪ : ૯) આપણો પ્રભુ દેવ કેવો મહાન અને ગૌરવી છે!

હવે આ થાય તે પહેલાં ઇસ્રાએલ, દુશ્મનોથી સતત ઘેરાયેલું અને તેમની બીકમાં તથા સતાવણી રહેશે. આજે પણ ઈસ્રાએલની વિરૂદ્ધમાં આરબો, અને મુસલમાનનાં સઘળાં રાજ્યો, તેમ જ રશિયા અને ભારત તથા સામ્યવાદી દેશો બધાં જ ઇસ્રાએલની વિરૂદ્ધ છે. કેમ કે ઈસુ ખ્રિસ્તના પોતાના જ શબ્દો હતા કે "જ્યારે યરૂશાલેમને ફોજોથી ઘેરાયેલું તમે જોશો, ત્યારે જાણજો કે તેનો ઉજ્જડ થવાનો સમય પાસે આવ્યો છે...કેમ કે એ વેર વાળવાના દિવસો છે; જેથી જે જે લખેલું છે તે બધું પૂરૂં થાય... કેમ કે તમારો ઉદ્ધાર પાસે આવ્યો છે એમ સમજવું." (લુક ૨૧ : ૨૦, ૨૮) આજે આ સર્વ વચનો કેટલાં સત્ય ઠરતાં આવ્યાં છે.

**૨. અધર્મનું જોર અને અસર :**

પ્રકટી. ૧૩ મુજબ, આ સત્તાવણીના સમયે એક શ્વાપદ પ્રગટ થયું. જેને સાત માથાં અને દશ શિંગડાં, જેના પર દશ મુગટ હતા. આ શ્વાપદ શેતાનના પરાક્રમથી વેષ્ઠિત હતું. તે આખી પૃથ્વી પર હકૂમત ચલાવશે. તેનો અમલ બહુ ત્રાસદાયક બનશે. આ વિષે દાનીએલના પુસ્તકમાં (૭ : ૨૩, ૨૬)જણાવ્યું છે.

હવે આ રાજકીય શ્વાપદ સાથે બીજું શ્વાપદ જોડાશે. તેના માથે બે શિંગડાં અને તેની બોલી અજગર–શેતાન જેવી હતી. તે

ધર્મનો વડો બનીને બધી સત્તા પોતાના હસ્તક લેશે. તે પૃથ્વીના લોકો પાસે પહેલા શ્વાપદની મૂર્તિની આરાધના કરાવશે. પહેલા શ્વાપદની છાપ, દરેક મનુષ્યના કપાળ અગર જમણા હાથ પર લેવાની-રાખવાની ફરજ પાડશે; વળી તેઓ જ જગતના વ્યવહારો, વેપાર રોજગાર, કરી શકશે.

આ શ્વાપદની સંજ્ઞા સૂચક સંખ્યા ૬૬૬ આપેલી છે. એ તેની છાપ મુદ્રા છે.

આંકડા શાસ્ત્રમાં અમુક આંકડાઓને અમુક અર્થ અપાયા છે. તે મુજબ ૬ના આંકને શેતાનની સંખ્યા ગણવામાં આવી છે. અહીં આપણે શેતાનની ત્રિપુટી જોઈએ છીએ. ભ્રષ્ટ રાજકીય સરમુખત્યાર, અધર્મી ધર્મનેતા અને તેમની સાથે શેતાન પોતે, એમ ભ્રષ્ટતાની આ ત્રિપુટી ભેગી થઈને આખા જગતને પ્રભુ પરમેશ્વરથી અલગ, દૂર વેગળે નાશના ગંદવાડમાં ખેંચી જવા અથાગ મહેનત કરે છે. આ શેતાનની ત્રિપુટી એટલે જ ૬૬૬.

જે પહેલું શ્વાપદ, રાજકીય સરમુખત્યાર છે, તે વિષે વધારે જાણવા અને સમજવા નીચેના પાઠો વાંચવા જરૂરી છે. ( હઝ. ૨૮: ૧–૧૦; દાની. ૭:૭–૮, ૨૦–૨૬; ૮:૨૩–૨૫; ૯:૨૬–૨૭; ૧૧:૩૬–૪૫; ૨ થેસા. ૨:૩–૧૦; પ્રકટી. ૧૭:૮–૧૪ )

છેલ્લા અને અંતના સમયોમાં આ રાજકીય શ્વાપદ તે રૂમી રાજ્ય બનશે. તેનાં દશ શિંગડાં તે યુરોપનાં દશ રાજ્યોનું એક સંગઠન થશે. અત્યાર સુધીમાં યુરોપના કોમન માર્કેટમાં નવ રાજ્યો જોડાયેલાં છે. આ દશ રાજ્યોના જૂથવાળી હકૂમત પ્રથમ ઇસ્રાએલ સાથે મૈત્રીના કરારથી જોડાશે. તેમની સાથે ભળી જશે, અને સતાવણીના સમયોના પાછલા ભાગમાં તેઓ ઇસ્રાએલની વિરૂદ્ધ થઈને

કરાર ભંગ કરશે. ત્યારે આખું ઇસ્રાએલ ખૂંદાઈ-ચૂંથાઈ જશે. ત્યારે આ શ્વાપદો જેઓ ઉજ્જડની અમંગળપણાની નિશાની તરીકે પવિત્ર જગામાં પ્રવેશ કરશે. (માથ્થી ૨૪:૧૫) વળી બેહદ અપવિત્રતા આચરશે, તેમ જ લોકોને ભ્રષ્ટતા તરફ વાળશે. આ શ્વાપદો જગતમાં અગાઉ ઉત્પન્ન થયેલા ભયંકર અને ધિક્કારપાત્ર સરમુખત્યારો કરતાં પણ વિશેષ ભ્રષ્ટ અને દુષ્ટ શેતાન હશે.

હવે આવા કપરા સમય વખતે પણ દેવ પોતાના લોકોને હૈયાધારણ માટે બે પ્રબોધકો ઊભા કરશે. તેઓ સતાવણીના પ્રથમ ભાગમાં એટલે ૧૨૬૦ દિવસ (પ્રકટી. ૧૧ : ૩) સુધી પ્રબોધ કરશે. તેઓ પરાક્રમથી ભરપૂર અને ચમત્કારો કરનારા થશે. આ દેવના શાહીદો સામે શ્વાપદો લડાઈ કરશે; અને તેમને મારી નાખશે. પણ ૩½ દિવસ તેમનાં મુડદાં રસ્તાઓ પર રઝળ્યા પછી તેઓ ફરી સજીવન થયા અને આકાશમાં ચઢી ગયા. આમ સતાવણીમાંથી દેવ પોતાને સારુ લોકોને બચાવવા માગે છે. જેમ 'બળતાં ખોયણાં' બચાવાય તેમ તે બચાવ કરે છે. (૧ કરંથી. ૩ : ૧૫; યહુદા ૧: ૨૩)

## ૩. સતાવણી અને પ્રકાર

આ સતાવણીના દિવસો એટલા બધા ભયંકર અને અસહ્ય હશે કે "પૃથ્વી ઉપર જે આવી પડવાનું છે, તેની બીકથી તથા વકીથી માણસો નિર્ગત થઈ જશે: કેમ કે ત્યારે આકાશનાં પરાક્રમો હાલી ઊઠશે" (લૂક ૨૧ : ૨૬).

હવે અહીં રાજ્યાસન પર બેઠેલાના હાથમાંથી સાત મુદ્રાઓ દેખાય છે. આ મુદ્રાઓ એક પછી એક તોડવામાં આવી, ત્યારે પૃથ્વી પર તેના અનર્થો ગુજરતા ગયા; અને લોકો ત્રાસ પામતા ગયા. (પ્રકટી. ૬)

**સાત મુદ્રા :** પ્રથમ મુદ્રા તોડવામાં આવી ત્યારે એક સફેદ ઘોડો અને તેના પર બેઠેલો એક જણ હતો તેના હાથમાં ધનુષ્ય હતું. તેના માથે મુગટ હતો. તે તેના પરાક્રમથી જીતતો અને જીતવા સારુ અહીં આવ્યો. આ તો જૂઠા ખ્રિસ્ત તરીકે પ્રગટ થયેલો અધર્મી હતો.

બીજી મુદ્રા તોડવામાં આવી ત્યારે લાલ ઘોડો પ્રગટ થયો. તેના પર બેઠેલાને આ પૃથ્વી પરથી શાંતિ લઈ લેવાની સત્તા અપાઈ. આ તો, લડાઈ-લડાઈની અફવાઓ, અને યુદ્ધોની ઉપમા હતી. તેના હાથમાંની તરવાર એ સર્વ પ્રજાઓ માટે બીક અને ભય સમાન હતી. U. N O. અને દુનિયાભરનાં રાજ્યોની પરિષદો-સંગઠનો, શાંતિ અને એખલાસ માટે કોઈ ઉકેલ લાવી શકે તેમ નથી.

ત્રીજી મુદ્રા તોડવામાં આવી ત્યારે એક કાળો ઘોડો બહાર આવ્યો. તેના પર જે બેઠેલો હતો તેના હાથમાં ત્રાજવાં હતાં. તે એમ કહેતો કે, "અડધે શેર ઘઉં, અને અડધે ત્રણ શેર જવ, પણ તેલ તથા દ્રાક્ષારસનો બગાડ તું ન કર." આ દુકાળ અને અછતની પરિસ્થિતિ દર્શાવે છે, તથા દુકાળદ્વારા થતી મરકી જાહેર કરે છે. આજે જગતના ઘણા ભાગોમાં દુકાળ અને તેને લીધે થતી મરકી એ રોજના બનાવ છે. દેશદેશ લોકોનો ખોરાક અને ચીજ વસ્તુની અછત અને મોંઘવારીમાં પ્રજા પીસાતી રહી છે.

ચોથી મુદ્રા તોડવામાં આવી ત્યારે એક ફિક્કા રંગનો ઘોડો દેખાયો. તેના ઉપર સવાર થઈને આવનાર તે મરણ હતું. તેની પાછળ હાડેસ ચાલતું હતું. હાડેસ એ તો અન્યાય અને પાપમાં મરેલાંને એકઠાં કરવાની જગા છે. (લુક ૧૬ : ૨૩) આ મરણ દ્વારા, તરવારથી દુકાળથી-રોગ દુઃખથી-તેમ જ પૃથ્વી પરનાં હિંસક શ્વાપદોથી, પૃથ્વી પરની ચોથા ભાગની વસ્તીનો નાશ કરાવાશે.

આવા પ્રકારની ભયંકર પરિસ્થિતિને લીધે, જ્યારે પાંચમી મુદ્રા તોડી ત્યારે મોટા પોકાર અને નિસાસા સંભળાયા. આ નિસાસા અને પોકાર તે સતાવણીના વખતમાં જે દેવના સાક્ષીઓ અને તેને જ વળગી રહેનારાં, જેઓને મારી નંખાયાં હતાં તેમના આત્મા હતા. તેઓ પોતાના રક્તના બદલા માટે ન્યાયશાસનની વાટ જોઈ રહ્યાં હતાં.

હવે જ્યારે છઠ્ઠી મુદ્રા તોડવામાં આવી ત્યારે મોટો ધરતીકંપ થયો. તેના ધુમાડા ઊંચે ચઢ્યા અને સૂર્ય કાળાશથી ઢંકાઈ ગયો. ચંદ્ર લોહી જેવો બન્યો, અને આકાશના તારાઓ પૃથ્વી પર ખરી પડ્યા. વળી આ ધરતીકંપની ભયંકરતા એટલી બધી હતી કે પહાડો તથા સમુદ્રમાંના બેટો પોતાની જગ્યાએથી ખસેડાઈ ગયા. ભયંકર ઊથલપાથલ થઈ રહેશે કેમ કે દેવના હલવાનનો આ કોપ અસહ્ય બનશે.

છેલ્લે, સાતમી મુદ્રા તોડી (પ્રકટી. ૮) ત્યારે એક ઘડી સુધી આખા આકાશમાં મૌન છવાઈ ગયું; અને દેવની આગળ ઊભેલા બીજા સાત દૂતો દેખાયા. આ દૂતોના હાથમાં રણશિંગડાં હતાં.

**સાત રણશિંગડાં :**

આ દૂતોમાંના પહેલાએ રણશિંગડું વગાડ્યું ત્યારે પૃથ્વી પર રકત મિશ્રિત કરા અને આગ નાખવામાં આવ્યાં. તેથી પૃથ્વી પરનાં ઝાડો તથા લીલોતરીનો ત્રીજો ભાગ બાળી નંખાયો.

બીજા દૂતના રણશિંગડાના અવાજથી સમુદ્રો પર અગ્નિના મોટા પહાડ ફેંકાયા. તેથી સમુદ્રો લોહી જેવા થઈ ગયા. તેમાંનાં માછલાં, જીવજંતુ સર્વનો ત્રીજો ભાગ નાશ પામ્યો. વહાણો–સ્ટીમરો સબમરીનો સર્વનો ત્રીજો ભાગ નાશ કરાયો.

ત્રીજા દૂતના રણશિંગડાના અવાજ સાથે નદીઓનાં પાણી પર એક સળગતો તારો નંખાયો. નદીઓ-ઝરાઓ-ઝરણાનાં પાણીનો ત્રીજો ભાગ કડવાં ઝેર બની ગયાં. આ પાણીથી અગણિત માણસો-જનાવર મરી ગયાં.

ચોથા દૂતે વગાડયું ત્યારે સૂર્ય-ચંદ્ર તારાના ત્રીજા ભાગ પર પ્રહાર થયા, અને તેઓ અંધકારરૂપ બની ગયા.

હવે પાંચમાં દૂતે રણશિંગડું વગાડયું (પ્રકટી. ૯) એટલે આકાશમાંથી એક તારો પૃથ્વી પર પડયો અને ઊંડાણનો ખાડો ઊઘડયો; તેમાંથી ધુમાડો નીકળ્યો અને સૂર્ય તથા વાતાવરણ અંધરાઈ ગયાં. વળી આ ધુમાડાથી તીડો આવ્યાં, તેમના ડંખ વિંછીના ડંખ જેવા વેદનાકારક હતા. તેઓએ પૃથ્વી પરનાં પાપીઓને એટલે જેમણે આ સતાવણીના સમયમાં પણ દેવને કબૂલ કર્યો નહિ, પણ પોતે કઠણ થયાં તેઓને ડંખ્યાં. આ ડંખની પીડા પાંચ મહિના સુધી રહે તેવી તીવ્ર હતી. તિડોનાં રૂપ વિકરાળ હતાં. તેઓ હેબ્રી ભાષામાં 'આબ્બાદોન' અને ગ્રીકમાં 'આપોલ્યોન' કહેવાય છે. જેનો અર્થ 'સંહારક' થાય છે.

છઠ્ઠા દૂતે વગાડયું ( પ્રકટી. ૯ : ૧૩ ). ત્યારે જુઓ યુફ્રેટિસ નદી પરના ચાર દૂતો છોડવામાં આવ્યા. તેઓએ પૃથ્વી પરનાં માણસોનો ત્રીજો ભાગ મારી નાખ્યો. આ ચાર દૂતોની સાથે જે લશ્કર હતું તેની સંખ્યા વીસ કરોડની હતી. તેમના ઘોડાના મોંમાંથી નીકળતા અગ્નિ, ધુમાડા અને ગંધકથી માણસોનો સંહાર કર્યો.

ઠીક આજ સમયે મોટો ધરતીકંપ થયો અને યરૂશાલેમ નગરનો દશમા ભાગનો નાશ થયો, અને સાત હજાર લોકો માર્યા ગયા. ત્યારે બાકી રહેનારાંએ આકાશના દેવને સ્તુત્ય માન્યો. (પ્રકટી. ૧૧ : ૧૩) અહીં સતાવણીનાં પ્રથમ ૩½ વર્ષ પૂરાં થયાં.

હવે સાતમા દૂતે રણશિંગડું વગાડયું (પ્રકટી. ૧૧ : ૧૫). ત્યારે આકાશમાં મોટી વાણીઓ થઈ અને કહ્યું કે આ જગતનું રાજ્ય હવે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું થયું છે. ત્યારે ચોવીસ વડીલોએ દેવની આરાધના કરી. તે વેળાએ વીજળીઓ–વાણીઓ–ગર્જનાઓ તથા ધરતીકંપ થયા અને કરા પડયા. વળી આકાશમાં મોટા બનાવો બન્યા (પ્રકટી. ૧૨). જુઓ સૂર્યથી વેષ્ટિત એક સ્ત્રી જોવામાં આવી તેના પગ તળે ચંદ્ર અને તેના માથા પર બાર તારાનો મુગટ હતો. તે ગર્ભવતી હતી–તે પ્રસૂતાની વેદનાથી પીડાતી હતી; ત્યારે એક મોટો લાલ અજગર જેને સાત માથાં અને દશ શિંગડાં હતાં અને માથા પર મુગટ હતા, તે ક્રોધાયમાન હતો. તેથી તેણે પોતાના પૂંછડા વડે આકાશના તારાઓનો ત્રીજો ભાગ ખેંચી કાઢી નીચે નાખ્યો. વળી એ સ્ત્રી ગર્ભવતી હતી. તેને પ્રસવ થાય તે બાળકને ગળી જવા અજગર ટાંપી રહ્યો. પરંતુ સ્ત્રીને જે દીકરો જન્મ્યો તેને તરત જ ઉપાડીને દેવ પાસે તેના રાજ્યાસન પાસે લઈ જવાયો કેમ કે તે સર્વ દેશના લોકો પર રાજા થવાનો હતો. તેમ જ સ્ત્રીને અરણ્યમાં લઈ જવામાં આવી. અહીં તેણે બાકીનો વખત ૧૨૬૦ દિવસ વિતાવવાના હતા. આ સ્ત્રી તે દેવની ઇસ્રાએલી પ્રજા છે. (યશા. ૬૬ : ૭-૧૦) તેના આ પ્રસવથી તેમનામાં ખ્રિસ્ત પ્રગટ થયો.

અજગરની મુરાદ ફળી નહિ, તેથી આકાશમાં મોટી લડાઈ જાગી. મિખાએલ તથા તેના દૂતો, અજગરના દૂતો સાથે લડયા. મિખાએલના દૂતોએ, અજગર તથા દૂતોને હરાવ્યા અને તેઓ સર્વને પૃથ્વી પર નાખી દેવાયા. હવે પછી આકાશમાં તેમને પેસવા દેવાશે નહિ. તે જ વેળા આકાશમાં મોટો આનંદ થયો, અને વાણીઓ થઈ કે "તારણ–પરાક્રમ તથા અમારા દેવનું રાજ્ય તથા ખ્રિસ્તનો અધિકાર આવ્યાં છે."

ત્યારે પૃથ્વી પર ફેંકાઈ ગયેલા અજગરે-શેતાને, ઈસ્રાએલી પ્રજાને અને જેઓ ખ્રિસ્ત ઈસુ પર વિશ્વાસ કરનારાં અને વળગી રહેનારાં, તેઓની તેણે બાકી રહેલા સમયનાં ૩½ વર્ષમાં ખૂબ સતાવણી કરી. પ્રકટી. ૧૩માંના શ્વાપદો જે એક રાજકીય સરમુખત્યાર અને બીજો અધર્મી ધર્મનેતા – જેઓ વિષે આગળ જોઈ ગયા. આ શ્વાપદો અને અજગર ભેગા મળીને, સ્ત્રીને દેવની પ્રજા – પસંદ કરાયેલા લોકની અનહદ સતાવણી કરશે અને ત્રાસ વર્તાવશે.

પરંતુ આપણો પ્રભુ દેવ જે સર્વશક્તિમાન – સર્વજ્ઞાની અને સર્વવ્યાપક છે; તે પોતાની યોજનાઓમાં બહુ નિપૂણ અને ચોક્કસ છે. આવા સતાવણીના કાળા કાળમાં પણ લોકો જેઓની નજર દેવ તરફ છે તેઓને તથા બીજાઓને પણ હૈયાધારણ મળે માટે અંતરિક્ષમાં ઊડતા દૂતને સનાતન સુવાર્તા પ્રગટ કરવા નીમવામાં આવ્યો. તેણે લોકોને હિંમત અને અભય વચનો આપ્યાં. લોકોને છેલ્લા સમયનાં બળ અને પરાક્રમ આપ્યાં. (પ્રકટી. ૧૪ : ૬–૭)

ત્યાર પછી ઉઘડેલાં આકાશમાં બીજા સાત દૂતો દેખાયા. તેઓ સર્વના હાથમાં સોનાનાં પ્યાલા હતા. આ પ્યાલા અનર્થથી ભરેલા હતા. દૂતોની છાતી પર સોનાના પટ્ટા બાંધેલા હતા. સતાવણીનો આ છેલ્લો તબક્કો હતો.

**સાત અનર્થના પ્યાલા :** પહેલા દૂતે પોતાના હાથમાંનો પ્યાલો પૃથ્વી પર રેડયો, ત્યારે સૌ પ્રથમ જેઓએ આ સતાવણીના સમય વખતે શ્વાપદના પક્ષના બનીને તેની છાપ લીધી હતી. તેઓ સર્વના શરીરે ધારાં-ગુમડાં નીકળ્યાં. આ ધારા બહુ પીડાકારક હતાં.

બીજા દૂતે પ્યાલું રેડયું એટલે સમુદ્રો મુડદાના લોહી જેવા થઈ ગયા. તેમાંનાં પ્રત્યેક સજીવનો નાશ થયો.

ત્રીજા દૂતનો પ્યાલો નદીઓ પર રેડાયો; એટલે નદીઓ-ઝરાઓનાં પાણી લોહી બની ગયાં. લોકો તે પી શકયા નહિ.

ચોથા દૂતે પોતાના હાથમાંનો પ્યાલો સૂર્ય પર રેડયો. તેથી સૂર્ય અતિશય ગરમ થયો. તેની ગરમીથી લોકો દાઝયાં અને બાળી નંખાયાં.

પાંચમા દૂતે, શ્વાપદના રાજ્યાસન પર પ્યાલો રેડયો. એટલે તેના રાજ્યમાં સર્વત્ર અંધકાર છવાઈ ગયો. અધર્મ અને અંધકાર ભેગાં મળ્યાં. તેઓએ દેવની નિંદા કરી પણ પોતાનાં પાપનો પસ્તાવો કર્યો નહિ.

છઠ્ઠા દૂતે, યુફ્રેટિસ નદી પર પ્યાલો રેડી દીધો. એટલે યુફ્રેટિસ નદીનાં પાણી બળીને સુકાઈ ગયાં. લોકોના આવવા જવાનો સીધો અને સરળ રસ્તો બની ગયો. આજ વેળાએ અજગર-શેતાન, રાજકીય શ્વાપદ તથા અધર્મી પ્રબોધક એ ત્રણેના મોંમાંથી દેડકાં નીકળ્યાં. આ દેડકાં તે ત્રણ અશુદ્ધ ભૂતોના આત્માઓ હતા. તેમણે સર્વ લોકોને ભમાવીને વધારે હઠીલા-કઠણ બનાવ્યા; જેથી તેઓ દેવની સામે લડાઈ કરી શકે.

તે પછી સાતમા દૂતે પોતાના હાથમાંનો પ્યાલો રેડી દીધો, ત્યારે એક મોટી વાણી થઈ કે 'સમાપ્ત થયું' તે વખતે ભારે ગર્જનાઓ-વાણીઓ અને વીજળીઓ થઈ. ભયંકર અને ભારે મોટો ધરતીકંપ થયો. એની ભયાનકતાથી સમુદ્રોમાંના બેટો અદ્દશ્ય થઈ ગયા અને પહાડો ખસેડાઈ ગયા અને પત્તો લાગ્યો નહિ. એ ઉપરાંત આકાશમાંથી એક એક મણના વજનના મોટા કરા તૂટી પડયા અને માણસોનો કચ્ચરઘાણ વાળી દીધો.

આ છેલ્લા અનર્થો બહુ જ ભારે અને વેઠાય નહિ તેવા હતા. એ રીતે સતાવણીનો સમય અને સતાવણીના પ્રકાર બહુ જ કારમા અને

દુઃખદાયક હતા. આ સાત વર્ષનો સમય જગત માટે બહુ જ દુઃખદ અને વિકટ બનશે.

ત્યારે આ જગત સાથે આવી કારમી સતાવણી ઉતારવાના કારણભૂત બનનારાં કેટલાંક વાનાં હતાં, જેઓને મળેલા નતિજા બાબતે થોડુંક જોઈએ.

**બાબેલોન-વેશ્યા સ્ત્રી :** (પ્રકટી. ૧૭ : ૧-૭)

અહીં આ એક મોટી વેશ્યાનું દશ્ય છે. તે ઘણા પાણી પર એટલે કે પ્રજાઓ પર બેઠેલી છે. તે એક કિરમજી રંગના શ્વાપદ પર સવાર થયેલી છે. તેનાં વસ્ત્રો જાંબુઆ-કિરમજી રંગના ભભકાદાર છે. તેનાં અલંકાર આભૂષણો, સોના-હિરા-મોતી અને રત્નોનાં છે; જે વડે તે શણગારાયેલી છે. તેના હાથમાં સોનાનું પ્યાલું છે, પણ તે નર્યા વ્યભિચાર-દુરાચાર અને મલીનતાથી ભરેલું છે. તેના કપાળ પર તેનું નામ લખેલું છે. તે 'મર્મ, મહાન બાબેલોન.'

આ મર્મ એ છે કે બાબેલોન નગરી એ સઘળા ભ્રષ્ટાચાર પાપ અને મલીનતાની જન્મભૂમિ-માતા છે. પુરાતન કાળોમાં જ્યારથી માનવજાતિએ પ્રગતી-સંસ્કૃતિની શરૂઆત કરી; એટલે કે બાબેલના બુરજની બાંધણીની શરૂઆત થઈ ત્યારથી સંસ્કૃતિની વિકૃતિ થતી આવી છે. આ પ્રકારની વિકૃત સંસ્કૃતિ શરૂ કરનાર નિમ્રોદ હતો. (ઉત્પ. ૧૦ : ૮; ૧૧ : ૨-૪) તે બાબેલનો હતો. વળી બાબેલનો મૂળ અર્થ 'ગૂંચવાડો' થાય છે. આજે પણ જગત આખું ગૂંચવાડામાં ગૂંચાઈ ગયેલું છે. કશી પ્રકારનો કોઈ ઉકેલ થતો નથી.

બાબેલોન પછી કાળાંતરે ચઢતી પડતીના વારાફેરામાં ઈટાલી દેશના રોમનું સામ્રાજ્ય બળવાન થયું; અને બાબેલની બધી જ મેલી રમતો-કરામતો-રીત-રસમો રોમમાં દાખલ થઈ. રોમ, ધર્મ

અને સંસ્કૃતિનું કેન્દ્ર બન્યું. ખ્રિસ્તી ધર્મ અને મંડળીનો જન્મ યરૂશાલેમમાં થયો. પણ તેનો ઉછેર રોમમાં થયો. એ બદકિસ્મતે ખ્રિસ્તી ધર્મમાં જૂના પુરાણા રીતરિવાજો અને અનેક ગૂંચવાડા તેમાં દાખલ થયા, તે આજ દિન સુધી ચાલ્યા આવ્યા છે.

એમ જે વિકૃત–પતિત–ભ્રષ્ટ થયેલો ખ્રિસ્તી સમાજ બન્યો તે જ આ વેશ્યા છે. (યશા. ૧ : ૨૧; યિર્મે. ૨ : ૨૦; હઝ ૧૬ : ૨૦-૨૩; હોશીયા ૨ : ૨–૭)

આ વેશ્યા સ્ત્રી જે શ્વાપદ પર બેઠેલી છે; તે શ્વાપદને સાત માથાં અને દશ શિંગડાં છે. તે ઈશ્વર નિંદક નામોથી ભરપૂર હતું. તેથી ગૂંચવાડા ખાતર તેણે ઘણા દેવ–દેવીઓની આરાધના શરૂ કરી. આ કરવામાં રોમન કેથોલીક સમાજે મુખ્ય ભાગ ભજવ્યો છે. વેશ્યા બનનાર તે પ્રથમ છે; અને પછી પ્રોટેસ્ટંટ મંડળીઓમાં પણ એ વેશ્યાવૃત્તિનો વત્તા ઓછા પ્રમાણમાં પ્રવેશ થયેલો છે. આ ભ્રષ્ટ થયેલો ખ્રિસ્તી સમાજ એ જ આ વેશ્યા છે, એમ કહેવું વધારે યોગ્ય છે.

હવે જે શ્વાપદ પર આ વેશ્યા સ્ત્રી બેઠેલી છે, તે શ્વાપદ હવે વેશ્યાનો દ્વેષ કરશે, તેને પાયમાલ કરી નગ્ન કરશે, નાશ કરશે. જેથી દેવની ઇચ્છા પૂરી થાય. (પ્રકટી. ૧૮ : ૧–૨૦) આ વેશ્યા સ્ત્રીના નાશ સાથે જ તેના સમર્થકો અને ચલાવનારા તેઓ એટલે શ્વાપદનો પણ નાશ થયો.

ઘણા જેઓએ તક–સમય–ચેતવણી અને છેલ્લી વખતની સતાવણી થયા છતાં પોતાનાં મન જડ અને કઠણ કર્યાં; પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર્યો નહિ તેઓ, સર્વ અનંતકાળના નાશને સારુ નકકી થઈ ગયાં. ઓહ! કેવો કરૂણ અંજામ!

એટલા માટે આ વેશ્યા–ભ્રષ્ટ ખ્રિસ્તી સમાજમાંથી નીકળી જવા તેનાથી અલગ થવા જુઓ, ખાસ ચેતવણી અપાઈ છે. "ઓ મારા લોક, તમે તેનાં પાપના ભાગીદાર ન થાઓ; અને તેના પર આવનારા અનર્થોમાંના કોઈ તમારા પર ન આવે માટે તેમાંથી નીકળી જાઓ." (પ્રકટી. ૧૮ : ૪)

મિત્રો, ખ્રિસ્તી–સમાજ–સંસ્થા એ તમારો આશરો નથી. રીત–રિવાજો, કર્મકાંડ, માન્યતાઓ એ તમને ઉગારી શકનારાં નથી જ. ઊંચી-નીચી મંડળીનું સભ્યપદ કે સેવાકાર્ય, તમને દેવના–હલવાનના કોપથી બચાવી શકે તેમ નથી. તમારો ગઢ–કિલ્લો–આશરો–બચવાની જગા એક જ છે, અને તે ઈસુ ખ્રિસ્ત પોતે છે. તેનું શરણું સ્વીકારો. તેની જ ગોદમાં તમે સલામત રહી શકશો.

જુઓ, તેની દયા કેટલી બધી છે. મરતા ચોરને કહેલા શબ્દો, આજે તમારા માટે પણ ગૂંજી રહ્યા છે. "આજ, તું મારી સાથે પારાદૈશમાં હોઈશ." ગભરાશો ના, તે તમારાં પાપ નહિ પૂછે. શું આ છેલ્લી તક સ્વીકારશો ?

**આરમાગેદોનની લડાઈ** – (પ્રકટી. ૧૬ : ૧૪–૧૬; ૧૯ : ૧૧-૨૦)

સતાવણી એટલે સતની વાણી... ગમે તે ગામ કે ઘર, ગમે તે દુધાળાં જનાવરનું દૂધ એકઠું કરી તેને તાવીને મલાઈ–માખણ બનાવાય. મલાઈ–માખણની અગ્નિ દ્વારા તાવણી થાય-બરાબર વલોવાય ત્યારે જ તેમાંથી બગરૂ–બગાડ છૂટાં પડે છે. નીતરીને ચોખ્ખું ઘી બને છે. એની આગવી સુગંધ હોય છે. તેનાં ગુણ પોષક-શક્તિદાયક બને છે. દૂધનું રૂપાંતર થઈ ગયું. તેનું રૂપ-રંગ–ગુણ સર્વ બદલાઈ ગયાં. ખ્રિસ્તી જીવન એવું જ છે. ગમે તે દેશનાં–કુળનાં–ભાષાનાં–રંગનાં, રાજા કે રંક, શુદ્ધ–અશુદ્ધ, ગમે તે સતની તાવણીમાં તવાઈને

રૂપાંતર પામે છે, તે એક નવી જ ઉત્પત્તિ બને છે. "એક શરીર-મંડળી, એક આત્મા, એક વિશ્વાસ, એક બાપ્તિસ્મા", એ સર્વની ઐક્યતાના એક પ્રતિકરૂપ બને છે. "જુઓ, સર્વ દેશોમાંથી આવેલા, સર્વ કુળના, લોકના તથા ભાષાના, કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા, તેઓ રાજ્યાસનની આગળ તથા હલવાનની આગળ ઊભેલા હતા. તેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા હતા. તેઓના હાથમાં ખજૂરીની ડાળીઓ હતી..." (પ્રકટી. ૭ : ૯–૧૭)

હવે, 'આરમાગેદ્દોન' શબ્દ આખા બાઇબલમાં એક જ વાર આવે છે. પરંતુ તેનું મહત્ત્વ ઘણું બધું છે. કેમ કે આ લડાઈ તે જગતના પટ પરની છેલ્લી થશે. આ લડાઇ તે ધર્મ અને અધર્મની, સત અને અસતની થશે. આવી લડાઈનું આ નામ એ માટે અપાયું છે કે 'મગીદ્દોન' ખીણમાં તે લડાવાની છે. મગીદ્દોન ગામ પુરાતન કાળો જૂનું છે. (યહોશુઆ ૧૨ : ૨૧; ૧૭ : ૧૧) મગીદ્દોન ગામ પહાડોના નાકા પર અને ગાલીલ, સમરૂન, અને યહુદાહમાં દાખલ થવાના ધોરી માર્ગ પર દવાજાની ચાવી રૂપ ગામ હોવાથી, સુલેમાન રાજાએ આ ગામને વિકસાવી તેને એક શક્તિશાળી લડાયક મથક બનાવ્યું. તેની કિલ્લેબંધી કરાવી. (૧ રાજા ૯ : ૧૫).

સુલેમાન રાજા પાસે ૪૦ હજાર ઘોડા, ૧૨ હજાર ઘોડેસ્વાર, તેમ જ ચૌદસો રથ હતા. (૨ કાળ. ૧ : ૧૪) આ બધું લ્હાવ લશ્કર યરૂશાલેમ રાજધાનીમાં તથા મગીદ્દોન નગરમાં, એમ બે જગાએ રખાતું. તેથી મગીદ્દોનને રથોનું નગર પણ કહેવામાં આવતું.

મગીદ્દોનની ખીણ બહુ ફળદ્રુપ ભૂમિ છે. તેની સાથે યહોશાફાટની ખીણ પણ ભેગી મળતાં આ ઘણી વિશાળ જગા છે. વળી ચોતરથી પહાડોથી ઘેરાયેલી બહુ સુરક્ષિત જગા છે. પુરાતન કાળોમાં અહીં ઘણી લડાઈઓ લડાઈ છે. મગીદ્દોન કારમેલ પહાડની દક્ષિણમાં પૂર્વ બાજુ લગભગ આઠેક માઈલ દૂર આવેલું છે.

હવે આરમાગેદ્દોનની લડાઇ જે અહીં જ લડાવાની છે તે વિષે આગળ જોઇએ. આ લડાઈ રાજ્ય–દેશ કે સંપત્તિ માટેની નહિ બલ્કે ધર્મ-અધર્મની થશે. ધર્મનો જય થઈ, પ્રભુ પરમેશ્વર એ જ એકલો આખા જગત પર મહિમાવાન અને માટેની હશે. ધર્મ–સત્ય અનાદિ અનંત છે. અધર્મ–અસત્ય ક્ષણભંગુર છે. એ આખરી ફેંસલો અહીં થનાર છે.

જે છઠ્ઠા દૂતે પોતાનું પ્યાલું યુફ્રેટિસ નદી પર રેડયું અને તેનાં પાણી સુકાઈ તથા લોકોના અવરજવરનો રસ્તો બન્યો. વળી જે ત્રણ અશુદ્ધ ભૂતોના આત્મા દેડકારૂપે નીકળ્યા હતા; તેમણે આખા જગતના રાજાઓ અને નેતાઓને ભમાવ્યા કે તેઓ યરૂશાલેમ પર ચઢાઈ કરે. એ મુજબ ઉગમણા એટલે પૂર્વના દેશો તથા ઇસ્રાએલની આસપાસના દેશોએ ચઢાઈ કરી. આ દેશોમાં ગોગ–માગોગ એટલે રશિયા–ચીન; મેશેખ, તુબ્બાલ, ઈરાન, કુશ એટલે ઈથીયોપીયા, લીબીયા, ચીસ તેમ જ બધા આરબ દેશો અને ભારત એ સર્વનાં લશ્કરો ચઢી આવ્યાં. તેમની સાથે બાબેલોન-અધર્મની માતા–વેશ્યા પણ હતી. આ સર્વનો આગેવાન તે અધર્મી શ્વાપદ બનશે.
( હઝ. ૩ : ૧–૪; યોએલ ૩ : ૧–૧૧ )

ખૂનખાર આ લડાઈ જંગમાં યરૂશાલેમ અને પ્રજા ખૂંદાઈ ગયાં. લૂંટાઈને પાયમાલ થઈ ગયાં. તેમ છતાં ઈશ્વર પોતાની પસંદ કરેલી પ્રજાને તથા તેને અપાયેલા વતનને ભૂલે તેવો નહોતો.

ત્યારે જુઓ, એકાએક આકાશ ઊઘડયું અને એક શ્વેત ઘોડો તથા તેના પર બેઠેલો દેખાયાં. ઘોડા પર બેઠેલાની આંખો અગ્નિની જવાળા જેવી અને માથા પર ઘણા મુગટ હતા. તેણે લોહીથી છંટાયેલો ઝભ્ભો પહેરેલો હતો. તેનું નામ 'દેવનો શબ્દ' છે. વળી તેના ઝભ્ભા પર તથા તેની જાંગ પર 'રાજાઓનો રાજા તથા પ્રભુઓનો

પ્રભુ' એવું નામ લખેલું હતું. તેની પાછળ આકાશનાં સૈન્યો, શ્વેત ઘોડા પર તથા ઉજળાં શુદ્ધ, બારીક શણનાં વસ્ત્રો પહેરીને ચાલ્યાં. તેઓએ જગતનાં રાજ્યો સાથે લડાઈ કરીને તેમને હરાવ્યાં. મારી નાખ્યાં. પરંતુ અધર્મી શ્વાપદ તથા જૂઠા પ્રબોધક બંન્ને ગંધકથી બાળનારી અગ્નિની ખાઈમાં નાખી દેવાયા. બાબેલોન વેશ્યાનો સમૂળો નાશ કરાયો. બરાબર આજ સમયે આકાશમાંથી ઊતરતો એક દૂત દેખાયો. તેના હાથમાં ઊંડાણની કૂંચી હતી. તેમ જ મોટી સાંકળ હતી. તેણે શેતાન જે ઘરડો અજગર–સર્પ, તેને પકડયો અને સાંકળથી બાંધીને ઊંડાણમાં નાખી દીધો અને ખાડો બંધ કરી દીધો. જેથી હવે પછી તે લોકોને ભુલાવે નહિ. એમ અધર્મનું સામ્રાજ્ય તોડી નંખાયુ. સતાવણી પૂરી થઈ.

**

ત્યારે આકાશમાં મોટા જનસમૂહની વાણી અને હર્ષ–આનંદના પોકાર સંભળાયા. હાલેલૂયાહના નારાઓથી આખું આકાશ ગાજી રહ્યું. વાણીઓ સંભળાઈ કે આપણા દેવને તારણ, મહિમા તથા પરાક્રમ છે. તેણે પોતાના લોહીનો બદલો લીધો છે.

ત્યારે ચાર પ્રાણી અને ચોવીસ વડીલો તથા આકાશના સર્વ સૈન્યે દેવની દંડવત પ્રણામ કરીને આરાધના કરી અને કહ્યું...... આમેન, હાલેલૂયાહ.

તે વેળાએ દેવના સર્વ સેવકો નાના અને મોટા, તેનાથી બીનારા સર્વએ પાણીના ધોધ જેવી મોટી ગર્જનાથી દેવની સ્તુતિ કરી, કે હવે આપણો સર્વશક્તિમાન પ્રભુ દેવ રાજ કરે છે.

વળી લોકોમાં આનંદના ફાગ ફગાવાયા. નાચવા કૂદવા લાગ્યાં. કે હલવાનના લગ્નનો દિવસ આવ્યો છે. કન્યા તૈયાર થઈ ચૂકી છે. લગ્ન જમણમાં ભાગ લેનારાં પણ એ ધન્ય ઘડી માટે થનગની રહ્યાં.

પ્રભુ તારી પ્રભુતા અપરંપાર છે! તારી યોજનાઓને કોણ ઉથલાવી શકે!

આરમાગેદ્દોનની લડાઇ તો પૂરી થઈ ગઈ. પણ તેની ભયાનકતા અને દુર્ગંધ રહ્યાં. આ યુદ્ધમાં મરાએલાંનાં મુડદાં દાટવા તથા ભૂમિને સાફ કરતાં સાત મહિના લાગ્યા (હઝ. ૩૯ : ૧૧–૧૬). તે ઉપરાંત અંતરીક્ષનાં સર્વ પક્ષી તથા જંગલનાં શ્વાપદ-જનાવર ચારે દિશાથી એકઠાં કરાયાં. તેઓ પણ મુડદાંને ભક્ષ કરી ગયાં. તેમને માટે આ મોટી મિજબાની થઈ. (હઝ. ૩૯ : ૧૭–૨૦; પ્રકટી. ૧૯ : ૧૭)

તેમને માટે પણ માંસની આ છેલ્લી મિજબાની હશે.

## પ્રકરણ ૯

# પુનરૂત્થાન

પુનરૂત્થાન એ ખ્રિસ્તી ધર્મ અને જીવનના પાયાનો એક મુખ્ય પથ્થર છે. આ ઇમારતનો આધાર સ્થંભ છે, અને ટોચનો સોનેરી કળશ છે. આ એક મહાન મર્મ અને રહસ્ય છે. પાપનો મુસારો મરણ હતું જેણે આજ દિન સુધી મનુષ્ય જીવનમાં રાજ કર્યું. પરંતુ ઈસુ ખ્રિસ્તે આ મરણને નેસ્તનાબૂદ કર્યું. મરણ, જયમાં ગરક થઈ ગયું. મરણનો ડંખ-પાપની જડ કાઢી નાખી. ખ્રિસ્ત ઈસુ, પુનરૂત્થાનનું પ્રથમ ફળ-પુનરૂત્થાનનો પ્રભુ બન્યો.

હવે વિનાશી શરીરો અવિનાશી અને મર્ત્ય માનવી અમરત્વ ધારણ કરે એ માટે દેવે પુનરૂત્થાનના પરાક્રમને સારુ તમને તેડયા છે. ઈસુ ખ્રિસ્ત પોતે જ પુનરૂત્થાન તથા જીવન છે. એ પુનરૂત્થાનની અવગણના તમે કરી ના શકો.

જોકે આ પુનરૂત્થાન એ એક મહાન કોયડો છે. ઘણાઓ એ વિષે તર્કવિતર્ક કરે છે. મૂએલાંને શી રીતે ઉઠાડવામાં આવે છે? તેઓ કેવાં શરીર ધારણ કરીને આવશે?

પુનરૂત્થાનની અભિલાષા રાખનાર દરેકને માટે આ જાણવું અને સમજવું એ જરૂરતું અને વ્યાજબી છે. તેથી પ્રભુ દેવનો આભાર માનીએ કે તેણે આવી કોઈપણ બાબતથી આપણને અજાણ્યાં રાખ્યા નથી. તેના સેવકો અને સંતોને પ્રેરણા અને સમજણ આપી, આપણા માટે એ સર્વ વાતો પવિત્રશાસ્ત્રમાં લખાવ્યાં છે. એટલું જ કે, દેવની મદદથી આપણે એ ધર્મલેખોનું મનન કરીને શીખીએ અને જાણીએ... હવે પુનરૂત્થાન દ્વારા જે આપણાં જીવનોનું રૂપાંતર થવાનું છે તે વિષે વિગતે જોઇએ ..

સૌ પ્રથમ એ સ્પષ્ટ જાણીએ કે પુનરૂત્થાનમાં આપણે આપણા અગ્રેસર અને ઉત્થાન પામેલા ઈસુ ખ્રિસ્તના જેવાં જ થઈશું. "હાલ આપણે દેવનાં છોકરાં છીએ, અને આપણે કેવાં થઈશું તે હજી સુધી પ્રગટ થયું નથી. આપણે એટલું તો જાણીએ છીએ કે જ્યારે તે પ્રગટ થશે, ત્યારે તેના જેવાં આપણે થઈશું." (૧ યોહાન ૩ : ૨)

"જે સામર્થ્યથી સર્વને પોતાને આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી અધમાવસ્થામાંના શરીરનું એવું રૂપાંતર કરશે કે તે તેના મહિમાવાન શરીરના જેવું થાય." (ફીલી. ૩ : ૨૧)

"તેણે અગાઉથી ઠરાવ્યું હતું કે તેઓ તેના દીકરાની પ્રતિમા જેવા થાય." (રૂમી. ૮ : ૨૯)

"જેમ આપણે માટીનાની પ્રતિમા ધારણ કરી છે, તેમ સ્વર્ગીયની પ્રતિમા પણ ધારણ કરીશું." (૧ કરંથી. ૧૫ : ૪૯)

ત્યારે હવે, ઉત્થાન પામેલા ખ્રિસ્ત ઈસુનું શરીર કેવું હતું ? તે આપણે દેવનાં વચનોમાંથી જોઈએ.

૧. ખરેખરૂં અને નક્કર શરીર–મનુષ્ય દેહ– (લુક ૨૪ : ૩૯, ૪૩)

૨. એ જ શરીર, જે અગાઉ હતું તે જ ચિહ્નો સહિત. (યોહાન ૨૦ : ૨૦)

૩. ઓળખી શકાય તેવું–એ જ રૂપરંગ અને આકાર. (માથ્થી ૨૮ : ૯; લુક ૧૬ : ૨૩)

૪. નહિ દીઠેલાંઓને પણ ઓળખીશું. (માર્ક ૯ : ૪ ; માથ્થી ૮ : ૧૧)

૫. એનું એ જ વ્યક્તિત્વ, બોલી, રીત અને આદત. (લુક ૨૪ : ૩૫)

૬. માંદગી કે મરણ થશે જ નહિ. (પ્રકટી. ૨૧ : ૪; યશા. ૩૩ : ૪૪)

૭. વીજળીકગતિ સમાન શરીરો. (લુક ૨૪ : ૧૫)

૮. ગમે ત્યાં આરપાર પ્રવેશી શકે તેવું. કશાથી રોકાય નહિ તેવું, અને અભેદ્ય તેમ જ શક્તિશાળી. (યોહાન. ૨૦ : ૧૯)

૯. દ્રશ્ય તથા અદ્રશ્ય બની શકે તેવું. (લુક ૨૪ : ૩૧)

૧૦. અંતરીક્ષમાં ઊડી શકે તેવું. (લુક. ૨૪ : ૫૧ ; ૧ થેસા. ૪ : ૧૭)

૧૧. અવિનાશી અને અમર શરીર. (૧ કરંથી. ૧૫ : ૪૨)

આવા અદ્દભુત શરીર અને રૂપાંતર પામેલાં જીવનની આપણી ઇચ્છા છે ? તેને માટે આપણે તૈયાર છીએ ?

સંત પાઉલ પોતાનાથી બનતું બધું જ કરવાને તત્પર હતો. (ફીલી. ૩ : ૧૧) તેનું જે કંઈ હતું તે બધું જ ખ્રિસ્તને ખાતર નકામું ગણ્યું. (૩ : ૧-૮) અને એ જ આશામાં તે નિશાન ભણી દોડતો જ રહ્યો. (૩ : ૧૪)

શું આ ધન્ય આશા માટે તમારી ઇંતેજારી છે ?

સ્ત્રી જન્મ પ્રત્યેક માનવી માત્ર, જે સર્વ મરે છે તે પ્રત્યેકનું પુનરૂત્થાન તો થવાનું જ છે; એમાં કોઈ જ શક કે શંકા છે જ નહિ. પરંતુ જેઓ સર્વ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસમાં મરણ પામે છે, તેઓનું ઉત્થાન થશે અને તેઓ અનંતજીવનના આનંદ માટે પ્રભુના માંડવામાં રહેશે. જ્યારે જેઓ શેતાનના પક્ષમાં રહીને મરે છે, તેઓ પણ પાછા ઊઠશે, પણ ન્યાયશાસન તેમને સર્વકાળ માટે નર્કના ઊંડા ખાડામાં ધકેલી દેશે; જ્યાં રડવું તથા દાંત પીસવું થશે.

તમે તમારો અનંતકાળ ક્યાં ભોગવવા ઇચ્છો છો ? તમારા પોતાના ભલામાં જ જો રાજી હો, તો પ્રભુ ઈસુના પક્ષમાં આવો. તેને જ તમારો પ્રભુ અને તારનાર સ્વીકારો. "તારા દેવને મળવાને તૈયાર થા." કેમ કે, પોતાના દેવને ઓળખનારા લોકો બળવાન થશે. તેઓ પરાક્રમી કામો કરશે. તેઓ જ્ઞાની થશે અને ઘણાઓને તેઓ શીખવશે. (દાની. ૧૧ : ૩૨)

## પ્રકરણ ૧૦

# ખ્રિસ્તનું પૃથ્વી પર આગમન

સતાવણીનાં સાત વર્ષ પૂરાં થયા. અધર્મનો નાશ થયો. શેતાન ઊંડાણના ખાડામાં પુરાયો. પૃથ્વી પરથી પાપનો ભાર ઓછો થયો. ધરતી સ્વચ્છ થઈ. અનીતિનાં રાજ્યો રહ્યાં નહિ. એક ટોળું એક ઘેટાંપાળક થયાં. જગતે શાંતિના શ્વાસ લીધા.

ત્યારે પ્રભુ ઈસુ જે પોતાની કન્યા સાથે અંતરીક્ષમાં એટલે પહેલા આસમાનમાં, જ્યાં સાત વર્ષથી મંડપરૂપે હતો; તે હવે સર્વને સાથે લઈ પૃથ્વી પર આવ્યો. આજ પૃથ્વી પર.

જેમ દૂતોએ કહ્યું હતું કે "ગાલીલના માણસો, તમે આકાશ તરફ જોતા કેમ ઊભા રહ્યા છો? એ જ ઈસુ, જેને તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યો છે, તે જેમ તમે તેને આકાશમાં જતાં જોયો છે તેમ જ પાછો આવશે" (પ્રે. કૃ. ૧ : ૧૧). "તે દિવસે તેના પગ યરૂશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઊભા રહેશે; અને જૈતુન પર્વત વચ્ચોવચથી પૂર્વ તરફ અને પશ્ચિમ તરફ ફાટશે. જેથી બહુ મોટી ખીણ થઈ જશે; અડધો પર્વત ઉત્તર તરફ અને અડધો દક્ષિણ તરફ ખસી જશે." (ઝખા. ૧૪ : ૪) "દેવ સિયોનમાંથી ગર્જના કરશે, ને યરૂશાલેમથી ઘાંટો કાઢશે. આકાશ તથા પૃથ્વી કાંપશે; પણ દેવ પોતાના લોકનો આશ્રય થશે. તે ઈસ્રાએલ લોકનો ગઢ થશે. (યોએલ ૩ : ૧૬–૧૭)

### ઈસુ રાજાધિરાજ :

ઉપરોક્ત શાસ્ત્ર વચનો મુજબ જ ઈસુ પોતાની કન્યાને લઈને જૈતુન પહાડ ઉપર ઉતરશે. આ એ જ જગા હશે કે જ્યાંથી તેનું પોતાનું સ્વર્ગારોહણ થયું હતું. પછી યરૂશાલેમમાં આવશે. ત્યાં તે પોતાના બાપદાદા દાઉદની ગાદી પર રાજા તરીકે બેસશે. તે આખી પૃથ્વી પર રાજા થશે. (ઝખા. ૧૪ : ૯) આ આગાહી ઈસુનો ગર્ભ રહેતાં પહેલાં જ મરીયમને કહેવામાં આવી હતી. "દેવ પ્રભુ, તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે. તે યાકૂબના ઘર પર સર્વકાળ રાજ કરશે; ને તેના રાજ્યનો અંત આવશે નહિ." (લુક ૧ : ૩૨–૩૩)

તે સર્વ પ્રજાઓ અને ભાષાઓ બોલનાર પર રાજા થશે; અને તેની સત્તા સનાતન અન તેનું રાજ્ય અવિનાશી થશે. (દાની. ૭ : ૧૪; ૨ : ૪૪) ને આખી પૃથ્વીનો રાજાધિરાજ થશે.

"જુઓ, એક રાજા ન્યાયથી રાજ કરશે, ને સરદારો ઇન્સાફથી અધિકાર ચલાવશે." (યશા. ૩૨ : ૧)

"હે ભાગળો, તમારાં માથાં ઊંચા કરો; હે પુરાતન દ્વારો તમે ઊંચા થાઓ એટલે ગૌરવવાન રાજા અંદર આવશે......... આ ગૌરવવાન રાજા તે કોણ? સૈન્યોનો યહોવાહ તે જ ગૌરવવાન રાજા છે." (ગીત. ૨૪ : ૭–૧૦)

આવા ગૌરવી અને પ્રતાપી રાજાના આગમન સાથે જ જગતે કરવટ બદલી. પૃથ્વીનું કલેવર બદલાવા માંડયું.

### પૃથ્વીનું પરિવર્તન :

પ્રભુ ઈસુનો અમલ શરૂ થતાં જ પૃથ્વીનું નવીનીકરણ આપોઆપ જ થવા લાગ્યું. અત્યાર સુધી અધર્મના વહીવટોમાં પૃથ્વી

પ્રસૂતાની વેદનાથી કષ્ટાતી હતી. (રૂમી. ૮ : ૨૨) પણ હવે ઈસુ ખ્રિસ્તનું રાજ થવાથી પૃથ્વીએ પોતાનું રૂપ બદલવા માંડ્યું.

"અરણ્યમાં પાણી અને વનમાં નાળાં ફૂટી નીકળશે, મૃગજળ તે તલાવડી, ને તરસી ભૂમિ તે પાણીના ઝરા થઈ થશે." (યશા ૩૫ : ૬–૭) વળી સૂકી ભૂમિ અને અરણ્ય તે ફળદ્રુપ બનશે. ફળફૂલથી વૈભવી બનશે. (૩૫ : ૧–૨) "હું વર્ષાઋતુમાં વરસાદ વરસાવીશ, આશીર્વાદનાં ઝાપટાં આવશે, વળી ખેતરોમાંના ઝાડોને ફળ આવશે, પૃથ્વી પોતાની ઉપજ આપશે." (હઝ. ૩૪ : ૨૬–૨૭) "તેઓ કહેશે કે આ ભૂમિ જે વેરાન હતી તે હમણાં એદનવાડી જેવી થઈ પડી છે." (હઝ. ૩૬ : ૩૫)

"ત્યારે પર્વતો તથા ટેકરીઓ હર્ષનાદ કરવા માંડશે, અને ખેતરનાં સર્વ ઝાડ તાળી પાડશે. કાંટાના ઝાડને ઠેકાણે દેવદાર અને રાની ગુલાબને ઠેકાણે મેંદી ઉગશે; તે યહોવાહની નામનાં તરીકે કદી નાશ પામે નહિ એવું અનંતકાળ સુધીનું સ્મારક થશે." (યશા. ૫૫ : ૧૨–૧૩)

એમ ધરતીએ પોતાનું કલેવર બદલ્યું. નવા રાજાનું ઉમળકાભેર સ્વાગત કર્યું. કુદરતની મહેક ફોરમે રાજાની વધામણી ચારે તરફ ફેલાવી.

**જગતની મરામત :**

ધરતીએ રૂપ ગ્રહણ કર્યું; ત્યારે જગત પણ મરામત અને નવીનતા તરફ વળ્યું. ઉજ્જડ તથા ખંડીયેર નગરોની આસપાસ કોટ બંધાયા અને તેમાં વસ્તી થઈ. તૂટી પડેલા મકાનો નવાં બંધાયાં અને વેરાનમાં વાવેતર થયાં. (હઝ. ૩૬ : ૩૫–૩૬)

જુઓ, આપણો રાજા, આપણો પ્રભુ કેવો શક્તિશાળી છે. તે ડુંગરા અને અરણ્યને બદલી નાખશે. (યશા. ૪૧ : ૧૮–૧૯)

"જેઓ તારાથી ઉત્પન્ન થશે તેઓ પુરાતન કાળનાં ખંડીયેરોને બાંધશે; ઘણી પેઢીઓના પાયા પર તું ચણતર કરીશ. તું ફાટોને સમારનાર ને ધોરી માર્ગોને મરામત કરનાર કહેવાઈશ." (યશા. ૫૮ : ૧૨)

## માનવજીવન અને સમાજ :

માનવજીવનનું રૂપાંતર પણ તાદશ બનતું ગયું. દરેક મનુષ્ય નાનાં તેમ જ મોટાં સૌ આધ્યાત્મ તરફ વળતાં ચાલ્યાં. "પછી પ્રભુને ઓળખ એમ કહીને દરેક પોતાના પડોશીને તથા દરેક પોતાના ભાઈને શીખવશે નહિ; કેમ કે તેઓમાંના નાનાથી મોટા સુધી સર્વ મને ઓળખશે." (હેબ્રી. ૮ : ૧૧)

"યરૂશાલેમ સામે ચઢી આવેલી સર્વ પ્રજાઓમાંનો બચી ગયેલો દરેક જણ રાજાની એટલે સૈન્યોના દેવ યહોવાની આરાધના કરવા તથા માંડવા પર્વ પાળવા વર્ષોવર્ષ જશે." (ઝખા. ૧૪ : ૧૬) વળી ઘણી પ્રજાઓ અને અન્ય જાતિઓ તેમ જ દરેક ભાષા બોલનારી દેશ જાતિઓ, સૈન્યના દેવ યહોવાહની શોધ કરવા તથા તેની કૃપા યાચવા સારુ યરૂશાલેમ આવશે. વળી તેઓમાંના દશ માણસો એક યહૂદીના લૂગડાંની ચાળ પકડીને કહેશે કે અમે તારી સાથે આવીશું; કેમ કે અમે સાંભળ્યું છે કે દેવ તમારી સાથે છે. (ઝખા. ૮ : ૨૨–૨૩)

"મારા આખા પવિત્ર પર્વતમાં કોઈપણ ઉપદ્રવ કરશે નહિ, તેમ વિનાશ કરશે નહિ. કેમ કે જેમ સમુદ્ર પાણીથી ભરપૂર છે, તે પ્રમાણે પૃથ્વી યહોવાહના જ્ઞાનથી ભરપૂર થશે." (યશા. ૧૧ : ૯) તેમ જ દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે. (ફીલી. ૨ : ૧૧)

ઉપર મુજબ, મનુષ્ય જીવનોનું ભવ્ય પરિવર્તન થયા પછી, કોઈપણ અધર્મી કે અન્યધર્મી રહેશે નહિ. સૌ એક જ ઈશ્વરની

આરાધના કરનારાં બનશે. ત્યારે સિયોનમાં રહેનારી પ્રજા જોરથી પોકારશે. કેમ કે ઇસ્રાએલનો પવિત્ર દેવ તેઓમાં મોટો મનાયો છે. (યશા. ૧૨ : ૧-૬) એક ટાળું-એક ઘેટાંપાળક થશે.

"હું મારો નિયમ તેઓનાં હૃદયમાં મૂકીશ, તેઓના હૃદયપટ પર તે લખીશ. હું તેઓનો દેવ થઈશ, ને તેઓ મારા લોક થશે." (યિર્મે. ૩૧ : ૩૩)

"તે આપણને તેના માર્ગ શિખવશે, ને આપણે તેના માર્ગમાં ચાલીશું કેમ કે નિયમશાસ્ત્ર સિયોનમાંથી ને યહોવાહનાં વચન યરૂશાલેમથી નીકળશે." (યશા. ૨ : ૩)

હવે, તેઓ પોતાની તરવારોને ટીપીને કોશો અને પોતાના ભાલાઓનાં ધારીયાં બનાવશે. પ્રજાઓ એકબીજીની વિરૂદ્ધ તરવાર ઉગામશે નહિ અને તેઓ ફરીથી યુદ્ધકળા શીખશે નહિ. (યશા. ૨: ૪)

દરેકના જીવનમાં નવો એખલાસ, બંધુપ્રેમ, સંપ પેદા થયાં. ઉપદ્રવ કરવાની વૃત્તિ સમૂળી જતી રહી. દરેક એકબીજાને ટેકારૂપ બનવાની તક દેખતાં થયા. નિડરતા અને વિશ્વાસ પેદા થયાં.

ત્યારે માનવજીવનમાં નવી તંદુરસ્તી આવી. નવાં જોમ-ઉમંગ અને શક્તિ આવ્યાં. "ન્યાયી માણસ તાડની પેઠે ખિલશે; તે લબાનોનના દેવદારની પેઠે વધશે...... તેઓ ઘડપણમાં પણ ફળદાયક થશે. તેઓ રસે ભરેલા તથા લીલા રહેશે." (ગીત. ૯૨ : ૧૨-૧૪)

સૈન્યોનો દેવ યહોવાહ કહે છે કે ફરીથી વૃદ્ધ પુરૂષો તથા સ્રીઓ ઘણી પાકી વયને લીધે પોતાના હાથમાં લાકડીઓ લઈને તેનો ટેકો દઈને યરૂશાલેમની શેરીઓમાં બેસશે. વળી તે નગરની શેરીઓ રમતાં છોકરાં તથા છોડીઓથી ભરપૂર થશે. (ઝખા. ૮ : ૪-૫)

"ત્યાંથી ફરી થોડા દિવસોનું ધાવણું બાળક અથવા જેના દિવસો પૂરા થયા નથી એવો ઘરડો માણસ મળી આવશે નહિ.

કેમ કે જુવાન સો વરસની ઉંમરે મરશે...... કેમ કે ઝાડના આયુષ્ય જેટલું મારા લોકોનું આયુષ્ય થશે, ને મારા પસંદ કરાયેલા પોતાના હાથોનાં કામોનાં ફળનો ભોગવટો લાંબા કાળ સુધી કરશે. તેઓ નકામી મહેનત કરશે નહિ; ને ત્રાસ પામવા સારુ પ્રજા ઉત્પન્ન કરશે નહિ. કેમ કે તેઓની પ્રજા સુદ્ધાં તેઓ યહોવાહના આશીર્વાદિતોનાં સંતાન છે." (યશા. ૬૫ : ૨૦–૨૩)

કેવું અદ્ભુત અને આશીર્વાદિત જીવન !

## જીવ – જનાવરમાં બદલાણ :

દરેક જીવ જનાવરને તેમના પોત પોતાના આગવા સ્વભાવ હોય છે. જન્મ સાથે સ્વભાવ આવે છે અને મરણ સાથે તે જાય છે. પરંતુ અહીં પ્રભુ ઈસુ ખ્રિસ્તના રાજમાં અને જગતમાં કંઈ જુદું જ દેખાય છે. અહીં તો જીવતાં પ્રાણી, જેઓમાં આજ અગાઉ મારવા અને મરવાનો જ સંબંધ હતો, તે તો હવે સાથે સહચારમાં રમે છે. સાથે ખાય છે. આ તે કેવું !

"તે વખતે વરૂ તથા હલવાન સાથે રહેશે. ચિત્તો, લવારાં પાસે સૂશે. વાછરડું, સિંહ તથા માતેલાં ઢોર એકઠાં રહેશે; નાનું છોકરૂં તેમને દોરશે. ગાય તથા રીંછ સાથે ચરશે. તેઓનાં બચ્ચાં ભેગાં સૂશે. સિંહ, ઢોરની પેઠે કડબ ખાશે. ધાવણું બાળક સાપના દર પર રમશે; ને ધાવણ છોડાવેલું છોકરું નાગના રાફડા પર પોતાનો હાથ મૂકશે. મારા આખા પવિત્ર પર્વતમાં કોઈપણ ઉપદ્રવ કરશે નહિ; તેમ વિનાશ કરશે નહિ. કેમ કે જેમ સમુદ્ર પાણીથી ભરપૂર છે, તે પ્રમાણે પૃથ્વી યહોવાહના જ્ઞાનથી ભરપૂર થશે."
(યશા. ૧૧ : ૬–૯)

સિંહ, વાઘ, વરૂ અને સઘળાં હિંસક પ્રાણીઓ કડબ–ઘાસ ખાશે. આ કેવું અજાયબ પરિવર્તન ! માન્યામાં ન આવે, પણ તે

સાચે સાચું થશે. કારણ કે દેવે એદનવાડી બનાવી અને આ પ્રાણીઓ બનાવ્યાં ત્યારે તેમને ખોરાક માટે સર્વ લીલોતરી અને ઘાસ જ અપાયાં હતાં. (ઉત્પ. ૧ : ૩૦) ભક્ષ અને સંહાર કરી માંસ ખાવાનો એ તો એદનવાડીના પતન પછીનો ખોરાક બન્યો. એ પતિત ખોરાક છે.

આદમહવાને પણ ખોરાક તરીકે સર્વ બીજદાયક શાકભાજી અને ફળ અપાયાં હતાં. (ઉત્પ. ૧ : ૨૯) પરંતુ (ઉત્પ. ૯ : ૩) મુજબ જળપ્રલય પછી આ માંસનો ખોરાક થયો. આ અછત અને નાશના પ્રતિકરૂપ ખોરાક હતો. નાશવંત જગતમાં રહીને આ ખોરાક બહુ ફાવી ગયો; બહુ ભાવી પણ ગયો. પણ મિત્રો, પ્રભુના પવિત્ર રાજમાં આ ખોરાક નથી. મારા આખા પવિત્ર પર્વતમાં કોઈ પણ ઉપદ્રવ કરશે નહિ, તેમ વિનાશ કરશે નહિ.

ત્યારે, હાલના જગતના ઉપદ્રવો અને વિનાશનું કારણ તે આ નાશનો ખોરાક તો નહી હોય ને ? ખેર, એ ખોરાક બંધ થશે.

આમ જેના રાજમાં પૃથ્વી–પ્રાણી અને માનવી જીવનનું આવું ભવ્ય પરિવર્તન હોય, તેનું રાજ પણ કેવું પ્રભાવિત અને ભવ્ય હોય ? આવો, આપણે જોઈએ...

## રાજ્ય વિસ્તાર :

આ રાજ્યનો વિસ્તાર આખી પૃથ્વી પર થશે. હાલનું આખું જગત, તેની ચારે દિશાના દેશો–વિદેશો, બેટ અને ટાપુઓ, સર્વત્ર એક જ રાજ અને એક જ આણ પ્રવર્તશે, ઈસુ ખ્રિસ્ત એ જ એકલો રાજાઓનો રાજા હશે. "કેમ કે રાજ્ય યહોવાહનું છે, અને વિદેશીઓ પર રાજ કરનાર તે જ છે." (ગીત. ૨૨ : ૨૮) "તેના રાજ્યની સત્તા સર્વ ઉપર છે." (ગીત. ૧૦૩ : ૧૯) "વળી તે સમુદ્રથી

સમુદ્ર સુધી અને નદીથી તે પૃથ્વીની સીમા સુધી રાજ કરશે." (ગીત. ૭૨ : ૮)

## તેની રાજધાની :

દેવની પસંદ કરેલી ભૂમિ, જે દૂધ અને મધની રેલછેલ વાળી ભૂમિ ઈબ્રાહીમને તથા તેના વંશજોને આપી. તેનું મુખ્ય મથક સિયોન પર્વત ઉપરનું યરૂશાલેમ, એ જ આ રાજ્યની–આખા જગતની રાજધાની થશે. (ગીત. ૪૮ : ૮; યિર્મે. ૧૭ : ૨૫; યોએલ ૩ : ૨૦)

"યહોવાહ કહે છે કે હું સિયોનમાં પાછો આવ્યો છું; ને હું યરૂશાલેમમાં રહીશ, યરૂશાલેમ સત્યનું નગર કહેવાશે. તે સૈન્યોના દેવ યહોવાનો પર્વત, પવિત્ર પર્વત કહેવાશે." (ઝખા. ૮ : ૩)

## રાજ્યનો સમય :

ઈસુ ખ્રિસ્તનું આ રાજ્ય પૂરેપૂરાં એક હજાર વર્ષ સુધીનું થશે. "ખ્રિસ્તની સાથે એક હજાર વર્ષ રાજ કર્યું." (પ્રકટી. ૨૦ : ૧–૭) આ સાત કલમોમાં છ વાર આ એક હજાર વર્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પૃથ્વીના પટ ઉપર આટલું લાંબુ રાજ્ય કોઈ પણ એક રાજાએ અથવા તો કાઈ વંશે કદી પણ ભોગવ્યું કે કર્યું હોય એમ કદી ઇતિહાસમાં નોંધાયું નથી. તે પણ પડતી વગર જ પુષ્કળ સમૃદ્ધિ અને ગૌરવી રાજ્ય સમય થશે.

## રાજ્યનો પ્રકાર :

આ રાજ્ય આજની ઢબે લોકશાહી અગર એકહથ્થુ સરમુખત્યારશાહી નહિ હોય. તેમ જ સામ્યવાદી પણ નહિ હોય. પરંતુ આ રાજ્યનો પ્રકાર મુખ્યત્વે આધ્યાત્મિકવાદી થશે. (માથ્થી ૨૫:૩૧–૪૬)

"યહોવાનો આત્મા, સુબુદ્ધિનો તથા સમજનો આત્મા, વિવેક બુદ્ધિનો તથા પરાક્રમનો આત્મા, જ્ઞાન તથા યહોવાહના ભયનો

આત્મા તેના પર રહેશે... ન્યાયપણું તેનો કમરપટ્ટો ને વિશ્વાસુપણું તેનો કમરબંધ થશે. તે પ્રમાણે પૃથ્વી યહોવાહના જ્ઞાનથી ભરપૂર થશે." (યશા. ૧૧ : ૨–૯)

આ રાજ્યના પાયામાં એખલાસ–પ્રેમ–આનંદ અને શાંતિ રહેશે.

**રાજ્ય વહીવટ :**

યશાયાહ પ્રબોધક આ બાબતે ખુલાસો કરતાં ભવિષ્યકથન કરે છે કે "યિશાઈના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે, તેની જડમાંથી ઊગતી ડાળીને ફળ આવશે... તે યહોવાહના ભયમાં હરખાશે. તે પોતાની આંખે જોયા પ્રમાણે ઈન્સાફ કરશે નહિ; પણ ન્યાયપણાથી તે નિરાધારનો ઈન્સાફ કરશે ને નિષ્પક્ષપાતપણે તે દેશના દીનોના લાભમાં યથાર્થ નિર્ણય કરશે." (યશા. ૧૧ : ૧–૪) "તેણે અપકાર કર્યો નહોતો, ને તેના મુખમાં કપટ નહોતું. (યશા. ૫૩ : ૯) આવા પવિત્ર–નિરંજન અને સર્વજ્ઞાની રાજાના વહીવટમાં શી મણા હોય ? તેનું રાજ્ય પ્રેમ–આનંદ અને શાંતિનું છે. એનો અધિકાર નેકીવાન છે. કેમ કે તે પોતે નિર્દોષ–નિષ્કલંક છે. (નિતી. ૩૧ : ૪) ન્યાયીપણું તેનો કમરપટ્ટો અને વિશ્વાસુપણું તેનો કમરબંધ થશે. (યશા. ૧૧ : ૫) ઈસુ રાજાના વહીવટમાં લોકો સુખી–આનંદ અને કિલ્લોલ કરતાં જીવશે. જીવનનો આનંદ માણશે, કેમ કે આ રાજ્યમાં કશી જ અછત હશે નહિ. દુકાળ થશે જ નહિ; કેમ કે આ રાજા તે આકાશ અને કુદરતને પણ પોતાની આધીનતામાં લાવે એવો પરાક્રમી છે. "હું વર્ષાઋતુમાં વરસાદ વરસાવીશ; આશીર્વાદનાં ઝાપટાં આવશે. વળી ખેતરનાં ઝાડોને ફળ આવશે, પૃથ્વી પોતાની ઉપજ આપશે, અને તેઓ પોતાના દેશમાં નિર્ભય રહેશે. (હઝ. ૩૪ : ૨૬–૨૭) લોકોમાં ગરીબી રહેશે જ નહિ. લૂંટફાટ થશે નહિ. કોઈ ગુલામ બનશે નહિ. (હઝ. ૩૪ : ૨૮–૩૧) વળી દેશમાં સમૃદ્ધિનો

પાર રહેશે નહિ. કેમ કે "પિત્તળના બદલે સોનું, લોઢાને બદલે રૂપું, લાકડાંને બદલે પિત્તળ તથા પથ્થરને બદલે લોઢું, એટલાં બધાં આવશે અને વધી પડશે." (યશા. ૬૦ : ૧૭) "ભૂમિ ખેડનાર બળદ તથા ગધેડા સલૂણો તથા સારી પેઠે ઉપણેલો ચારો ખાશે. (યશા. ૩૦ : ૨૪)

ત્યારે રાજ્યમાં જુલમ કે સતાવનારા તેમ જ બળાત્કાર અને વિનાશ થશે નહિ. બલકે સર્વ પ્રજા તારા રાજ્યના ગૌરવ વિષે બોલશે, તેઓ તારા પરાક્રમ સંબંધી વાતો કરશે. (ગીત. ૧૪૫ : ૧૧) કેવું મહિમાવંતુ–આદર્શ નમૂનારૂપ આ રાજ્ય બનશે!

**વહીવટદારો કોણ હશે :**

પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરનારા, જેઓએ તેને પોતાના ગુરુ તથા પ્રભુ તરીકે સ્વીકાર્યો. જેઓએ પોતાનાં વસ્ત્રો હલવાનના રક્તમાં ધોઈને ઉજળાં કર્યા, તેઓ આ રાજ્યના વહીવટમાં ભાગ લેનારા ઉપરી અને અમલદારો બનશે.

"સંતો જગતનો ન્યાય કરશે એ શું તમે જાણતા નથી?" (૧ કરંથી. ૬ : ૨) "જે જીતે છે અને અંત સુધી મારાં કામ ઝાલી રાખે છે, તેને હું વિદેશીઓ પર અધિકાર આપીશ. તે લોઢાના દંડથી તેઓ પર અધિકાર ચલાવશે." (પ્રકટી. ૨ : ૨૬) "જેમ મારા બાપે મને રાજ્ય ઠરાવી આપ્યું છે; તેમ હું તમને રાજ્ય ઠરાવી આપું છું. અને તમે ઈસ્રાએલનાં બારે કુળોનો ન્યાય કરતા રાજ્યાસનો પર બેસશો." (લુક ૨૨ : ૨૯–૩૦) "તેણે કહ્યું કે શાબાશ, ભલા ચાકર તું જુજ વાતમાં વિશ્વાસુ માલૂમ પડયો છે, માટે દશ શહેરનો અધિકારી થા.'' (લુક ૧૯ : ૧૭, ૧૯) રાજા પોતાના લોકોને તેના રાજવહીટમાં જગાઓ આપશે. (લુક ૧૨ : ૩૨) "પણ પરાત્પરના પવિત્રો રાજ્ય સંપાદન કરશે ને તે રાજ્ય સદા, હા સર્વકાળ ભોગવશે." (દાની. ૭ : ૧૮)

દેવના સેવકો આદમથી માંડીને હમણાં સુધીના સર્વ આ વહીવટમાં ભાગ લેનારા, નાના મોટા અમલદારો થશે.

"જો આપણે અંત સુધી ટકી રહીએ તો તેની સાથે રાજ પણ કરીશું." (૨ તીમોથી ૨ : ૧૨) તેઓ સર્વ આનંદ અને હર્ષથી પોતાની કામગીરીઓ બજાવશે. (ગીત. ૧૪૯ : ૫–૯)

તેઓનો વહીવટ તથા ઇન્સાફ બહુ ચોક્કસ અને ન્યાયી થશે. તેની શાંતિનો પાર રહેશે નહિ. (યશા. ૯ : ૬–૭; ૧૧ : ૩–૫) તેઓ રૂશ્વતખોર કે જુલ્મી બનશે નહિ. "દેશમાં બળાત્કારની વાત, તારી સરહદમાં જુલ્મ તથા વિનાશની વાત ફરી સંભળાશે નહિ. તું તારા કોટોને 'તારણ' અને તારી ભાગળોને 'સ્તુતિ' એવાં નામ આપીશ." (યશા. ૬૦ : ૧૮)

શાંતિ પરિષદો અને **U.N.O.** જે શાંતિ કદી લાવી શકયાં નહિ, તે શાંતિ અને એખલાસ અહીં જોવાશે. "તેઓ પોતાની તલવારો ટીપીને કોશો અને ભાલાઓનાં ધારીયાં બનાવશે. પ્રજાઓ એક–બીજીની વિરૂદ્ધ તરવાર ઉગામશે નહિ. તેઓ ફરીથી યુદ્ધ કળા શિખશે નહિ." (યશા. ૨ : ૪)

## રાજ્યના કાયદા–કાનૂન :

રાજ્યની પ્રજા માટે કાયદા–નિયમોની હમેશાં જરૂર હોય છે. આ રાજ્યમાં પણ નિયમો રહેશે. યહોવાહ દેવે મુસા મારફતે જે નિયમશાસ્ત્ર આપેલું એ જ નિયમો અને કાયદા તથા પ્રભુ ઇસુએ પોતાની દુન્યવી કારકિર્દી દરમ્યાન જે જે શિખવ્યું તે સર્વ આ રાજ્યના કાયદા-કાનૂન થશે. "તે આપણને તેના માર્ગ શિખવશે અને આપણે તેના રસ્તામાં ચાલીશું. કેમ કે નિયમશાસ્ત્ર સિયોનમાંથી અને યહોવાહનાં વચન યરૂશાલેમમાંથી નિકળશે. (યશા. ૨ : ૩; મીખાહ ૪ : ૨)

નિયમશાસ્ત્ર તથા પ્રભુ ઈસુનાં શિક્ષણનાં વચનો જે મનુષ્ય જીવનના બોધ, નિષેધ તથા સુધારા માટેનાં છે; વળી જે સર્વ સારાં કામ કરવાની ઉત્તેજના અને પ્રેરણા આપનારાં છે. (૨ તીમોથી ૩ : ૧૬) એ મુજબ મનુષ્યનાં જીવનો જ બદલાય જાય; નવાં અને પવિત્ર બને; પછી વળી બીજા કાયદા-નિયમોની શી જરૂર છે? કાગળ પર શાહીથી અથવા શિલા પાટીઓ પર કોતરાયેલા નિયમો ત્યાં જ રહે છે. પરંતુ દેવના નિયમો હૃદયપટ પર કોતરાયેલાં બને છે, ત્યારે જીવન જ રૂપાંતર પામી જાય છે. (૨ કરંથી ૩ : ૩)

"જેઓ મનમાં શુદ્ધ છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ દેવને જોશે." (માથ્થી ૫ : ૮) એમ તેઓ પોતે જ નિયમરૂપ બને છે.

કેવું અદ્ભુત રાજ્ય! કેવી કાયા પલટ! કેવું રૂપાંતર! કેવી નવિનતા! રાજા-રાજ્ય-પ્રજાનો કેવો મહિમા!

રાજા કેવો ગૌરવી-પ્રકાશમાન, સર્વમાં શિરોમણી છે. તે અતિશય ઉચ્ચ અને શક્તિશાળી છે. તેનું નામ સર્વ નામો કરતાં શ્રેષ્ઠ છે; જેથી આકાશમાંનાં, ભૂમિ પરનાં, તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુના નામે ઘૂંટણે પડીને નમે; અને દેવ બાપના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે.

તેની બાજુમાં કન્યા-મંડળી-ખ્રિસ્તી મંડળી કેવી દેદિપ્યમાન અને સુંદર છે. પ્રભાતના જેવી પ્રકાશિત કાંતિવાળી, ચંદ્ર જેવી રૂપાળી, અને સૂર્ય જેવી ડાઘ વગરની એવી તું, ગુલછડી જેવી મોહક અને મહેકતી વળી પવિત્રતાનાં શ્વેત બારીક શણનાં વસ્ત્રોથી આભૂષિત એવી સર્વ સ્ત્રીઓમાં સુંદર અને શ્રેષ્ઠ—તેણે રાજાની પડખે બેસીને તેને મહિમાવંત અને રાજીના રેળ બનાવ્યો છે.

ત્યારે પ્રજા એ પ્રજા જ નહિ, પણ ઘણા વિશેષ ગણીને રાજા

પોતે તેમને 'મારા લોક' કહે છે. રાજા તેમને કશી ખોટ પડવા દેતો નથી.

શું આ ગૌરવી ચિત્રમાં, આખા પ્રસંગમાં તમે છો ? જગતનાં રાજ્યોના નાગરિક બનવામાં અભિમાન અનુભવીએ છીએ; જે પતિત અને નાશવંત છે. ત્યારે આ ગૌરવી-મહિમાવંત રાજ્યના નાગરિક બનવાની ધન્યતા કેટલી બધી વિશેષ જરૂરની છે. "જે જીતે છે તેને હું મારા રાજ્યાસન પર મારી સાથે બેસવા દઈશ." (પ્રકટી. ૩:૨૧)

આવું માન-ગૌરવ પામવાની તમારી ઇચ્છા-મરજી છે ? તો ઊઠો, આવો, પ્રભુ ઈસુને તથા તેના ઇરાદા-સંકલ્પોને અનુરૂપ થાઓ. તેની આધીનતા સ્વીકારી લો.

ત્યારે "યહોવાહથી ઉદ્ધાર પામેલાઓ પાછા આવીને હર્ષનાદ સહિત સિયોન પહોંચશે, અને તેમને માથે સર્વકાલિક આનંદ રહેશે. તેમને હર્ષ તથા આનંદ પ્રાપ્ત થશે, ને શોક તથા નિસાસા જતાં રહેશે. (યશા. ૫૧ : ૧૧) "હે સિયોનની પુત્રી ગાયન કર; હે ઈસ્રા-એલ, હર્ષના પોકાર કર. હે યરૂશાલેમની પુત્રી તારા ખરા અંતઃકરણથી આનંદ કર તથા હરખા." (સફાન્યા ૩ : ૧૪-૧૭)

કેવો ભવ્ય આ દેખાવ-દર્શન છે ! પતિત જગત-દુઃખ, સંતાપ, મુશ્કેલી, અનેક મૂંઝવતા અને ગૂંચવતા તેમ જ અશાંતિના પ્રશ્નો, ત્રાસરૂપ જીવન, એ સર્વનું રૂપાંતર થઈને ફરી પાછી પતન પહેલાંની એદનવાડી સ્થપાય; એ કેવો આનંદ !

મિત્ર, આવું દુર્લભ ગૌરવ પ્રાપ્ત થવાનું છે, તે પ્રત્યે તમે બેદરકાર કે મંદ રહી શકો નહિ. "કેમ કે આપણે એવા મહાન તારણ વિષે બેદરકાર રહીએ તો શી રીતે બચીશું ?" (હેબ્રી. ૨:૨)

"એ માટે દયા પામવાને, તથા અગત્યને પ્રસંગે સહાયને સારુ કૃપા પ્રાપ્ત કરવાને આપણે હિંમતથી કૃપાસન પાસે આવીએ." (હેબ્રી. ૪ : ૧૬)

"જુઓ, હમણાં જ માન્યકાળ છે; જુઓ હમણાં જ તારણનો દિવસ છે." (૨ કરંથી ૬ : ૨) જો જો, રહી ના જવાય...(માત્થી ૨૫ : ૧૨, ૩૦, ૪૬)

ત્યારે આ સઘળી બાબતો જાણ્યા પછી, હવે એક પ્રશ્ન ઉપ-સ્થિત થાય છે, અને મન તેનો ઉકેલ માગે છે.......કે આવી ભગીરથ અને કળી ન શકાય તેવી યોજનાઓ અને તે સર્વ પાર પાડવાના અવિરત પ્રયત્નો, એ બધામાં ઈશ્વરના કયા મનોરથો અને ઇરાદા હશે ? આ સર્વદ્વારા તે શું હાંસલ કરવા ધારે છે ?

મારે મન અને કદાપી દરેક માનવીના મન આ એક કોયડો હશે. ત્યારે એ જાણવું-સમજવું અગત્યતું નથી શું ? કેમ કે આ બધી બાબતો એ કોઈ ઉપજાવી કાઢેલી પરિકથાઓ નથી, અથવા તો દ્રષ્ટાંતો નથી. પરંતુ આ તો નક્કર સત્યો છે. યુગો અગાઉ યોજાયેલી અને ભવિષ્યકથન રૂપે કહેવાયેલી, તેમ જ એ સર્વ બાબતો એક પછી એક તેની વિગતે, તેના સમયની સંપૂર્ણતા પ્રમાણે, ચોક્કસ રીતે અને રૂપે બનતી અને પુરવાર થતી આવી છે. એવાં આ તો યુગોનાં સત્યો છે. શું તમને એ જાણવાનું મન થાય છે ? એ જાણવાથી કદાપી નવો વિશ્વાસ પેદા થાય; અગર વિશ્વા-સમાં વિશેષ વધારો કરનાર પણ નિવડે...આ રહ્યા જવાબ...

૧. પ્રત્યેક વિચાર અને વર્તન જે સનાતન સત્યની આડે આવ-નાર તથા માથું ઉંચકનાર, અસત્યો-અધર્મોને તાબે કરી ઈસુ ખ્રિસ્તની આધીનતામાં લાવવા સારુ આ સઘળાં વાનાં થવાની જરૂર છે.

"કેમ કે તે પોતાના સર્વ શત્રુઓને પગ તળે નહિ દાબે ત્યાં સુધી તેણે રાજ કરવું જોઈએ." (૧ કરંથી. ૧૫ : ૨૫; હેબ્રી. ૨ : ૭-૯)

"કે સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થામા, સ્વર્ગમાંના તથા પૃથ્વી પરનાં સઘાળાં વાનાંનો ખ્રિસ્તમાં તે સમાવેશ કરે, હા ખ્રિસ્તમાં." (એફેસી ૧ : ૧૦)

૨. આ સર્વ એટલા માટે બન્યું છે કે, દેવ બાપે ઇબ્રાહીમને પસંદ કરી તેની સાથે કરેલા કરારોનું સંપૂર્ણ પાલન થાય. દેવે ઈબ્રાહીમ સાથે કરેલા કરારો અને વ્યવસ્થા જે ઉત્પત્તિના ૧૨, ૨૬, ૨૮ અને ૩૫ અધ્યાયોમાં આવે છે; તેનું ક્રમવાર પાલન કરવા દેવ પોતે વિશ્વાસુ અને ચોક્કસ છે. તેથી જ દેવે દાઉદને પણ તેની ઉછરતી વયમાં જ પસંદ કરીને તૈયાર કર્યો. "હે પ્રભુ યહોવાહ તું તે બોલ્યો છે, અને તારા આશીર્વાદથી તારા સેવકનું ઘર સદા આશીર્વાદિત થાઓ." (૨ શમુ ૭)

૩. ઈસુ ખ્રિસ્તની પવિત્રતા—ન્યાયપણું તથા તેનાં કાર્યો, તેમ જ તેના અનુયાયીઓની પ્રમાણિકતા તથા વિશ્વાસ ને સિદ્ધિ અને સંસ્થાપિત કરવા આ સઘળી બાબતો બનવાની જરૂર હતી. (માત્થી ૨૬ : ૬૩–૬૬)

"પ્રભુ કહે છે કે વેર વાળવાનું એ મારું કામ છે; હું બદલો લઈશ" (રૂમી. ૧૨ : ૧૯)

"તે બાબતો પ્રસિદ્ધ કરીને તેઓએ પોતાની જ નહિ પણ તમારી સેવા કરી હતી......તે બાબતોની નિરીક્ષા કરવાની ઇચ્છા દૂતો પણ રાખે છે" (૧ પીતર ૧ : ૧૦–૧૨)

૪. વિખેરાઈ ગયેલી ઈસ્રાએલી પ્રજાને તેમના વચનના દેશમાં પાછી એકઠી કરીને રાજ્ય આપવા તથા જગતની સર્વ પ્રજાઓમાં ઊંચી અને માનવંત બનાવવા ઈશ્વર અવિરત પ્રયત્નો કરતો જ આવ્યો છે.

"એ પછી હું પાછો આવીશ અને દાઉદનો ગડી ગયેલો માંડવો હું પાછો બાંધીશ. હું તેનાં ખંડીયેર સમારીશ; અને તેને પાછો ઊભો કરીશ; જેથી બાકી રહેલા લોક તથા સઘળા વિદેશીઓ જેઓ મારા નામથી ઓળખાય છે તેઓ પ્રભુને શોધે." (પ્રે. કૃ. ૧૫ : ૧૬–૧૭)

"રણશિંગડાંના અવાજ સહિત તે પોતાના દૂતોને મોકલશે, ને તેઓ ચારે દિશામાંથી, આકાશના છેડાથી બીજા છેડા સુધી તેના પસંદ કરેલાઓને એકઠા કરશે." (માત્થી ૨૪ : ૩૧; યશા. ૧૧:૧૧)

યહોવાહ તારો દેવ પૃથ્વીની સર્વ દેશ જાતિઓ કરતાં તને શ્રેષ્ઠ દેશજાતિ બનાવશે. (પુર્ન. ૨૮ : ૧)

૫. જગત ઉત્પન થયું ત્યારથી અત્યાર સુધીનાં દેવના બાળકો વિશ્વાસુ સેવકો–સંતોને તેના મહિમામાં પ્રગટ કરે.

"ખ્રિસ્ત જે આપણું જીવન છે, તે જ્યારે પ્રગટ થશે; ત્યારે તમે પણ તેની સાથે મહિમામાં પ્રગટ થશો." (કલોસી. ૩ : ૪)

"પણ આપણી નાગરિકતા આકાશમાં છે; ત્યાંથી પણ આપણે તારનારની એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની રાહ જોઈએ છીએ." (ફીલી. ૩ : ૨૦)

"કેમ કે સૃષ્ટિની ઉત્કંઠા દેવનાં છોકરાંના પ્રગટ થવાની વાટ જોયા કરે છે... કે સૃષ્ટિ પોતે પણ નાશના દાસત્વમાંથી મુક્ત થઈને દેવનાં છોકરાના મહિમા સાથે રહેલી મુક્તિ પામે." (રૂમી. ૮ : ૧૯–૨૧)

૬. આદમ–હવાના પતન અગાઉ જેમ એદનવાડીમાં જે ઐક્યતા અને શાંતિ હતાં; તે ફરી પાછા ખ્રિસ્ત ઈસુમાં આકાશ તથા

પૃથ્વીનાં સર્વ વાનાંનુ ઐક્ય કરીને નવી કૃપા અને નવી શાંતિ સ્થાપન કરે માટે...

"સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થામાં, સ્વર્ગમાંના તથા પૃથ્વી પરનાં સઘળાં વાનાંનો ખ્રિસ્તમાં તે સમાવેશ કરે." (એફેસી. ૧:૧૦)

"દેવે જગતના આરંભથી પોતાના પવિત્ર પ્રબોધકોના (મુખ-દ્વારા જે વિષે કહ્યું છે, તે સઘળાંની પુનઃસ્થાપના થવાના સમયો સુધી આકાશમાં તેણે એટલે ઈસુએ રહેવું જોઈએ." (પ્રે. ૩ : ૨૧)

"જ્યારે તેણે કહ્યું કે સઘળાંને આધીન કરવામાં આવ્યાં છે, ત્યારે સઘળાંને સ્વાધીન કરનાર નિરાળો છે. તે સ્પષ્ટ દેખાય છે." (૧ કરંથી. ૧૫ : ૨૪–૨૮)

૭. જગતની સઘળી પ્રજાઓનો તે અદલ ઇન્સાફ કરશે, અને આકાશ તથા પૃથ્વી જેનાં છે, તે તેના ખરા માલિકને સ્વાધીન કરશે. એ માટે સઘળી બાબતો બનવાની જરૂર હતી.

જુઓ (માત્થી ૨૫ : ૩૧–૪૬. દાની; ૭ : ૯–૨૮; ૧ કરંથી. ૬)

૮. "જગતનાં રાજ્યો સ્વાર્થ અને જોર જુલમના અડ્ડા બન્યાં. પાપનાં પોષક અને પૂંજ બન્યાં, જગત આખું તેમાં ખૂંદાઈને ટુકડા ટુકડા થઈ ગયું. તેને બદલી નાખી એક જ અવિભાજ્ય રાજ્ય બનાવીને પ્રજાને સુખ શાંતિ આપવાનો આ હેતુ–સંકલ્પ હતો.

"કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે. આપણને પુત્ર આપવામાં આવ્યો છે, તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે. તેને અદ્ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, અને શાંતિનો સરદાર એ નામ આપવામાં આવશે." (યશા. ૯ : ૬, ૭)

"તે રાજાઓની કારકિર્દીમાં આકાશનો દેવ એક રાજ્ય સ્થાપન કરશે, કે જેનો નાશ કદી થશે નહિ; તે તેની હકૂમત અન્ય પ્રજાના

કબજામાં સોંપાશે નહિ. પણ તે સઘળાં રાજ્યોને ભાંગીને ચૂરા કરીને તેમનો ક્ષય કરશે; અને તે સર્વકાળ ટકશે." (દાની. ૨ : ૪૪)

સાતમા દૂતે વગાડયું ત્યારે આકાશમાં મોટી વાણીઓ થઈ, તેઓએ કહ્યું કે આ જગતનું રાજ્ય આપણા પ્રભુનું તથા તેના ખ્રિસ્તનું થયું છે, તે સર્વકાળ રાજ કરશે." (પ્રકટી. ૧૧ : ૧૫; લુક ૧ : ૩૨–૩૫)

કેમ કે પ્રભુ દેવ તેઓ પર પ્રકાશ પાડશે; અને તેઓ સર્વકાળ રાજ કરશે. (પ્રકટી. ૨૨ : ૫)

ત્યારે તો પ્રભુ ઇસુ ખ્રિસ્તનું રાજ્ય એ એક મહાન અને સુવર્ણ યુગ બનશે. ઈસુ ખ્રિસ્ત પોતે જ રાજાધિરાજ બનશે. યરૂશાલેમ, સિયોન પર્વતની ટોચે રાજગાદીનું ઝળહળતું સ્થાન થશે. આદમથી માંડીને આજદિન સુધીના સઘળાં દેવનાં વિશ્વાસુઓનો આનંદ મેળો જામશે, વળી આજે જગતના કહેવાતા કોઈ મોટા નેતાને જોવાની પડાપડી જાગે છે. ત્યારે અહીં તો આદમ, હનોખ, હાબેલ, નુહ, ઈબ્રાહીમ, ઈસ્હાક, યાકુબ, યુસફ, મુસા, દાઉદ, શમુએલ, યશાયાહ એલીયાહ, એલીશા, યિર્મેયાહ, હઝકીએલ, દાનીએલ, શાદ્રાખ, મેશાખ, અબેદનગો, તેમ જ આમોસ, નહેમ્યાહ, મીખાહ, માલાખી, ઝખાર્યાહ, હોશીયા, યોએલ, અને બધા જ નાના મોટા પ્રબોધકો વળી યોહાન બાપ્તિસ્મી, યાકુબ, યોહાન, પીતર, માથ્થી, માર્ક, લુક, સ્તેફન, પાઉલ, બાર્નાબાસ, સીલાસ, તીમોથી, ફિલીપ અને અનેક...

સાથે હતા, રિબ્કાહ, રાહેલ, રૂથ, એસ્તેર, એલીસાબેત, સારાહ, મરીયમ (ઈસુની મા), મરીયમ માગદાલેણ, લાઝરસ, માર્થા, મરીયમ, સાલોમી, દરકાસ અને અનેક......તેઓ સર્વની વચ્ચમાં પ્રકાશતો મારો પ્રભુ–મારો–રાજા–ઈસુ......એ સર્વને જોવાનો મળવાનો–વાતો કરવાનો લહાવો કોઈક અનેરો અને અદ્દભુત થશે, વળી અદ્દભુત એવાં

સ્વર્ગીય શરીરો ધારણ કરીશું...ભૂખ-દુઃખ-થાક-માંદગી કશું જ નહિ હોય, પછી તો પૂછવું જ શું! મઝા આયેગી!

અરે ભાઈ, જો જો તમે કોઈ રહી ના જતા, હે ઈસ્રાએલ, તારા દેવને મળવાને તૈયાર થા, તમારા માર્ગો વિષે વિચાર કરો.. કયાં સુધી બે મત વચ્ચે ઢચુ-પચુ રહેશો? તમારે કઈ બાજુ જવું છે? આજે જ, હમણાં જ પસંદ કરો. અંધકાર અને નાશમાં જવું છે કે પછી પવિત્રોના આનંદ મેળામાં આવવું છે?
નિર્ણય તમારે માટે અને તમારે જ કરવાનો છે..

હવે વખત બહુ થોડો છે. પ્રભુ ઈસુએ સંદેશો કહેવડાવ્યો છે કે "હું થોડીવારમાં આવું છું." અને મેં પણ કહેવડાવી દીધું છે કે "મારા પ્રિતમ, ઉતાવળ કર. હે પ્રભુ ઈસુ, આવ." ગી. ગી, ૮ : ૧૪; પ્રકટી. ૨૨ : ૨૧)

✖

## પ્રકરણ ૧૧

# અજાયબ બાબતો

ઈસુ પ્રભુના એક હજાર વર્ષના અભૂતપૂર્વ રાજ્યકાળ દરમ્યાન ચારો તરફ પ્રેમ, આનંદ અને શાંતિ પથરાયાં. આખા જગતનું નવોનીકરણ થતાં અને પૃથ્વીની પ્રફુલ્લતાએ, સર્વ જીવ જનાવર અને મનુષ્યોમાં નવો જ ઉલ્લાસ પેદા કર્યો. પહેલાં કદી જોયેલું કે સાંભળેલું અગર તો કલ્પેલું નહિ, તેવા આદર્શ રાજ્યનો પ્રત્યક્ષ અનુભવ કરતાં જીવનો પુલકિત બની ગયાં.

ત્યારે વળી આ રાજ્યકાળ દરમ્યાન કેટલાક રસપ્રદ અવનવા બનાવો બન્યા તે વિષે થોડુંક જોઈએ......

૧. **મંદિર :** ઈસ્રાએલી પ્રજા માટે મંદિરનો પ્રશ્ન બહુ મહત્વનો તેમ જ વિકટ પણ હતો. મિસરની ગુલામીમાંથી ઈસ્રાએલી પ્રજાને છોડાવી; ત્યારે અગાઉના ૪૩૦ વર્ષ તેઓ અહીં વિદેશમાં ગુલામ હતા. કારમી વેઠ અને કષ્ટમય જીવન હતાં. આત્મિક વિશ્રાંતિ માટે પણ કોઈ પ્રબંધ અગર ભજન ભક્તિનું સ્થાન આ વિધર્મી દેશમાં હતું નહિ.

હવે જ્યારે અહીંથી છુટકારો થયો ત્યારે પોતાના વતનના દેશમાં પહોંચવા માત્ર ૧૧ દિવસની મુસાફરી હતી. પણ ગુલામીનાં રીઢાં થઈ ગયેલાં જડ મનને લીધે તેઓ અરણ્યમાં ગૂંચવાતા જ રહ્યાં અને ૪૦ વર્ષ વિતાવ્યાં. આ સમય દરમ્યાન દેવે મુસાની મારફતે આ પ્રજાને મુલાકાત મંડપની યોજના અને ભેટ આપી. આ મુલાકાત મંડપ તેઓ મુસાફરીમાં સાથે ફેરવતા. દેવની મુલાકાતનો એ મંડપ હતો.

હવે કનાન દેશના વતનમાં આવ્યા. ઠરીઠામ થયા. ત્યારે હવે દેવની એ ઇચ્છા હતી કે આ પ્રજા પોતાના પ્રભુ દેવ માટે પાકું એવું મંદિર બાંધે. સમયની સંપૂર્ણતા અને યોજના મુજબ સૌ પ્રથમ સુલેમાન રાજાએ દેવનું મંદિર, સિયોન પહાડ ઉપર—મોરીયાહ શીખર પર બાંધ્યું. આ યરૂશાલેમ શહેર હતું.

સુલેમાન રાજાએ બાંધેલું દેવનું મંદિર અતિ ભવ્ય—આલીશાન અને બહુ કિંમતી હતું. વિશેષ તો એ માનવી જગતને માટે ધાર્મિક પ્રેરણા અને સંસ્કૃતિનું મૂળ કેન્દ્ર બન્યું. લગભગ ૪૦૦ વર્ષ અડીખમ રહ્યા પછી નબુખાદનેસાર રાજાએ ઇસ્રાએલી પ્રજાને લૂંટી લીધી, ત્યારે આ મંદિર પણ તોડી નંખાવ્યું. તેમાંની માલ મિલક્ત

સર્વ લૂંટી લઈ ગયા. માનવ ધન પણ લૂંટાઈ ગયું. લોકો બાબેલની ગુલામીમાં લઈ જવાયાં.

દાનીએલ, શાદ્રાખ, મેશાખ, અબેદનગો, એઝરા, નહેમ્યાહ, ઝરૂબ્બાબેલ તેઓમાંના હતા... હવે બાબેલની ગુલામી દરમ્યાની કોરેશ રાજાના સમયમાં ઈશ્વરે ફરી રસ્તો કર્યો અને રાજાએ ઇસ્રાએલીઓને છૂટા કર્યાં કે તેઓ પોતાના વતનમાં જઈને દેવનું મંદિર બાંધે.

ત્યારે બીજીવાર, એઝરા–નહેમ્યાહ–ઝરૂબ્બાબેલ અને બીજા સાથીઓએ ભેગા મળીને ફરી દેવનું મંદિર તેની મૂળ જગા પર જ બાંધ્યું. સૈકાંઓ સુધી અહીં દેવની આરાધના થતી રહી. પરંતુ વખત જતાં લોકો મંદિર પ્રત્યે દુર્લક્ષ થતા ગયા. મંદિર ખંડીયેર બનતું ગયું. મંદિર પડી ગયું.

ત્રીજી વાર, મહાન હેરોદ જે રૂમી રાજ્યનો ખંડિયો રાજા હતો. તેણે ઇસ્રાએલીઓને રાજી કરવા આ દેવના મંદિરની મરામત–જીર્ણોદ્ધાર કરાવ્યો. તેને વિસ્તૃત બનાવ્યું. આ મંદિરની મરામત કરતાં ૪૬ વર્ષ વિત્યાં...... ઈસુ ખ્રિસ્તની કારકિર્દીના વખતનું આ એ જ મંદિર હતું. જે વિષે તેને ભવિષ્ય કહેવું પડયું કે "એક પથ્થર પર બીજો પથ્થર રહેવા દેવાશે નહિ." એ મુજબ જ ઈ. સ. ૭૦ના અરસામાં તિતસ નામના રૂમી સરદારને હાથે મંદિર બાળી નંખાયું. તોડી પડાયું.

હવે ઈસ્રાએલીઓને પોતાનું રાજ હતું નહીં. તેઓ પર પરદેશી હકૂમત હતી. તેથી જેને જ્યાં ફાવ્યું ત્યાં તેઓ દેશ–વિદેશ આખી પૃથ્વી પર વેરણ છેરણ થઈ ગયા. એવાં સેંકડો વર્ષોનાં વહાણાં વાયાં. પછી ફરી દેવની યોજના મુજબ ઈ. સ. ૧૯૪૭માં તેઓ વતનમાં આવતા થયા અને થોડોક ભાગ પોતાના માટે કબજે

કર્યો તે પછી ૧૯૬૭માં તેમણે યરૂશાલેમનો કબજો લીધો. યરૂશાલેમ તેમની રાજધાની બની. પણ અત્યાર સુધી તેમની પાસે મંદિર નથી.

અત્યારનું તેમનું મંદિર તોડી નંખાયું હતું. તેની જગા પર મુસલમાનોએ મસ્જિદ બાંધી છે. તે 'Dome of the rock' કહેવાય છે. ઈસ્રાએલીઓને મંદિરની ખોટ છે, જે આજદિન સુધી પૂરી પડી નથી.

પરંતુ છેલ્લા સમયમાં એટલે ઈસુ ખ્રિસ્તના પુનરાગમનના અગાઉના સમયમાં રૂમી રાજ્યની પુનઃસ્થાપના થશે અને તેની સાથે યુરોપનાં દશ રાજ્યો જોડાશે. તેમાંથી જ એક અધર્મી શ્વાપદ નીકળશે. જે રાજ્યધૂરા પોતાના હસ્તક લઈ આખા જગત પર પોતાની હકૂમત ચલાવશે. આ દશ રાજ્યોનું સંગઠન જે આજે 'યુરોપીઅન ઈકોનોમીક કોમ્યુનીટી' E. E. C. તરીકે ઓળખાય છે. તેઓ છેલ્લા સમયમાં ઈસ્રાએલ સાથે મળીને સંધિ કરશે. તેમની મૈત્રી દરમ્યાન અને ટેકાથી ઈસ્રાએલીઓ મંદિર બાંધશે. વળી પોતાનાં ક્રિયાકાંડ અને ધર્મવિધિઓ શરૂ કરશે. પરંતુ પ્રભુ ઈસુના પુનરાગમન પહેલાં જ ઈસ્રાએલીઓ સાથેની સંધિ–મૈત્રી, આ રાજ્યો તોડી નાખશે. મંદિરના વિધિઓ તેઓ બંધ કરાવશે; અને અધર્મી સરમુખત્યારની મૂર્તિ બનાવીને આ પ્રભુ મંદિરમાં મુકાશે. જે ઉજ્જડપણાની અમંગળની નિશાની બનશે. આ વિષે અને અગાઉની બાબતો દાનીએલના પુસ્તકમાં વિગતે આપવામાં આવી છે. આ અશુદ્ધ થયેલું મંદિર યહૂદીઓ માટે સાવ નકામું બન્યું.

હવે પ્રભુ ઈસુના પુનરાગમન પછી આ મંદિરની જગાને શુદ્ધ કરી ફરી ત્યાં જ મંદિર બંધાશે. "સૈન્યોનો દેવ યહોવાહ કહે છે કે 'અંકુર' નામનો પુરુષ તે પોતાના સ્થાનમાંથી ઊગી નીકળશે અને તે યહોવાહનું મંદિર બાંધશે; હા, તે યહોવાહનું મંદિર બાંધશે. તે

પ્રતાપી થશે. તે પોતાના રાજ્યાસન પર બેસીને રાજ કરશે. તેના રાજ્યાસન પર યાજક બેસશે અને તે બંને સાથે રહીને સલાહશાંતિ જાળવી રાખશે." (ઝખા. ૬ : ૧૨-૧૩; ૮ : ૯)

વળી આ મંદિરની જગા એ જ ઈસુના રાજ્યની ગાદીસ્થાન અને તેનું નિવાસસ્થાન પણ બનશે. (હઝ. ૪૩ : ૭)

હઝકીએલ તેના ૪૦થી ૪૬મા અધ્યાયોમાં આ મંદિરનો નકશો વ્યવસ્થા અને ઘણી વિગતો આપે છે.

આ છેલ્લું મંદિર ઈસુ ખ્રિસ્તના પોતાથી જ બંધાશે. તે બહુ ભવ્ય અને ગૌરવી થશે...... પ્રભુના બંદોબસ્ત કેવા અગમ્ય છે!

## ૨. અદ્‌ભુત નદી :

દેવનું જે મંદિર બંધાશે તે જ દેવનું તથા હલવાનનું રાજ્યાસન પણ બનશે. આ મંદિરના ઉમરા તળેથી પાણી વહેતાં થશે. મંદિરના પૂર્વ તરફથી એટલે કે આગળના ભાગમાંથી આ પાણી વહીને, વેદીની દક્ષિણે થઈને બહાર આવતાં હતાં; અને જમણી બાજુએ વહી જતાં હતાં. આ પાણી વહીને આરાબાહ તરફ જઈ સમુદ્રમાં જતાં હતાં. "યહૂદાહનાં સર્વ વહેળાઓમાં પાણી વહેશે; યહોવાહના મંદિરમાંથી ઝરો નીકળશે, ને તે શિટ્ટીમની ખીણને પાણી પાશે." (યોએલ ૩ : ૧૮) "તે દિવસે યરૂશાલેમમાંથી જીવતાં પાણી નીકળીને વહેશે; એટલે અડધાં પૂર્વ સમુદ્ર તરફ અને અડધાં પશ્ચિમ સમુદ્ર તરફ; એમ ઉનાળામાં તથા શિયાળામાં પણ થશે." (ઝખા. ૧૪ : ૮)

આ નદીના બંને કિનારે જીવનનું ઝાડ હતું. તેને બાર પ્રકારનાં ફળ લાગતાં હતાં. દર માસે તેને નવીન ફળ આવતાં હતાં. વળી તે ઝાડનાં પાંદડાં સર્વ પ્રજાઓને નિરોગી કરવા સારુ હતાં. હવે પછી

કોઈ પ્રકારનો શાપ થનાર નથી; પણ તેમાં દેવનું તથા હલવાનનું રાજ્યાસન થશે. તેના દાસ તેની સેવા કરશે, અને તેઓ તેનું મુખ નિહાળશે; વળી તેઓના કપાળ પર તેનું નામ હશે. (પ્રકટી. ૨૨ : ૧–૪)

નદીનાં પાણી સ્વચ્છ અને સ્ફટીકના જેવાં ચળકતાં હશે. આ નદી વિષે હઝકીએલ પ્રબોધકને સંદર્શન દ્વારા દેવે જાણ કરી હતી. તે તેના ૪૭મા અધ્યાયમાં વિગતે આપવામાં આવ્યું છે.

પાણી જેમ જેમ આગળ વધતાં જાય છે, તેમ તેમ વધારે ઘેરાં અને ઊંડા બનતાં જાય છે. તે ડૂબામણાં બને છે. આ પવિત્ર આત્માની નદી છે. દૂત જેમ પાણી માપતાં હઝકીએલને ડૂબામણાં પાણી સુધી લઈ ગયો; તેમ ઈશ્વર, પ્રત્યેક વિશ્વાસુને તે ડૂબામણા અનુભવ સુધી લઈ જવા માગે છે. ઈશ્વરની ઇચ્છા નથી કે તેના લોકો તરીકે આપણે છીછરા પાણીના અનુભવમાં જ રહીએ. કેમ કે છીછરાં, ઘૂંટણસમા કે પછી કમરસમા પાણીના અનુભવને આપણે આપણી શક્તિઓ વડે અવગણી શકીએ. પણ ગળાબુડ ડૂબામણા પાણીમાં આપણી શક્તિ કામ આવતી નથી. ત્યારે પાણીના વહેણને આધીન થવું પડે છે. ઈશ્વર આપણને એવા ડૂબામણા અનુભવમાં લઈ જવા માગે છે; જેથી આપણે પવિત્ર આત્માને આધીન થઈ તેની જ ઇચ્છા પ્રમાણે જીવીએ.

પવિત્ર આત્માના આવા ઘેરા અને ઊંડા અનુભવ પછી જ ઝાડોની હારમાળા અને તેમાં ખાવા લાયક ફળ તથા નિરોગી કરનારાં પાંદડાં ખીલી રહે છે. જ્યાં કહીં આ પાણી વહે છે, તે ભૂમિને તે રસાળ અને ફળદ્રુપ બનાવે છે.

"પણ જે પાણી હું આપીશ, તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ. પણ જે પાણી હું તેને આપીશ તે તેનામાં

પાણીનો ઝરો થશે અને તે અનંતજીવન સુધી ઝર્યા કરશે." (યોહાન ૪ : ૧૪)

"હવે પર્વને છેલ્લે તથા મોટે દહાડે ઈસુએ ઊભા રહીને બૂમ પાડતાં કહ્યું કે જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ. શાસ્ત્રના વચન પ્રમાણે જે કોઈ મારા પર વિશ્વાસ કરે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે." (યોહાન ૭ : ૩૭-૩૮)

"તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ અન્ય ભાષામાં બોલવા લાગ્યા." (પ્રે. કૃ. ૨ : ૪)

જુઓ (પ્રે. કૃ. ૨ : ૩૮; ૯ : ૧૭-૧૮; ૧૦ : ૪૪; ૧૯ : ૬)

પાઉલ એફેસસમાં આવ્યો ત્યારે તેણે ત્યાંના લોકોને પૂછ્યું કે, તમે વિશ્વાસ કર્યો ત્યારે તમે પવિત્ર આત્મા પામ્યા?

આજે આ સવાલ ખ્રિસ્તી મંડળી આગળ છે. શું તમે (પ્રત્યેક) વિશ્વાસ કર્યો – મંડળીમાં આવ્યાં ત્યારે પવિત્ર આત્મા પામ્યા?

મંડળી શુષ્ક અને અરણ્ય જેવી હોય તો કારણ એ છે કે રાજ્યાસનમાંથી વહેતી નદીનાં પાણી–પવિત્ર આત્મા આપણામાં નથી; અથવા તો પાણી છીછરાં છે.

શિષ્યોના જીવન નબળાં–શુષ્ક ન રહે માટે પુનરૂત્થાન પછીનાં દર્શન વખતે ઈસુ ખ્રિસ્તે શિષ્યો પર શ્વાસ ફૂંક્યો અને કહ્યું કે તમે પવિત્ર આત્મા પામો. (યોહાન ૨૦ : ૨૨) તેણે જ શિષ્યોને આજ્ઞા કરી કે પવિત્ર આત્માની વાટ જોતા રહેજો. પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો. (પ્રે. કૃ. ૧ : ૪, ૮)

"હું સર્વ મનુષ્યો પર મારો આત્મા રેડી દઈશ; અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે; તમારાં વૃદ્ધોને સ્વપ્નો

આવશે, તમારા જુવાનોને સંદર્શન થશે વળી તે સમયે દાસો તથા દાસીઓ પર હું મારો આત્મા રેડી દઈશ." (યોએલ ૩ : ૨૮–૨૯)

આ એ જ સમય છે, ત્યારે શું તમે પવિત્ર આત્મા–જીવતા પાણી વગરનાં છો ? જો તરસ્યાં હો તો આવો, આ નદી તમારે સારુ વહે છે. 'છાંટાથી તૃપ્તિ નહિ થશે, દે અમને વૃષ્ટિ ભરપૂર' શું એ તમારી પ્રાર્થના છે – ઇચ્છા છે ?

**૩. મૃત સરોવર :** (હઝ. ૪૭ : ૬–૧૨)

ભૌગોલિક રીતે તેમ જ પુરાતત્ત્વોના પુરાવાથી માનવા પ્રમાણે આ મૃત સરોવર **'Dead Sea'** તે અગાઉની સદોમ અને ગમોરાહની જગા હતી. તે અતિ ફળદ્રુપ અને રસાળ ભૂમિ હતી. તેને યહોવાહની વાડી જેવી તથા મિસર દેશ જેવી ગણવામાં આવતી. પરંતુ પાપના કારણથી તેનો નાશ આગ અને ગંધકથી કરવામાં આવ્યો; ત્યારે ત્યાં ઊંડો ખાડો થઈ ગયો. તેમાં પાણી ભરાયાં પણ તે ગંધક અને બીજાં રસાયણ મિશ્રિત બનવાથી ખારાં દવ અને કડવાં બની ગયાં. પરિણામે તેમાં કોઇપણ પ્રકારની જીવાત જીવી શકતી નથી. એટલે જ તે મૃત સરોવર ગણાય છે. મહાસાગરનાં પાણીની સપાટીથી આ જગા લગભગ ૧૩૦૦ ફૂટ નીચી છે. તેથી અહીં ગરમી પુષ્કળ છે. વળી સરોવરનું બાષ્પિભવન થતાં ત્યાંનું વાતાવરણ અસહ્ય બને છે.

પરંતુ રાજ્યાસનમાંથી વહેતી નદી અહીં આ સમુદ્રમાં આવતાં જ તેની કાયાપલટ થઈ જાય છે. તેનાં ખારાં–કડવાં પાણી મીઠાં બને છે. તેમાં પુષ્કળ જીવાત અને જળચર પ્રાણીઓ થશે. તેની બન્ને બાજુ પુષ્કળ હરિયાળી અને વન ઝાડો તેમ જ ફળ ઝાડો થશે. અગાઉની માફક વાડી જેવો પ્રદેશ બનશે.

મનુષ્ય જીવનોનું રૂપાંતર પણ આ દેવના રાજ્યાસનમાંથી વહેતી નદી જ કરી શકે છે.

## ૪. અધિક પ્રકાશ :

પ્રભુ ઈસુના રાજના દિવસો એ તો અદ્‌ભુત અને ગૌરવી છે. તે વખતે ચંદ્રનું અજવાળુ સૂર્યના અજવાળા જેવું અને સૂર્યનું અજવાળુ તેનું છે તેથી સાતગણું વધારે થશે. (યશા. ૩૦ : ૨૬) હાલનો પ્રકાશ જ આંખો આંજી નાખે છે અને શરીરે દઝાડે છે, ત્યારે જો ઉપર મુજબ વધે તો શી દશા થાય ? પરંતુ ગભરાવાની જરૂર નથી; આ તો પ્રકાશ વધવાની જ વાત છે. ત્યારે હાડકાંમાં કળતર કરે તેવા વાદળીયા દિવસ નહિ હોય, અને જે પ્રકાશ પડશે તે લોકોના ઘા અને જખમ રૂઝાવવા માટે થશે.

જેઓ દેવનાં છે તેઓ પ્રકાશનાં સંતાન છે. એટલે જ પ્રકાશને અંધકાર સાથે કોઈ મેળ હોય જ નહિ. કેમ કે આપણે જ્યોતિઓ છીએ. (ફીલી. ૨ : ૧૫).

પ્રભુ ઈસુ જે જગતનું અજવાળું છે, તે આપણાં ખ્રિસ્તી જીવનોનો પ્રકાશ વધારીને સાતગણો કરે છે ત્યારે,

પ્રકાશતા અને ઝળહળતા દિવસોની વચમાં ટમટમીયાં અગર ઉજળાએલાં દીવા કેવા હાંસીપાત્ર લાગશે ? માટે, આવો અને પ્રકાશ પામો, જેથી તમારાં મોં ઝંખવાણા ન પડે.

## ૫. નવું ગીત :

ગીત એ તો હૃદયના ભિતરની ભાવનાઓનું એક માધ્યમ છે. ગીત મનના ઊંડાણે રહેલા આનંદને પ્રગટ કરે છે. તેથી જ આનંદના સર્વ પ્રસંગોમાં ગીતો ગવાતાં આવ્યાં છે. નાચી કૂદીને ગવાતાં ગીતો ગાનારાં અને સાંભળનારામાં કેવા આનંદ અને જોમ પેદા કરે છે.

ભજન ભક્તિનાં ગીતો માનવીનાં મન કેવાં હળવાં અને લાગણીશીલ બનાવે છે. માનવી પોતાના જ્ઞાની વકતૃત્વ અગર ભાષાના શબ્દકોશથી જે ભાવ અને લાગણી ઉત્પન્ન ન કરી શકે, તે એક નાનકડા ભાવવાહી ગીતથી ઉત્પન્ન કરી શકે છે. તેથી જ આનંદના સઘળા પ્રસંગોમાં અને પ્રભુ આરાધનામાં ગીતનું સ્થાન મોખરે રહ્યું છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના આ હજાર વર્ષના રાજ્યમાં લોકોએ જે મોકળાશ–આનંદ અને સઘળી ભરભરાટી અનુભવી; કોઈ પણ પ્રકારના જોર–જુલમ કે ઉપદ્રવ ના થતાં, પ્રેમ–આનંદ અને શાંતિના ઉછળતા ઉમળકામાં નાચતાં કૂદતાં ગીતો લલકારે એ જ વ્યાજબી અને યોગ્ય હતું. બીક અને ચિંતા ન હોય ત્યારે જ ગીત સ્ફુરે. ગીત આનંદ વ્યક્ત કરે છે. આપણાં ગીતો, આપણા દેવ અને પ્રભુ, આપણા રાજા અને તારનારની આગળ લલકારીએ. તે જ એકલો સ્તુત્ય છે. તેની આગળ મોટેથી ગાઓ.

જુઓ "તેણે મને નાશના ખાડામાંથી તથા ચીકણા કાદવમાંથી ખેંચી કાઢ્યો; તેણે મારા પગ ખડક પર ગોઠવ્યા, અને મારાં ડગલાં સ્થિર કર્યાં. તેણે નવું ગીત એટલે આપણા દેવનું સ્તોત્ર મારા મુખમાં મૂક્યું છે." (ગીત. ૪૦ : ૨–૩)

"તેની આગળ નવું ગીત ગાઓ; મોટેથી તથા ચાતુર્યથી વાજિંત્ર વગાડો. કેમ કે, યહોવાહનો શબ્દ યથાર્થ છે, અને તેનાં સર્વ કૃત્યો વિશ્વાસુપણામાં કરાય છે." (ગીત. ૩૩ : ૩–૪)

"યહોવાહની આગળ નવું ગીત ગાઓ; આખી પૃથ્વી, યહોવાહની આગળ ગાઓ. યહોવાહની આગળ ગાઓ, તેના નામને સ્તુત્ય માનો; દિનપ્રતિદિન તેનું તારણ પ્રગટ કરો." (ગીત. ૯૬ : ૧–૨)

"યહોવાહની આગળ નવું ગીત ગાઓ, કેમ કે તેણે આશ્ચર્યકારક કૃત્યો કર્યાં છે. તેના જમણા હાથે તથા તેના પવિત્ર ભુજે પોતાને સારુ વિજય મેળવ્યો છે." (ગીત. ૯૮ : ૧)

ગીત ૧૪૯ એ કેવું જોમ પેદા કરનાર ગીત છે. તેથી દાઉદ ભક્ત કહે છે કે, સંતો ગૌરવથી હરખાઓ; પોતાની પથારીઓ પર તેઓ મોટેથી ગાઓ.

યશાયાહ પણ પૃથ્વીના છેડાઓને પોકારીને કહે છે, "સમુદ્રમાં પર્યટન કરનારા તથા તેમાં સર્વ રહેનારા ટાપુઓ તથા તેઓના રહેવાસીઓ તમે યહોવાહ પ્રત્યે નવું ગીત ગાઓ; પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી તેનાં સ્તોત્ર ગાઓ. અરણ્ય તથા તેમાંનાં નગરો, વળી કેદારે વસાવેલાં ગામડાં, મોટે સાદે ગાઓ; સેલાના રહેવાસીઓ હર્ષનાદ કરો, પર્વતનાં શિખર પરથી તેઓ બૂમ પાડો. તેઓ યહોવાહને મહિમા આપે, ને ટાપુઓ તેની સ્તુતિ પ્રગટ કરે. (યશા. ૪૨ : ૧૦–૧૨)

"જુઓ, ઈશ્વર મારું તારણ છે. હું તેના પર શ્રદ્ધા રાખીશ, ને બીશ નહિ, કેમ કે યહોવાહ દેવ મારું સામર્થ્ય તથા મારું સ્તોત્ર છે; અને તે મારું તારણ થયો છે. ત્યારે તમે આનંદ સહિત તારણના ઝરાઓમાંથી પાણી ભરશો." (યશા. ૧૨ : ૨–૩)

તે દિવસે યહુદાહ દેશમાં આ ગીત ગવાશે. અમારું એક મજબૂત નગર છે; તેના કોટ તથા મોરચા દેવ તારણને અર્થે ઠરાવી આપશે. ભાગળોને ઉઘાડો, કે સત્યનું પાલન કરનારી ન્યાયી પ્રજા તેમાં પેસે. દૃઢ મનવાળાને તું શાંત જ રાખીશ; કેમ કે તેનો ભરોસો તારા પર છે. (યશા. ૨૬ : ૧-૩) એ મુજબ જ દાઉદ ભક્તનાં ગીતો ૯૩થી ૯૯ અને ૭૨ એ કેવાં ભાવવાહી અને મનોરંજક છે.

ત્યારે એ પ્રેરણા અને ભાવ જાગ્યા વગર રહેતાં નથી કે, "હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન; મારા ખરા અંતઃકરણ

તેના પવિત્ર નામને સ્તુત્ય માન. રે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન, તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા...

તે તારાં સઘળાં પાપ માફ કરે છે; અને તારા સર્વ રોગ મટાડે છે. તે તારો જીવ નાશથી બચાવે છે, અને તને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે. તે ઉત્તમ વસ્તુથી તારા મોઢાને તૃપ્ત કરે છે, જેથી ગરૂડની પેઠે તારી જુવાની તાજી કરાય છે. (ગીત. ૧૦૩ : ૧–૫)

આકાશમાં પણ જુઓ, ચાર પ્રાણીઓ અને ચોવીસ વડીલોએ હલવાનને પગે પડીને સ્તુતિ કરી અને કિર્તન કરતાં નવું ગીત ગાયું. (પ્રકટી. ૫ : ૮–૯)

દેવના સંતો, એક લાખ અને ચુંમાળીસ હજાર જેઓ સતાવણીના સમયોમાં દેવને વળગો રહ્યા હતા; તેઓ વિણા સાથે ભારે ગર્જના અને મોટા અવાજથી દેવની આગળ નવું ગીત ગાતા હતા. આ ગીત તેમના વગર બીજાં કોઈ પણ શીખી શકયાં જ નહિ. આ એક લાખ ચુંમાળીસ હજાર તેઓ ઈસ્રાએલનાં બાર કુળોમાંના બાર બાર હજાર હતા. સતાવણીના પ્રથમ તબક્કામાં બચાવાયેલા તેઓ એ હતા. આ વગર, સર્વ દેશોમાંથી આવેલા, સર્વકુળના, લોકના તથા ભાષાના કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા, તેઓ રાજ્યાસન આગળ હલવાનની આગળ ઊભા હતા. તેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા હતા; અને તેઓના હાથમાં ખજૂરીઓની ડાળીઓ હતી; તેઓ મોટે સાદે ગાતા હતા. આ સર્વ સતાવણીના વિપત્તી કાળમાં દેવને વળગી રહેનારા હતા. (પ્રકટી. ૭ : ૯–૧૭) શું તમે દેવની સ્તુતિનું ગીત ગાઈ શકો છો ?

પ્રકરણ ૧૨

# હજાર વર્ષ પૂરાં થયાં

ઈસુ ખ્રિસ્તનાં આ હજાર વર્ષના રાજ્યમાં સઘળાં સુખ અને સગવડ હતાં. આનંદ અને શાંતિની પરાકાષ્ટા હતી. પ્રત્યેક મનુષ્ય જાણે આ સુખ અને સગવડમાં બંધાઈ ગયાં હોય તેમ તેમને માટે આ આનંદ ભોગવવા સિવાય બીજી કોઈ પસંદગી હતી જ નહિ. પ્રભુ ઈસુની એક જ આણ પ્રવર્તતી હતી.

મનુષ્ય માત્રને તેની પોતાની આગવી સ્વેચ્છા અપાયેલી છે. પરંતુ અહીં તો સર્વને એક જ પ્રવાહમાં તણાવાનું હતું. એટલે પોતાની આગવી સ્વેચ્છા કામ લાગે તેમ નહોતી. વળી માનવીની સ્વેચ્છા હમેશાં ઓથ શોધે છે. તેમ જ આવો ટેકો તેનામાં વિશ્વાસ પેદા કરે તેવો મજબૂત હોય તેમ પણ તે ઇચ્છે.

માનવી તેની ઉત્પત્તિથી આજ સુધી પોતાની સ્વેચ્છા પર મદાર રાખતું આવ્યું છે. શેતાન જેને આ જગતનું રાજ્ય જોઈતું હતું, તે હમેશાં માનવીને ભમાવતો રહ્યો અને માનવજાત તેની મોહ માયાજાળમાં તેની પાછળ ખેંચાતી આવી હતી. અહીં આ રાજ્ય કાળમાં શેતાન હતો નહિ. તેને તો ઈસુ પ્રભુએ ઊંડાણના ખાડામાં પૂરી કેદ કર્યો હતો. એટલે માણસ માટે બીજી કોઈ પસંદગી હતી જ નહિ.

**શેતાન છૂટો કરાયો :**

ત્યારે હવે, એકધારાં આનંદ–પ્રમોદનાં હજાર વર્ષ કિલ્લોલ કરતાં પૂરાં થયાં. શેતાનને ઊંડાણના ખાડામાંથી બહાર કાઢી થોડી

વાર માટે છૂટો મુકાયો. દશ સૈકાંઓથી એકલો અટુલો અને લોઢાની સાંકળોથી બંધાયેલો, પૃથ્વીના ઊંડા પેટાળે પૂરી રખાયેલો શેતાન ધૂંવાંપૂંવાં થયો હતો. જગતના રાજા અને પ્રભુ બનવાનાં તેનાં સ્વપ્ન તૂટી ગયાં, એ હારથી તે અતિશય વિકૃત અને ઝેરીલો બન્યો હતો. છૂટો મુકાતાં વેંત જ તેણે સીધો માનવજાતનો સાથ સાધ્યો. માનવીની સ્વેચ્છાની કસોટી થઈ. સ્વેચ્છા સળવળી. તેણે શેતાન તરફ વળાંક લીધો. શેતાને પૃથ્વીની ચારે દિશા અને છેડાઓ સુધી ભમી વળીને લોકોને ફરી દેવની વિરૂદ્ધ એકઠા કર્યા. તેઓ દરિયાની રેતી જેટલા હતા. આખી પૃથ્વી પર તેમની ખ્રિસ્ત વિરોધી હિલચાલ ચાલુ થઈ. હજાર વર્ષનાં સુખચેન, આનંદ અને આશીર્વાદ સહેજમાં ભુલાઈ ગયાં. અરે માનવી, તારો સ્વભાવ! તારું નગુણાપણું!

શેતાને, તેઓને એકઠા કરી પ્રભુ ઈસુ રાજા સામે બળવો જગાડ્યો. ત્યારે પણ પ્રભુ ઈસુ પ્રત્યે વફાદાર અને ખરેખર જેઓ નવો જન્મ પામેલાં, એવાં વિશ્વાસુઓ અને સંતોની છાવણીઓને તેમ જ પવિત્ર નગર યરૂશાલેમને, આ બળવાખોરોએ ઘેરો ઘાલ્યો. (પ્રકટી. ૨૦ : ૭–૧૦).

શેતાનની તેમ જ માનવીની સ્વેચ્છાની આ છેલ્લી અને આખરી કસોટી હતી. પાછલાં છ હજાર વર્ષોમાં ઘણી વાર તેઓ ફાવ્યા હતા. પરંતુ આ વખતે તો આકાશમાંથી અગ્નિ ઊતર્યો, અને શેતાનના પક્ષના સઘળા અધર્મીનો બાળીને સંહાર કર્યો. તેમ જ શેતાનને આગ તથા ગંધકથી બળતી ખાઈમાં નાખી દેવાયો, જ્યાંથી ફરી કદી તે બહાર આવી શકે નહિ. અગ્નિ કદી પણ હોલવાય જ નહિ.

હવે કોઈ જ, ના એક પણ, અધર્મી રહ્યું નહિ. સર્વ જે રહ્યાં તે એક જ મનમાં, અને ચિત્તનાં, એક જ ટોળું અને એક જ પાળક બન્યા.

"જુઓ, દેવનો મંડપ માણસોની સાથે છે. દેવ તેઓની સાથે વાસો કરશે. તેઓ તેના લોકો થશે; દેવ પોતે તેઓની સાથે રહીને તેઓનો દેવ થશે." (પ્રકટી. ૨૧ : ૩)

જગત ઉત્પન્ન થયું અને આદમ હવાનું પતન થયું, ત્યારથી હમણાં સુધી માનવના ઉદ્ધાર માટે દેવના અગાધ પ્રયત્નો થતા આવ્યા તેમ જ દેવ પુત્ર ઈસુ ખ્રિસ્તના અજોડ–અકલ્પ્ય–અકથ્ય એવા સ્વાર્પણ અને બલિદાન, તેમની યોજનાઓ અને મનોરથો એ સર્વ અહીં ફળીભૂત થયાં. કેવો મહાન વિજય! કેવો અજોડ અંત!

**બીજું પુનરૂત્થાન :**

ઈસુ ખ્રિસ્તના અંતરીક્ષમાં પુનરાગમન થતાં સુધીમાં જેઓ પ્રભુમાં ઊંઘી ગયેલાં; તેઓ સર્વ ઊઠયાં અને રૂપાંતર પામી અંતરીક્ષમાં ઈસુ ખ્રિસ્તને મળવા તણાઈ ગયેલાં, એ પ્રથમ પુનરૂત્થાન હતું. તે ધન્ય હતું; કેમ કે તેમાં ઉત્થાન પામનારાં પ્રભુની સંગતમાં જનારાં હતાં.

હવે આ ૧૦૦૦ વર્ષ પછી બીજું પુનરૂત્થાન થયું. જેઓ પ્રથમ પુનરૂત્થાનમાં પડતાં મુકાયાં તેઓ સર્વ અને આજ સુધીનાં બધાં જ આ બીજા પુનરૂત્થાનમાં ઊઠશે. તેઓને સીધાં જ દેવના શ્વેત રાજ્યાસન આગળ પોતાની કરણીઓના જવાબ આપવા હાજર કરાશે.

માણસ પોતાની કરણીમાં અધૂરું અને ભૂલ કરતું જ રહ્યું છે. માણસ કદી કરણીઓથી ન્યાયી ઠરી શકે જ નહિ; કેમ કે માણસ ભૂલ કરનાર છે. વિચાર–વાણી અને વર્તનમાં કયાંક અધૂરું રહે છે જ. માનવીનું હૃદય સહુથી કપટી છે, તે અતિશય ભૂંડું છે; તેને કોણ જાણી શકે? (યિર્મે. ૧૭ : ૯) વળી માનવી પોતે જ પોતાના હૃદયને

ઓળખી શકતું નથી. એટલે તે કબૂલ કરે છે કે "અમારાં સર્વ પૂણ્ય કર્મ મેલાં લૂગડાં જેવાં છે." (યશા. ૬૪ : ૬) "તેઓમાંનો જે સર્વોતમ ગણાય છે, તે ઝાંખરા જેવો છે; જે સૌથી પ્રમાણિક ગણાય છે, તે કાંટાની વાડ કરતાં નઠારો છે." (મિખાહ ૭ : ૪)

આવી પરિસ્થિતિમાં દેવના ન્યાયાસન આગળ કોણ ઊભું રહી શકે ? જો કે પ્રત્યેક માનવીને પૂરતી તક અને સમય અપાશે કે તે પોતાની વ્યાજબી રજૂઆત કરી શકે. ત્યારે તેને મૂસાના નિયમ-શાસ્ત્રના કાયદા કાનૂનો અગર ધર્મના સિદ્ધાંતો–વિધિઓ તેમ જ ધર્મશાસ્ત્રના મર્મો અને અર્થઘટનો વિષે દલીલો કરવા કરતાં; રોજિંદા જીવનના સીધા અને સાદા વ્યવહારુપણામાં તે કેટલાં અધૂરાં અને નાકામયાબ નીવડયાં છે, તે જ તેમને ગુનેગાર ઠરાવશે. જુઓ.

"ઓ શાપિતો, જે સર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ. કેમ કે હું ભૂખ્યો હતો, પણ તમે મને ખવડાવ્યું નહિ; હું તરસ્યો હતો, પણ તમે મને પાણી પાયું નહિ; હું પારકો હતો, પણ તમે મને પરોણો રાખ્યો નહિ; નાગો હતો, પણ તમે મને વસ્ત્ર પહેરાવ્યું નહિ. માંદો તથા કેદમાં હતો, પણ તમે મારી ખબર લીધી નહિં. ત્યારે તેઓ તેને ઉત્તર દેશે કે પ્રભુ કયારે અમે તને ભૂખ્યો કે તરસ્યો, કે પારકો કે નાગો કે માંદો કે કેદમાં દેખીને તારી સેવા નહિ કરી ? ત્યારે તે તેઓને ઉત્તર દેશે, હું તમને ખચીત કહું છું કે આ બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું નહિ; એટલે તે મને કર્યું નહિ. અને તેઓ સર્વકાલિક શાસનમાં જશે." (માત્થી ૨૫ : ૪૧–૪૬) તેઓ તેમની કરણીઓ પ્રમાણે અગ્નિખાઈમાં નાંખી દેવાયાં. જ્યાં સર્વકાળ રડવું તથા દાંત પીસવું થશે. જ્યાં નરકાગ્નિ કદી હોલવાતો જ નથી, અને કીડો કદી મરતો નથી.

શું આવા રોજના વ્યવહારૂ જીવનમાં તમે અધૂરાં છો? તમારા જ લાભ માટે, તમારા જ ઘરઆંગણે, કેટલી બધી તક આપી છે. પાણીનો એક પ્યાલો માત્ર, તમારા માટે કેવો લાભદાયક બનશે. શું આ નાની સેવાઓ દ્વારા મોટો લાભ પ્રાપ્ત નથી કરવો?

**માનચાંદ – લહાણી :**

ત્યારે બહુ અગાઉ પીત્તરે જે સવાલ ઈસુને કરેલો કે, 'જો અમે બધું મૂકીને તારી પાછળ આવ્યા છીએ, તો અમને શું મળશે?' (માત્થી ૧૯ : ૨૭) એ જ વાત, એ જ સવાલ, કદાપી ઈસુ રાજાની આસપાસ ટોળે વળેલાં દરેકના મનમાં ઘોળાતાં હશે. દરેકને ઇનામ મેળવવાની ઇંતેજારી અને તાલાવેલી થતી હશે.

જીવનના પુસ્તકમાં જે કોઈ નોંધાયેલું માલૂમ પડયું નહિ તે સર્વને તો અગ્નિ ખાઈમાં નાંખી દીધાં. તેમને માટે આ એક જ સજા હતી. એમાં કોઇ ચઢતી કે ઊતરતી નથી. વધારે માર્કથી નાપાસ થનાર અને થોડાક જ માર્ક માટે નાપાસ થનાર, બન્ને નાપાસ જ ગણાય છે.

પરંતુ પાસ થનાર—જીતનારમાં જરૂર ફરક ગણાય છે. ઝળહળતી રીતે પ્રથમ કક્ષામાં પાસ થનાર અને માંડ માંડ પાસ થનારમાં સ્પષ્ટ અંતર દેખાય છે.

એમ જ હવે જેઓ બચેલાં—જીતેલાં—દેવના મંડપમાં રહેનાર બન્યાં છે, તેઓને પણ તેમની જીત પ્રમાણે જુદાં જુદાં માન—ચાંદ— અને બદલા વહેંચાયા. ત્યારે સૌ સૌનાં તેજ—રૂપ—ગૌરવ, તેમની કરણીઓ અને જીત પ્રમાણે નોખાં દેખાશે. "સૂર્યનું તેજ જુદું, અને ચંદ્રનું તેજ જુદું અને તારાઓનું જુદું, કેમ કે તારા તારાના તેજમાં પણ ફેર હોય છે." (૧ કરંથી. ૧૫ : ૪૧; દાની. ૧૨ : ૩)

એટલા માટે જ સંત પાઉલ આ પૃથ્વી પરના જીવનથી જ સ્વર્ગીય ઇનામને વાસ્તે તૈયારી કરતો માલૂમ પડે છે. તે આપણા પ્રત્યેકનો નમૂનો બન્યો છે. "ખ્રિસ્ત ઈસુમાં, દેવના સ્વર્ગીય આમંત્રણના ઇનામને વાસ્તે નિશાનની ભણી આગળ ધસું છું." (ફીલી. ૩ : ૧૪)

આ ઇનામની ભવ્યતા અને આકર્ષણ તથા મૂલ્યાંકન એટલાં બધાં વિશેષ છે કે બીજાં બધાં વાનાં જે પછવાડે છે તેને ભૂલીને આગળ ને આગળ ધસવાની હિંમત-શક્તિ અને પ્રેરણા આપે છે.

જુઓ, દેવના વિશ્વાસીઓને માટે તેની પાસે કેવાં અદ્ભુત ઇનામો છે. "દરેકને તેની મહેનત પ્રમાણે બદલો મળશે." (૧ કરંથી. ૩ : ૮) જેઓ મરણપર્યંત વિશ્વાસુ અને વફાદાર રહે છે, તેઓને 'જીવનનો મુગટ' પહેરાવે છે અને અનંતકાળનાં તેઓ ભાગીદાર બને છે. (પ્રકટી. ૨ : ૧૦)

જેઓ પોતાના જીવનના અને તેમને અપાયેલાં તાલંતો, કૃપાદાનોના કારભારીપણામાં વિશ્વાસુ રહે છે. જીવનની દોડ સારી રીતે પૂરી કરે છે. તેમને દેવ 'ન્યાયીપણાનો મુગટ' એનાયત કરશે. (૨ તીમોથી ૪ : ૭-૮)

જેમને પાળક-અધ્યક્ષ તરીકેની ટોળાંને સાચવવા-પાળવાની સેવા સોંપાયેલી છે; અને તેમાં તેઓએ આદર્શ સાચવી સેવા કરી છે તેમને માટે 'મહિમાના મુગટ' જે કરમાઈ નહિ જનાર અગર ઝાંખા ન પડે તેવા, તેમને બહુમાન કરીને પહેરાવશે. (૧ પીતર ૫:૩-૪)

બુદ્ધિમાન અને નીતિમત્તા દેવના મનુષ્યોની પ્રભુ કેટલી બધી કદર કરે છે. તે તેમની મુલાકાત લે છે અને તેમને 'માન-શોભાનો મુગટ' બક્ષે છે. (ગીત. ૮ : ૫; નીતિ. ૪ : ૯)

પ્રત્યેક, દેવ પાસે આવનાર વ્યક્તિ અને વિશ્વાસથી આધીન થનારને માટે દેવ બહુ દયાળુ અને કૃપાળુ છે; તે તેમને 'કૃપા તથા રહેમનો મુગટ' પહેરાવે છે. (ગીત. ૧૦૩ : ૪)

દેવના મહિમાને સ્વીકારી આધીન થનાર પ્રત્યેકને તે 'સોનાના મુગટ' માથે મૂકે છે. (પ્રકટી. ૪ : ૪)

જેઓ સર્વ પ્રભુ ઈસુના બલિદાનને પોતાની મુક્તિના પાયારૂપ ગણી, એ વધસ્તંભ પરથી વહેલા રક્તમાં નાહીને પોતાને શુદ્ધ કર્યાં તેમને દેવ નવાં–ઉજળાં વસ્ત્રો પહેરાવી શણગારે છે. (પ્રકટી. ૭ : ૧૩-૧૪; લુક ૧૩ : ૨૯)

તારણ પામેલી પ્રત્યેક વ્યક્તિ ગમે તેટલી નાની હોય કે મોટી હોય, દરેકને તેમની કરણીઓ અને સેવાના પ્રમાણમાં બદલો ભરી આપવાની અઢળક સંપત્તિ અને સામગ્રી દેવ બાપના ભર્યા પૂર્યા ભંડારમાં રાખી મૂકેલી છે. કોઈપણ પોતાના ઇનામ વગર રહેશે નહિ.

આ ઇનામ વહેંચણીના મેળાવડામાં કેવો આનંદ થશે ! સૌ એકબીજાનાં ઇનામો અને તેમને મળેલા બદલાઓ જોતાં, તારીફ કરતાં, અને ગાદી પર બેઠેલા રાજા ઈસુનાં ગુણગાન ગાતાં અને મહાલતાં થાકશે નહિ. ઓહ ! કેવો આનંદ મેળો !

શું તમે જીતેલાંની હરોળમાં છો ?

## મિજબાની–જમણ :

આ માનચાંદ અને લહાણીના આનંદ મેળામાં કન્યા તો વરરાજાની પડખે જ રાજ્યાસન પર શોભાયમાન હતી. તેની શોભાનો તો કોઈ પાર ન હતો. તેનું નિખરતું રૂપ, ડાઘ અને કરચલી વગરતું; અને તેનાં તેજસ્વી–ચમકારા મારતાં વસ્ત્રો, સ્વચ્છ અને

બારીક રેશમનાં વસ્ત્રો તેના રૂપમાં અનેક ગણો વધારો કરતાં મહેક મહેક થતાં હતાં.

મહેમાનો, વડીલો, મિત્રો અને તેડાયેલાંની દઠ જામી અને સૌની અજાયબી અને વખાણનું કેન્દ્ર બનતી આ કન્યા અને વરરાજાની જોડી અદ્‌ભુત હતી. એકમેકની અનુરૂપ બેલડી દીપતી હતી.

વરરાજા તો દેવનો એકનો એક લાડકો પુત્ર અને વળી કેવો ગોરો અને લાલ ચોળ, દશ હજારમાં શિરોમણી એવો મનમોહક છે. (ગી. ગી. ૫ : ૧૦)

ત્યારે કન્યા વળી પ્રભાતના જેવી પ્રકાશિત ક્રાંતિવાળી, ચંદ્ર જેવી સુંદર, સૂર્ય જેવી ડાઘ વગરની; કુમારિકાઓ તો અસંખ્ય છે. પણ વરરાજાને ગમતી, મન માનીતી આજ કન્યા છે; તે પણ તેની માની એકની એક માનીતી છે. (ગી. ગી. ૬ : ૯–૨૦) વળી ઓફીરના સોનાથી શણગારાયેલી બહુ ગૌરવવાન છે. (ગીત. ૪૫)

આ કન્યા–મંડળી, તે પચાસમાના દિવસે પવિત્ર આત્મા ઊતર્યા પછીની, જે ખ્રિસ્તી મંડળી તે ઈસુ ખ્રિસ્તના પુનરાગમન સુધીના ગાળાની તે જ આ કન્યા છે. તેના સિવાય બીજા ઘણાં તારણ પામનારાં છે. જેમ કે પુરાતન કાળોથી દેવના પસંદ કરાયેલા વડીલો, યાજકો, પ્રબોધકો, સેવકો, સંતો; તદ્‌ઉપરાંત સતાવણીના સમયમાં બચાવાયેલા ઈસ્રાએલનાં બારકુળના એક લાખ ચુમાળીસ હજાર તથા સર્વ દેશના–કુળના–લોકના–ભાષાના કોઈથી ગણી ન શકાય તેટલાં જેઓએ સતાવણીમાં પ્રભુ ઈસુને પોતાનો તારનાર માન્યો અને શ્વાપદની છાપ લીધી નહિ; તેઓ સર્વ તારણનાં ભાગીદાર છે.

તેઓ સર્વ કેવાં શોભાયમાન અને ગૌરવી છે! આ બધાંની સાથે લગ્ન જમણની કેવી મઝા આવશે!

અધર્મ કે અધર્મી તો કોઈ રહ્યું જ નથી. માત્ર ધર્મી–તારણ પામેલાંઓનો જ આ માનમેળો અને તેમાં વળી પ્રત્યેક નામી અને અનામીને જોવાનો–મળવાનો–વાતો કરવાનો અદ્ભુત લહાવો; કેવો અકથનીય પ્રસંગ થશે!

એટલા માટે જ હલવાનના લગ્ન જમણમાં આવવાનું જેઓને આમંત્રણ આપવામાં આવ્યું છે તેઓને ધન્ય છે. (પ્રકટી. ૧૯ : ૯)

મિત્રો, તમને આમંત્રણ મોકલ્યાં છે, તમને મળ્યાં છે. હવે મિજબાની–મહેફીલમાં આવવાનું તમારા હાથમાં છે. બહાનું કાઢશો તો તમે જ લાભ ખોશો. (લુક ૧૪ : ૧૮–૨૦)

**સઘળું નવું :** (પ્રકટી. ૨૧)

પ્રથમના આકાશ તથા પૃથ્વી જતાં રહ્યાં. નવું આકાશ અને નવી પૃથ્વી બન્યાં. માનવીનાં શરીરોનું રૂપાંતર થયું. ગૌરવી પ્રકાશતાં બન્યાં. તેમના સ્વભાવ અને જીવનો બદલાઈ ગયાં. પાપની જડ સુદ્ધા કાઢી નંખાઈ; ત્યારે તેમને આકાશ તથા પૃથ્વી પણ નવાં જ જોઈએ ને! માટે તો રાજ્યાસન પર જે બેઠેલો છે, તેણે કહ્યું, કે "જુઓ, હું સઘળું નવું બનાવું છું."

પછી દેવના મહિમા સહિત ઊતરતું પવિત્ર નગર યરૂશાલેમ દેખાયું. આ નગરનું તેજ યાસપીસ જેવા અતિમૂલ્યવાન રત્ન જેવું ચળકતું ઝગારોળ હતું. વળી તે સ્ફટીક જેવું નિર્મળ હતું. તેના ઊંચા ઊંચા કોટ અને ચારે દિશામાં ત્રણ ત્રણ મોટા દરવાજા એમ કુલ બાર દરવાજા હતા. બધા જ દરવાજા જુદા જુદા હિરા–મોતીના

હતા. દરેક દરવાજા ઉપર ઈસ્રાએલનાં બાર કુળોનાં નામ લખાયાં હતા. દરેક દરવાજાનું રક્ષણ કરવા એક એક દેવદૂત ઊભેલો હતો.

નગરના કોટના પાયા પર પ્રભુ ઈસુના બાર પ્રેરિતોનાં નામના પથ્થરો હતા. આ આખા નગરનું માપ લંબાઈ–પહોળાઈ અને ઉંચાઈમાં ૧૫૦૦ માઈલ એવું એક સરખું હતું. એટલે કે ૧૫૦૦ માઈલનો એક ઘન જેટલું કદ હતું. નગરનો ચોતરફનો કોટ યાસપીસના ચણતરનો હતો. આખું નગર પારદર્શક કાચ જેવું ચોકખા સોનાનું બનેલું હતું. નગરના રસ્તા તો નર્યાં ચોકખા સોનાના હતા. આખા નગરમાં ક્યાંય મંદિર હતું નહિ. મંદિરમાં પ્રભુભજન કરવાનું હોય; અહીં તો પ્રભુ પોતે જ લોકોની સાથે હતો પછી મંદિરની જરૂર જ ક્યાં હતી.

સૂર્ય કે ચંદ્ર પણ નહોતા. દેવ પોતે જ પ્રકાશ છે, એટલે બીજા પ્રકાશની જરૂર જ નહોતી. અહીં રાત કદી પડશે જ નહિ. શોક–રૂદન, દુઃખ કે દરદ ફરી કદી થનાર નથી. મરણ થશે જ નહિ.

પૃથ્વીની સર્વ પ્રજાઓનું ગૌરવ અને કિર્તી તેજ આ નગરમાં વસશે. અશુદ્ધ નામે ત્યાં હશે નહિ. માત્ર જેઓનાં નામ હલવાનના જીવનના પુસ્તકમાં લખેલાં તેઓ જ આ નગરમાં પ્રવેશ પામશે. તેઓ જ તેના નાગરિક બનશે.

આ જગતના મહિમામાં મહાલનારાં, તમે આ જોયુ ? પ્રભુ ઈસુએ સ્વર્ગારોહણ અગાઉ કહેલું કે "હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું... હું પાછો આવીશ અને તમને મારી પાસે લઈ જઈશ" (યોહાન ૧૪ : ૨) ત્યારે, કદી યે વિચાર આવેલો કે તમારા રહેઠાણનું નગર આવું ભવ્ય અને આટલું બધું ગૌરવી હશે ?

અમેરિકામાં વસવાટ કરવાની લોકોની તાલાવેલી અને પ્રયત્નો

હું જાણું છું. પણ નવા યરૂશાલેમમાં વસવા, તેના નાગરિક બનવા તમે નોંધાયા છો ?

હજી થોડો સમય છે. બહુ ઓછો, ગણતરીનો જ સમય રહ્યો છે. પ્રભુ ઈસુની નજર તમારા પર જ છે કે તમે આ નગરના નાગરિક બનો. શા માટે ? કેમ કે દેવની નજરમાં તમે મૂલ્યવાન છો. તે તમને માનની દૃષ્ટિથી જુએ છે. તે તમારું નામ દઈને બોલાવે છે, કેમ કે તે તમારા પર પ્રેમ કરે છે. તમે તેનાં છો.

દેવે અનેક રીતે આજ સુધી તમારું રક્ષણ કર્યું. સંભાળ લીધી. તે શા માટે ? એટલા જ માટે કે તમે તેનાં બનો. (યશા. ૪૩ : ૧–૭)

મિત્રો, આ સઘળી બાબતો વિષે જાણ કરાવતાં દેવનાં વચનો જે તેના પ્રિય શિષ્ય યોહાન મારફતે આપણને આપવામાં આવ્યાં છે; એ પ્રકટીકરણનાં વચનો કેવાં મૂલ્યવાન છે ! માટે તો જે કોઈ આ વચનો વાંચે છે, અને સાંભળે છે, તથા પાળે છે, તેમને માટે કેવી મોટી ધન્યતા છે ! તેમ જ એ વચનોમાં વધારો કરનારાં અગર તેમાંથી ઘટાડો કરનારાં માટે કેવી ગંભીર ચેતવણી પણ આપી છે ! એ બધા ઉપરથી આ વચનોનું મૂલ્ય અને મહત્ત્વ કેટલું બધું છે તે પણ જણાવાયું છે.

દાનીએલના પુસ્તકમાંના ભવિષ્યકથનો–સંદર્શનો અને મર્મો વિષે સ્પષ્ટતા છે કે અંતના સમય સુધી એ વાતો બંધ તથા મુદ્રિત કરવામાં આવે. (દાની. ૧૨ : ૯) અહીં બહુ સ્પષ્ટ છે કે અંતના સમય સુધી બંધ રાખવામાં આવે. હવે તો તે પણ ખુલ્લાં છે. કારણ આપણે અંતના સમયમાં હવે છીએ.

પ્રકટીકરણની વાતો તો ખુલ્લી જ છે. તેમ છતાં ઘણાં ખ્રિસ્તીઓ

આજે પણ પુસ્તકોનો ભાગ્યે જ ઉપયોગ કરે છે. એ વચનો કઠણ અને સમજવાં અઘરાં છે એમ દલીલ કરે છે.

'ગીતોનું ગીત' જે ઈસુ ખ્રિસ્ત તથા કન્યા–મંડળીના પ્રેમનું ગીત છે, તે વાંચવાની પણ મના કરાય છે.

આપણી ભજન સેવાઓમાં પણ પાળકો આ પુસ્તકોનો બહુ ઓછો ઉપયોગ કરે છે. આપણાં બોધાસન પરથી આ પુસ્તકોમાંની વાતો, મર્મો અને અંતના સમયો વિષે, તેમ જ પ્રભુ ઈસુના આગમન વિષે શિક્ષણ આપવા બહુ શુષ્ક અને શાંત દેખાય છે. શા માટે ?

અત્યારે તો આ વચનો વિષે જ જાણવા અને સમજવાની વધારે જરૂર છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની ધન્ય આશા એ તો મંડળી માટે મોટામાં મોટી આશા છે. એ આશામાં જ મંડળી જીવે છે, અને આગળ વધે છે. ત્યારે એ ધન્ય ઘડી અને ધન્ય ત્રાતા, ક્યારે, ક્યાંથી, કેવી રીતે આવશે ? આવશે ત્યારે શું શું બનશે ? શું લઈને આવશે ? એ સર્વ વિગતો મંડળીએ ખૂબ જાણવા અને શિખવાની આવશ્યકતા છે, અને ત્યારે જ મંડળીને તૈયાર થવાની તમન્ના અને ધગશ જાગે.

હેબ્રીઓને પત્ર લખતાં સંત પાઉલ ભર્યા હૃદયે નિસાસા નાખે છે કે, "આટલા વખતમાં તો તમારે ઉપદેશકો થવું જોઈતું હતું; પણ અત્યારે તો દેવનાં વચનોનાં મૂળ તત્વો શાં છે, એ કોઈ તમને ફરી શીખવે એવી અગત્ય છે, અને જેઓને દૂધની અગત્ય હોય, ને ભારે ખોરાકની નહિ, એવા તમે થયા છો. કેમ કે જે કોઈ દૂધ પીએ છે, તે ન્યાયીપણા સંબંધી બિન અનુભવી છે; કેમ કે તે બાળક જ છે. પણ જેઓ પુખ્ત ઉંમરના છે, એટલે જેઓની

ઇન્દ્રિયો ખરું ખોટું પારખવામાં કેળવાયેલી છે, તેઓને સારુ ભારે ખોરાક છે." (હેબ્રી. ૫ : ૧૨–૧૪)

ખ્રિસ્તી મંડળીના વિકાસ માટે દેવનાં વચનોના ભારે ખોરાકની જરૂર છે. ઉત્તમ ઘેટાંપાળક, "તે લીલાં બીડમાં મને સુવાડે છે; તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે. તે મારા આત્માને તાજો કરે છે; પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે" (ગીત. ૨૩ : ૨–૩) અને ત્યારે જ "નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા મારી સાથે આવશે; અને હું સદાકાળ સુધી યહોવાહના ઘરમાં રહીશ." (ગીત. ૨૩ : ૬)

દેવના, માણસજાત માટે કેવા અદ્‌ભુત અને અજાયબ પ્રબંધો છે, જે તેણે પોતાના વિશ્વાસુ સેવકો મારફતે આ પુસ્તકો અને દેવનાં વચનો આપણને આપ્યાં કે જેથી દેવનો ભક્ત, સંપૂર્ણ તથા સર્વ સારાં કામ કરવાને તૈયાર થાય.

આપણા તારનાર, પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણે સારુ જગા તૈયાર કરી છે અને તે કહે છે, "હું થોડીવારમાં આવું છું."

હે પ્રભુ ઈસુ, વહેલો આવ. આમેન.

ત્યારે, "રે સઘળા દેશો, યહોવાહની આગળ જયજયકાર કરો. આનંદથી યહોવાહની સેવા કરો; ગાતાં ગાતાં તેની આગળ આવો. યહોવાહ તે જ દેવ છે, એમ તમે માનો; તેણે આપણને ઉત્પન્ન કર્યાં છે. અને આપણે તેનાં જ છીએ. આપણે તેના લોક તથા તેના ચારાનાં મેંઢા છીએ. આભાર માનતાં માનતાં તેની ભાગળોમાં, અને સ્તવન કરતાં તેના આંગણામાં આવો. તેના ઉપકાર માનીને તેના નામને ધન્યવાદ આપો. કેમ કે યહોવાહ ઉત્તમ છે; તેની કૃપા સર્વકાળ અને તેની સત્યતા પેઢી દર પેઢી ટકી રહે છે." (ગીત. ૧૦૦) અને હું તો ગાઈશ.

"આકાશમાં મારો છે મુકામ, મને તો છે ખાતરી.

ત્યાં નોંધાયું છે મારું નામ, ને મુક્તિ છે મારી…" હાલેલૂયાહ મિત્રો, આજ જો તમે તેની (ઈસુની) વાણી સાંભળો, તો તમે તમારાં હૃદયોને કઠણ કરો મા. "ગુરુ આવ્યો છે અને તને બોલાવે છે." (યોહાન ૧૧ : ૨૮)

**અંતમાંથી અનંત :**

અસ્તવ્યસ્ત તથા ખાલી પૃથ્વીને દેવે વ્યવસ્થિત અને ભરપૂર બનાવી. શૂન્યમાંથી સર્જન કર્યું. વિનાશની શુષ્કતામાં જીવન ધબકતું કર્યું. બ્રહ્માંડ અને જગતનાં ફરી મંડાણ મંડાયાં. પૃથ્વીનું પરિક્રમણ ફરતું થયું. ત્યારે પૃથ્વીની પાછળ પડેલું પાપ ફરી પાછું પ્રવેશ્યું. એદનવાડીમાં મરણે મંડાણ માંડ્યાં. માનવજાત અને જગતમાંના સર્વમાં મરણે રાજ કર્યું. માનવીના પાપનો એ બદલો મળ્યો. મરણે માનવીના શરીર, પ્રાણ અને આત્મા ત્રણે પર પોતાનો કબજો કર્યો.

ત્યારે દેવે જગત પર એટલી બધી દયા કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો જગતમાં મોકલ્યો. નિર્દોષ–નિષ્કલંક–નિરંજન એવા દેવપુત્રે પાપને પડકાર કર્યો.

એદનવાડીમાં પાપે પ્રવેશ કર્યો. નાઓથની વાડીમાં પાપ પરાકાષ્ટાએ પહોંચ્યું. ગેથસેમાને વાડીમાં દેવપુત્રે પાપનું પ્રાયશ્ચિત કર્યું. વધસ્તંભના મરણ સુધી આધીન થયો. એ વધસ્થંભ પરના મરણ દ્વારા પાપના પ્રણેતા શેતાનનું માથું કચર્યું. આરીમથાઈના યુસફની વાડીમાં મરણમાંથી ઉત્થાન પામ્યો. એમ નવું જીવન પાંગર્યું.

એ દેવ પુત્ર–ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીને માનવીએ જીવન મેળવ્યું. ખોવાયેલા–ભૂલાં પડેલાં માનવીને રસ્તો જડયો. અસત્યોમાં અટવાતાને સત્ય પ્રાપ્ત થયું; અને મરેલા માનવીએ જીવન જોયું.

આ શુભ પરિવર્તનના સમાચાર ચારે દિશામાં ઘૂમી વળ્યા, અને જગતને ઉથલપાથલ કરી નાખ્યું.

અંધારા અને અજવાળાનું-મરણ અને જીવનનું-દેવ અને દાનવનું આ યુદ્ધ હતું. દાનવ, દુનિયાનો અધિપતિ અને બળિયો છે. ત્યારે દેવ, સઘળી ઉત્પત્તિનો પ્રભુ અને મહાબળિયો છે. "કેમ કે જગતમાં જે છે તેના કરતાં તમારામાં જે છે તે મોટો છે." (૧ યોહાન ૪ : ૪) "હિંમત રાખો, જગતને મેં જીત્યું છે." (યોહાન ૧૬ : ૩૩) તે વિજેતા છે.

ત્યારે મરણ જયમાં ગરક થઈ ગયું. અરે મરણ, તારો જય ક્યાં ? અરે મરણ, તારો ડંખ ક્યાં ? આ છેલ્લો શત્રુ નાશ પામશે તે મરણ છે. અંતનો અંત આવ્યો...... દેવ, જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને જય આપે છે; તેને ધન્યવાદ હો.

હવે વિનાશીએ અવિનાશીપણું ધારણ કર્યું. મૃત્યુએ અમરપણું પ્રાપ્ત કર્યું. સર્વ પ્રકારના અંતનું અનંતમાં વિલીનીકરણ થયું. અનાદિ અનંતની દિશાઓ દિગંતથી દિગંત સુધી ઊઘડી ગઈ.

એ મહા પ્રભુની સ્તુતિ થાઓ. એ એકલા જ પ્રભુઓના પ્રભુ, દેવોના દેવ અને રાજાઓના રાજાને કોટીવાર વંદન હો...... "કેમ કે રાજ્ય તના પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે."

— આમેન અને આમેન

જ્યારે હવે ગૌરવવાન રાજા, પ્રભુ ઈસુ ખ્રિસ્તના આવવાના ભણકારા વાગી રહ્યા છે. પવિત્રશાસ્ત્ર બાઇબલમાં આપેલાં ચિન્હો અને એંધાણીઓ સર્વ ચોક્સ બનતાં અને પુરવાર થતાં સ્પષ્ટ જોવાય છે; ત્યારે માનવી ભાન ભૂલીને ભટકી રહ્યું છે. વહી જતા સમયમાં કેવું અથડાઈ રહ્યું છે; તેનું લેખકે કાવ્ય ચિત્ર અહીં રજૂ કર્યું છે......

વખત વહ્યો,
તાપ તપ્યો,
સાગર હિલોળે ચઢયો,
ઘમંડમાં ઘૂઘવ્યો, પાણી ડહોળાયાં.
મન મંદિર મલકયું,
સંસારના ચળકાટમાં ચમકયું...
જગત કીચડમાં મેલું થયું.
અરે, આ શું થયું ?
સમય આગળ વધ્યો,
બેભાનનું ભાન થયું;
મંદિરને મન પાછું મળ્યું,
વિચાર્યું વિરામી વિરમવા.
કિંતુ ફરી વા વંટોળ શાનો ?
અતિ ભાનમાં ભાન ના રહ્યું,
શું વિચાર્યું... શું થયું...
કયારે થયું... કેમ થયું ?
ભાન બેભાન થયું.
મંદિર મૂકી મન ગયું,
સૂર્ય આથમવા ગયો,
સાગર શાંત થયો,
પંખી માળે ફર્યાં,
સંધ્યાનાં કિરણો કહી ગયાં
સૌ પાછાં ફરો મદ મૂકો,
મંદિર મૂકીને મનડાં કયાં ભટકશો ?

વ્યક્તિગત જીવનોની આવી પરિસ્થિતિ ચોતરફ બનતી રહી છે, ત્યારે સામૂહિક જગત જીવન ક્યાં છે? કેવાં છે? તેનું પણ શબ્દ ચિત્ર કાવ્ય દ્વારા લેખક પ્રગટ કરે છે ... .

નથી સમજાતું કે આ શાનો
સનેપાત જગત તને થયો ?
ઘણું જોયું, વિવિધ વિચાર્યું
જડી ના એકે જગા લડાઈ વિહોણી
ખૂણે દેખ્યાં પતિ પત્ની ઝગડતાં,
ખેતર માંહે ભાઈ-ભાઈ ઘૂરકતા;
સાસુ વહુ સાથે સમાતાં,
કિંતુ ના એકબીજાનું ખમાતાં...
ભાઈ ભાઈના લાડ ભૂલ્યા
ભાન ભૂલો વેરી બન્યા.
દિલોજાન દોસ્તની જોડી,
કોના અને કયા વાંકથી એ તૂટી...
સેવા ધ્યેય તણા પક્ષો તૂટયા,
ધર્મને નામે ધૂરંધરો લડયા,
રાજ્યો લડયાં, પ્રજા લડી,
કુટુંબો તૂટ્યાં, ન્યાત જાત તૂટયાં...
ખેતર ને ખોરડાં ખુંદાયાં,
ગામ ને ગોંદરા ગુંદાયાં,
તોય ના વેર-ઝેર મુંઝાયા;
કોને શું મળ્યું ? કેટલું મળ્યું ?
જગત આખું લડાઈના ભડકે બળ્યું.
કોણે કહ્યું મરકટ મટી આ માનવી થયું ?
હું કહું છું માનવી મરકટ બન્યું છે.
જર-જોરનો નશો...મરકટને મદિરા મળ્યો,
માનવી લડાઈના મદે ચઢયો.........
નથી સમજાતું કે આ શાનો
સનેપાત જગત તને થયો ?

## લેખકનાં પ્રકાશનો


૧ ખ્રિસ્તી પ્રયત્ન વર્ધક મંડળનું બંધારણ (અંગ્રેજી ઉપરથી)
૨ માનવ અને મોક્ષ
૩ સ્વર્ગ ઉઘડયું રે લોલ
૪ ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન

બીજા તૈયાર પુસ્તકો...

૧ પ્રભુ ઈસુનું જીવન ચરિત્ર
૨ નગડાનાં ફુલ (પદ્ય)
૩ રણનાં ઝરણાં (૩૬૫ દૈનિક મનન)
૪ ઈસ્રાએલના પ્રવાસ વર્ણન
૫ આતમનાં ઓસડ
૬ જીવનનાં જળ
૭ દેવના દિવા
૮ પહાડોમાં ગીત ગુંજ્યાં
૯ મનન અને મંથન



મુદ્રક : કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ.